પ્રકાશકીય

ભગવાન શ્રી મહાવીર ૨૫૦૦ મા નિર્વાણ-મહોત્સવ વર્ષમાં 'તીર્થંકર મહાવીર ઔર ઉનકા સર્વોદય તીર્થ' નામક પુસ્તક હિંદી ભાષામાં પ્રસિદ્ધ થયું છે. તેના લેખક પ્રસિદ્ધ લોકપ્રિય અધ્યાત્મ-પ્રવક્તા પં. ડૉ. શ્રી હુકમચંદજી ભારિલ્લ શાસ્ત્રી, ન્યાયતીર્થ, એમ. એ. પીએચ. ડી. જયપુર છે. પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર દ્વારા એક વર્ષમાં ચાર સંસ્કરણો દ્વારા તેની ૪૦,૦૦૦ પ્રતિઓ પ્રસિદ્ધ થઈ ચૂકી છે. તે પુસ્તકનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રથમ વાર જ પ્રકાશિત કરતાં અતિ આનંદ થાય છે.

લેખક દ્વારા લિખિત 'તીર્થંકર મહાવીર' અને 'અપનેકો પહચાનિએ' એ બે પુસ્તકોનો ગુજરાતી અનુવાદ તો પ્રકાશિત થઈ ચૂકયો છે. તદુપરાંત 'તીર્થંકર મહાવીર' નામની લઘુપુસ્તિકા તો સાત ભાષામાં ત્રણ લાખથી અધિક પ્રકાશિત થઈ ચૂકી છે. વળી, 'તીર્થંકર મહાવીર ઔર ઉનકા સર્વોદય તીર્થ' નામક પુસ્તકની પાંચ-પાંચ હજાર પ્રત મરાઠી અને કન્નડ ભાષામાં છપાય છે.

આ રીતે લેખક દ્વારા લિખિત બાલોપયોગી સાહિત્ય સહિત છ વર્ષ જેટલા અલ્પકાળમાં લગભગ છ લાખ પુસ્તકોનું પ્રકાશન થઈ ગયું છે. વળી જૈનધર્મનું વૈજ્ઞાનિક ઢબે શિક્ષણ આપવા માટે તેમના દ્વારા આજ સુધીમાં લગભગ ૧૨૦૦ શિક્ષકો પ્રશિક્ષિત થયા છે.

આવા લોકપ્રિય લેખકના આ પુસ્તકને પ્રસિદ્ધ કરતાં ડૉ. શ્રી હુકમચંદજી ભારિલ્લનો આભાર માનતાં ગૌરવ અનુભવીએ છીએ.

શુદ્ધાત્માનુભવી પરમ પૂજ્ય શ્રી કાનજીસ્વામીના સત્સમાગમે તથા તેઓશ્રીનાં પ્રવચનોથી પ્રેરણા પામીને સદ્ધર્મપ્રેમી ભાઈશ્રી રમણલાલ માણેકલાલ શાહ [ખાનપુર (હાલ પાટણ)વાળા] બી. એસસી. (ઑનર્સ) બી. ટી.એ અતિ ખંત અને ઉત્સાહથી તથા તદ્દન નિઃસ્પૃહભાવે આ ગુજરાતી અનુવાદ કરી આપ્યો છે. તેઓશ્રી

પ્રસ્તાવના

ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ-મહોત્સવ અંતર્ગત શ્રી. પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર દ્વારા હિંદી ભાષામાં પ્રકાશિત કરવામાં આવેલી આ રચના 'તીર્થંકર મહાવીર અને તેમનું સર્વોદય તીર્થ' ભગવાન મહાવીરના જીવન અને એમના સિદ્ધાંતો સંબંધી જિજ્ઞાસુ પાઠકો માટે ખૂબ ઉપયોગી છે એટલું જ નહીં, તત્ત્વજ્ઞાનના રસિક જીવો માટે પણ એ એટલું જ ઉપયોગી છે.

ગ્રંથનું પ્રતિપાદ્ય

આ નાનકડી રચના બે ખંડોમાં વહેંચાયેલી છે. પ્રથમ ખંડમાં ભગવાન મહાવીરનો જીવ અનાદિ મિથ્યાત્વ અવસ્થાનો ત્યાગ કરી, કેવી રીતે સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થયો–તેનું પુરુરવા ભીલના ભવથી માંડીને સમ્યક્ત્વ-પ્રાપ્ત સિંહની અવસ્થા સહિત તીર્થંકર ભગવાન મહાવીર અને સિદ્ધ ભગવાન મહાવીર સુધીનું સુંદર તાદૃશ વર્ણન કરવામાં આવેલું છે. સાથે સાથે ભગવાન મહાવીર જે પરંપરામાં તીર્થંકર થયા એ તીર્થંકર પરંપરાનું દિગ્દર્શન કરાવી જૈન પરંપરાની અસલિયત અને અનાદિ–અનંતપણાની સહજ સિદ્ધિ આ ખંડમાં પ્રસ્ફુટ કરવામાં આવી છે. બાળક વર્ધમાનમાં જે સહજ પ્રાપ્ત વિવેક, ગાંભીર્ય, વીરત્વ, વૈરાગ્ય અને અસાધારણ બુદ્ધિમત્તા હતાં તેનું સુરેખ સુંદર ચિત્ર ખેંચી, દર્શન કરાવવામાં આવ્યું છે. બાળક વર્ધમાનનાં જ્ઞાન અને વૈરાગ્ય યૌવનાવસ્થા પ્રાપ્ત થતાં ખૂબ પુષ્ટ થયાં અને ત્રીસ વર્ષની યુવાવસ્થામાં જ તેઓએ સમસ્ત મોહના ચૂરેચૂરા કરી દેનારી ભગવતી નગ્ન દિગંબર મુનિદીક્ષા ધારણ કરી. ત્યાર પછી બાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચરણનું આચરણ કરી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની પૂર્ણતા સહિત કેવી રીતે તેઓશ્રી સંપૂર્ણ વીતરાગ અને સર્વજ્ઞ બન્યા તેનું અદ્ભુત આલેખન કરવામાં આવ્યું છે. મહાવીર, તીર્થંકર મહાવીર થતાં તેઓએ સમવસરણમાં જે તત્ત્વ-ઉપદેશ કર્યો તે જ તેમનું તીર્થ છે

અને તે સર્વ-સાધારણના સુખનો હેતુ હોવાથી સર્વોદય તીર્થ છે.

આ સર્વોદય તીર્થ સંબંધી દ્વિતીય ખંડમાં, જે વડે સર્વને સર્વોત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય તેવા મોક્ષમાર્ગના સ્વરૂપનું પ્રતિપાદન કરતો ભગવાન શ્રી મહાવીરે જે તત્ત્વ-ઉપદેશ કર્યો તેનું વર્ણન કરવામાં આવેલું છે. આ ખંડમાં સંક્ષિપ્તપણે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું વર્ણન છે. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ—એમ છ દ્રવ્યો, જીવાદિ સાત તત્ત્વો, પુણ્ય-પાપ તથા દેવ-શાસ્ત્ર-ગુરૂ, ભેદજ્ઞાન અને આત્માનુભૂતિ—આ સઘળા વિષયોની સુંદર માર્મિક ચર્ચા દ્વારા સમ્યગ્દર્શનના યથાર્થ સ્વરૂપનું દર્શન કરાવતાં, આત્માનુભૂતિ પૂર્વક જે તત્ત્વાર્થશ્રદ્ધાન છે તે જ સમ્યગ્દર્શન છે એવું સમ્યગ્દર્શનનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવ્યું છે.

સમ્યગ્દર્શનપૂર્વક વા આત્માનુભૂતિપૂર્વક જે જ્ઞાન છે તે જ સમ્યગ્જ્ઞાન છે. આત્માનુભૂતિ રહિત સઘળું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. 'સમ્યગ્જ્ઞાન'માં પૂર્વપદ જે 'સમ્યક્' છે તે સમ્યગ્દર્શનનું અવિનાભાવીપણું સૂચવે છે. સમ્યગ્જ્ઞાનના સ્વરૂપની ચર્ચા હેઠળ પાંચ પ્રકારનું સમ્યગ્જ્ઞાન-મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવલજ્ઞાન-બતાવ્યું છે જે સઘળું આત્મજ્ઞાન જ છે. આત્મજ્ઞાન રહિત સમસ્ત જ્ઞાન મિથ્યાજ્ઞાન છે અને તેને કુમતિ, કુશ્રુત અને કુઅવધિ કહેવામાં આવે છે. આ વિભાગ હેઠળ સમ્યગ્જ્ઞાનનો અદ્ભુત મહિમા, અનેકાન્ત અને સ્યાદ્વાદ, પ્રમાણ અને નય, નિશ્ચય અને વ્યવહારનયના સ્વરૂપની પણ અર્થગંભીર અને તાર્કિક ચર્ચા કરવામાં આવી છે જે મનનીય છે.

સમ્યક્ચારિત્ર સાક્ષાત્ ધર્મ છે. મોહ-રાગ-દ્વેષ આદિ રહિત જે આત્માનો પરિણામ તે ચારિત્ર છે. તે સ્વરૂપલીનતા, સ્વરૂપરમણતા [illegible] છે. સમતા, શુદ્ધોપયોગ, વીતરાગતા, ધર્મ, [illegible] ભિન્ન નામોથી તે કહેવામાં આવે છે. [illegible] ' પદ અજ્ઞાનપૂર્વક આચરણની નિવૃત્તિ [illegible] કરેલું ચારિત્ર ચારિત્ર નથી,

ઇત્યાદિ સમ્યક્ચારિત્રના સ્વરૂપની ચર્ચા કરતાં સમ્યક્ચારિત્રના બે પ્રકાર દર્શાવ્યા છે. (૧) સકલ ચારિત્ર અને (૨) દેશ ચારિત્ર.

હિંસાદિ પાપોથી સર્વથા નિવૃત્તિ તે સકલચારિત્ર અને એક દેશ નિવૃત્તિ તે દેશચારિત્ર છે. હિંસાદિના સ્વરૂપની યથાર્થ ચર્ચા સૂક્ષ્મપણે આ વિષય હેઠળ કરવામાં આવી છે. જેટલો વીતરાગભાવ છે તે તો અહિંસા છે, ચારિત્ર છે તથા જે રાગભાવ છે તે હિંસા છે, ચારિત્ર નથી પણ ચારિત્રનો દોષ છે. વ્યવહાર-ચારિત્રનું હેય પણું અને નિશ્ચય-ચારિત્રની ઉપાદેયતા આદિનું આ વિષય હેઠળ સ્પષ્ટ નિરૂપણ કરવામાં આવ્યું છે.

ઉપસંહારરૂપે ભગવાન શ્રી મહાવીરે સર્વોદય તીર્થસ્વરૂપ જે ઉપદેશ કર્યો તે, જીવની જે દુઃખ દૂર કરવાની ત્રૈકાલિક સમસ્યા છે તેને હલ કરવા માટે સમર્થ હોઈ, આજે પણ અર્વાચીન સમયમાં ઉપયોગી છે. અહિંસાદિના એકદેશ આચરણ અને સર્વદેશ આચરણ દ્વારા દરેક જીવનો પોતાનો અને સમષ્ટિએ સમગ્ર વિશ્વના જીવોનો ઉદય ભગવાન મહાવીરે ઉપદેશેલા તત્ત્વોપદેશમાં રહેલો હોઈ તેનું અનુસરણ કરવાથી જ શાશ્વત સુખની પ્રાપ્તિ અને વિશ્વશાંતિ થાય —એ પ્રયોગસિદ્ધ વાતનું સમર્થન કરવામાં આવેલું છે.

સમગ્ર ગ્રંથમાં પ્રતિપાદ્ય વિષયોની ચર્ચાની સાથે સાથે નીચે દર્શાવેલ મહત્ત્વના સિદ્ધાંતભૂત સારનું પણ પ્રતિપાદન થયેલું જોવામાં આવે છે :—

૧. ધર્મ વસ્તુના સ્વભાવને કહે છે. તે નવો બનાવી શકાતો નથી.
૨. તીર્થંકર ભગવાન ધર્મની સ્થાપના કરતા નથી; પરંતુ ધર્મનો આશ્રય લઈ આત્મા સ્વયં પરમાત્મા બને છે.
૩. તીર્થંકરોની પરંપરા અનાદિ-અનંત છે. જૈનધર્મ અનાદિ-અનંત છે.
૪. કાર્યની ઉત્પત્તિમાં પાંચે સમવાય કારણો એકીસાથે સમુપસ્થિત હોય છે, તથાપિ સદ્ધર્મની પ્રાપ્તિમાં પુરૂષાર્થ મુખ્ય છે,

૫. ઉપાદાનગત યોગ્યતા હોતાં નિમિત્ત સહજ મળી આવે છે, તેથી આત્માર્થીએ નિમિત્તો મેળવવા માટે નાહક વ્યગ્ર નહીં થવું જોઈએ.

૬. સુખાર્થીએ—મોક્ષાર્થીએ પરથી ભિન્ન પોતાને ઓળખવો જોઈએ, પોતામાં જામી જવું જોઈએ, પોતામાં રમવું જોઈએ.

૭. ધર્મ પરિભાષા નથી, પ્રયોગ છે. તેથી આત્માર્થીએ ધર્મ જીવનમાં ઉતારવો જોઈએ, ધર્મમય થઈ જવું જોઈએ.

૮. પોતાનું સુખ પોતામાં જ છે, પરમાં નથી, પરમેશ્વરમાં પણ નથી. તેથી સુખાર્થીએ પરમેશ્વર પ્રતિ કોઈ આશા–આકાંક્ષા વડે જોવું નિરર્થક છે.

૯. વિશ્વનો પ્રત્યેક પદાર્થ પૂર્ણ સ્વતંત્ર છે. તે પોતાના પરિણામનો

વર્તમાનમાં તેઓશ્રી પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, જયપુર દ્વારા સંચાલિત અનેક તત્ત્વ-પ્રચાર અને પ્રસારની પ્રવૃત્તિઓ—જેવી કે શ્રી વીતરાગ વિજ્ઞાન વિદ્યાપીઠ પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓનું સંચાલન, તે હેતુએ પાઠ્ય-પુસ્તકોનું નિર્માણ, શિક્ષણ-પ્રશિક્ષણ શિબિરોનું સંયોજન, ટ્રસ્ટ દ્વારા થતાં પ્રકાશનોનું સંચાલન, તથા આધ્યાત્મિક પ્રવચનો દ્વારા તત્ત્વ-પ્રચાર—ઇત્યાદિ અનેકવિધ કાર્યોનું સંચાલન કરે છે. આ બધું કાર્ય કરવા છતાં તેઓશ્રી સ્વભાવે અત્યંત સરળ, વિનમ્ર અને નિર્લોભી છે. તેમનાં અધ્યાત્મ-પ્રવચનોમાં તેમનું આત્માર્થીપણું, નિર્ભીકતા અને સદ્ધર્મપ્રચારની ઉત્કટ ભાવનાનાં દર્શન થાય છે. તેઓ એક પ્રતિભાસંપન્ન અધ્યાત્મ-પ્રવક્તા છે.

આ ગ્રંથ ઉપરાંત ગ્રંથકારે "પંડિત ટોડરમલ: વ્યક્તિત્વ અને કર્તૃત્વ, વીતરાગ–વિજ્ઞાન પ્રશિક્ષણ નિર્દેશિકા, તીર્થંકર ભગવાન મહાવીર, પોતાને ઓળખો, બાળબોધ પાઠમાળા ભા. ૨–૩, વીતરાગ–વિજ્ઞાન પાઠમાલા ભાગ ૧, અર્ચના." આદિ પુસ્તકોનું નિર્માણ કરેલું છે.

પ્રસ્તુત ગ્રંથમાં ગ્રંથકર્તાની શૈલી સરળ, વિષયને સીધી જ સ્પર્શ કરતી, તર્કસંગત અને રોચક રહેલી છે, અને પ્રતિપાદ્ય વિષયને જિનાગમ–સિદ્ધાંત દ્વારા પુષ્ટ કરવામાં સફળતાને પ્રાપ્ત છે.

અનુવાદનું કારણ

ગ્રંથકર્તાએ આ ગ્રંથ મૂળ હિંદી ભાષામાં લખેલો છે. ગુજરાતમાંથી યાત્રા માટે નીકળેલ શ્રી મહાવીર ધર્મચક્ર યાત્રાસંઘ તીર્થયાત્રા સફળતાપૂર્વક પૂરી કરી સં. ૨૦૩૧ના વૈશાખ સુ. ૨ તા. ૧૩–૫–૭૫ના દિને અમદાવાદ પધારેલ ત્યારે પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજી સ્વામીના જન્મોત્સવનો મંગલ પ્રસંગ હતો. તે શુભ દિને પં. શ્રી બાબુભાઈએ આ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ કરવાની પ્રેરણા કરી જે આ અનુવાદ થવાનું કારણ બન્યું છે. ગ્રંથકર્તાના પ્રતિપાદ્ય ભાવોને જેમના તેમ જાળવી રાખવા સમગ્ર અનુવાદમાં પ્રયત્ન થયો છે તે સહર્ષ જણાવવાની રજા લઉં છું.

આભાર

આ અનુવાદ કરવાની મારી શક્તિની મર્યાદા છે તે બરાબર જાણતો હોવા છતાં પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય સદ્‌ગુરુદેવશ્રી કાનજી સ્વામીનાં અધ્યાત્મ-પ્રવચનોનો જે પ્રસાદ પ્રાપ્ત થયો છે તેના બળ વડે જ આ સાહસ કરવાનો પ્રયત્ન કર્યો છે. એટલે સમગ્ર અનુવાદની શક્તિનું મૂળ પરમ પૂજ્ય સ્વામીજી હોવાથી તેમને અત્યંત નમ્રભાવે ભક્તિ સહિત સાભાર વંદન કરું છું.

ધર્માનુરાગી સૌજન્યમૂર્તિ મુરબ્બી શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠે, પોતાના અનેકવિધ ધાર્મિક વ્યવસાયોમાંથી સમય કાઢી, અમૂલ્ય સમયનો ભોગ આપી આ સમગ્ર અનુવાદ બરાબર તપાસી જઈ યોગ્ય સલાહ-સૂચનો સહિત માર્ગદર્શન કર્યું છે તે માટે તેઓશ્રીનો અત્યંત આભારી છું. તેઓશ્રીની સહાય અને સહાનુભૂતિ વિના આ અનુવાદનું કાર્ય સરળતાથી પ્રકાશમાં આવવું મુશ્કેલ હતું.

આ અનુવાદ-કાર્યમાં જે સજ્જનોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મને પ્રોત્સાહન અને સહાય કર્યાં છે તેઓનો સમગ્રપણે આભારી છું.

સં. ૨૦૩૨
માગશર વદી ૮, ગુરુ
તા. ૨૫-૧૨-૭૫

અનુવાદક :
રમણલાલ માણેકલાલ શાહ
બી.એસસી. (ઑનર્સ) બી.ટી.



વિષય-સૂચી

પ્રથમ ખંડ [illegible]

દ્વિતીયખંડ

પરિશિષ્ટ

પૂર્વ-પરંપરા અને પૃષ્ઠભૂમિ

ભગવાન મહાવીરે કોઈ નવો ધર્મ ચલાવ્યો નથી. તેમણે જે કાંઈ કહ્યું તે સદાથી છે, સનાતન છે. તેમણે ધર્મની સ્થાપના નહીં, તેનું ઉદ્ઘાટન કર્યું છે. તેઓએ ધર્મ નહીં, ધર્મમાંથી ખોવાયેલી ...દા પ્રસ્થાપિત કરી છે. ધર્મ તો વસ્તુના સ્વભાવને કહે છે.[1] વસ્તુનો સ્વભાવ (નવો) ઉત્પન્ન કરી શકાતો નથી. જે ઉત્પન્ન કરી શકાય તે સ્વભાવ કેવો? તે તો જાણી શકાય છે. કર્તાપણાના અહંકાર અને પોતાપણાના મમકારથી દૂર રહી જે 'સ્વ' અને 'પર'ને સમગ્રપણે જાણી શકે, ભગવાન શ્રી મહાવીરના અનુસાર તે ભગવાન છે. ભગવાન જગતના તટસ્થ જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા-ધર્તા નહીં. જે સમસ્ત જગતને જાણીને તેનાથી પૂર્ણ અલિપ્ત વીતરાગ રહી શકે અથવા પૂર્ણ રૂપથી અપ્રભાવિત રહીને જાણી શકે તે ભગવાન છે. તીર્થંકર ભગવાન વસ્તુના સ્વરૂપને જાણે છે, બતાવે છે; બનાવતા નથી.

ભગવાન મહાવીર તીર્થંકર હતા. તેઓએ ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું. જે વડે સંસાર-સાગર તરી જવાય તેને તીર્થ કહે છે. અને જે આવા તીર્થને કરે અર્થાત્ સંસાર-સાગરથી પોતે પાર ઊતરે તથા ઊતરવાનો માર્ગ બતાવે, તેને તીર્થંકર કહે છે. ભગવાન મહાવીર ભરતક્ષેત્રમાં આ યુગના ચોવીસમા અને અંતિમ તીર્થંકર હતા. તેમના પહેલાં ઋષભદેવ આદિ બીજા ત્રેવીસ તીર્થંકર થઈ ગયા હતા. તેમનું વિસ્તૃત વર્ણન જૈન પુરાણોમાં ઉપલબ્ધ છે.

કાળચક્રના કોઈ એક વિભાગને તેની પૂર્વોત્તર પરંપરાથી અલગ કરીને જોઈ શકાતો નથી. પૂર્વોત્તર પરંપરાના સંદર્ભથી દૂર રહી જોવામાં આવતાં એમાં અનેક વિસંગતિઓ દૃષ્ટિગોચર થઈ શકે છે. જોકે ભૂતકાળને ઢંઢોળવાનું કામ ઇતિહાસનું છે, તથાપિ કોઈપણ

---

1 કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૪૭૮

પ્રાચીનતમ સંસ્કૃતિ, સભ્યતા અને તેની તે સમયની ભિન્ન ભિન્ન સમગ્ર પરિસ્થિતિને માત્ર થોડાક ઐતિહાસિક ઉલ્લેખ સંપૂર્ણપણે પ્રગટ કરી શકતા નથી. પરિસ્થિતિને સ્પષ્ટ કરવા માટે પ્રાચીનતમ પૌરાણિક પરંપરાઓને જ આધાર માનીને ચાલવું પડે. તીર્થંકર ભગવાન મહાવીરની પૂર્વપરંપરા અને પૃષ્ઠભૂમિ સમજવા માટે ઐતિહાસિક આધાર પણ ઉપલબ્ધ છે. એમના પહેલાં ૨૩મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથ, ૨૨મા તીર્થંકર ભગવાન નેમિનાથ અને ૨૧મા તીર્થંકર ભગવાન નમિનાથને ઐતિહાસિક મહાપુરુષ સ્વીકારી લેવામાં આવ્યા છે.

મોહનજોદડોનાં ખંડેરોમાં પ્રાપ્ત યોગીશ્વર ઋષભની કાયોત્સર્ગ

સંદેહ નથી કે જૈનધર્મ વર્ધમાન અને પાર્શ્વનાથના પહેલાં પણ પ્રચલિત હતો. યજુર્વેદમાં ઋષભદેવ, અજિતનાથ અને અરિષ્ટનેમિ આ ત્રણ તીર્થંકરોના નામોનો નિર્દેશ છે. ભાગવત પુરાણ પણ આ વાતનું સમર્થન કરે છે કે ઋષભદેવ જૈનધર્મના સંસ્થાપક હતા."[૧]

પ્રો. વિરૂપાક્ષ વાડિયર વેદોમાં જૈન તીર્થંકરોના ઉલ્લેખનું કારણ રજૂ કરતાં લખે છે કે:—"પ્રકૃતિવાદી મરીચિ ઋષભદેવના પારિવારિક હતા....મરીચિ ઋષિનાં સ્તોત્ર વેદ-પુરાણ આદિ ગ્રંથોમાં છે અને અનેક સ્થાનો પર જૈન તીર્થંકરોનો ઉલ્લેખ મળી આવે છે. કોઈ એવું કારણ નથી કે આપણે વૈદિક કાળમાં જૈનધર્મનું અસ્તિત્વ ન માનીએ."[૨]

ભાગવત પુરાણમાં ઋષભદેવનો ઉલ્લેખ ખૂબ સન્માન સાથે કરવામાં આવેલો છે—"ઋષભદેવે પૃથ્વીનું પાલન કરવા માટે ભરતને રાજગાદીએ બેસાડ્યા અને પોતે ઉપશમશીલ, નિવૃત્તિપરાયણ મહામુનિઓનાં ભક્તિ-જ્ઞાન અને વૈરાગ્યરૂપ પરમહંસોચિત ધર્મની શિક્ષા દેવા માટે બિલકુલ વિરક્ત થઈ ગયા. કેવળ શરીરમાત્રનો પરિગ્રહ રાખ્યો."[૩]

ડૉ. બુદ્ધપ્રકાશ, ડી. લિટ્. એ પોતાના ગ્રંથ "ભારતીય ધર્મ અને સંસ્કૃતિ" માં લખ્યું છે કે:—

"મહાભારતમાં વિષ્ણુનાં સહસ્ર નામોમાં શ્રેયાંસ, અનંત, ધર્મ, શાન્તિ અને સંભવ નામ આવે છે તથા શિવના નામોમાં ઋષભ, અજિત, અનંત અને ધર્મ મળી આવે છે. વિષ્ણુ અને શિવ બંનેનું એક નામ સુવ્રત દેવામાં આવ્યું છે. આ બધાં નામ તીર્થં-

---

૧ Indian philosophy, vol. I, p. 287.

૨ મહાવીર જયંતી સ્મારિકા ૧૯૬૪; પૃષ્ઠ ૪૨.

૩ શ્રીમદ્ ભાગવત, ૫/૫/૨૮ (જૈ. સૌ. પ્ર. તી. પૃષ્ઠ ૫૯)

કરોનાં છે. એમ લાગે છે કે મહાભારતના સમન્વયપૂર્ણ વાતાવરણમાં તીર્થંકરોને વિષ્ણુ અને શિવના રૂપમાં સિદ્ધ કરીને ધાર્મિક એકતા સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો (હોય). આથી તીર્થંકરોની પરંપરા પ્રાચીન સિદ્ધ થાય છે.[1]"

મેજર જનરલ જે. સી. આર. ફર્લાંગે પોતાના પુસ્તક "The Short Study in Seience of Comparative Religion" માં લખ્યું છે કે:—

"ઈસાથી અગણિત વર્ષ પહેલાંથી જૈન ધર્મ ભારતમાં ફેલાયેલો હતો. આર્ય લોકો જ્યારે મધ્યભારતમાં આવ્યા ત્યારે અહીં જૈન લોકો મોજૂદ હતા.[2]"

"જૈનિઝમ ઇન બિહાર" પાન ૧ પર અભિવ્યક્ત પી. સી. રાય ચૌધરીનો અભિપ્રાય છે કે—"આધુનિક કેટલાક લેખકોએ એમ માનીને એક સાધારણ ભૂલ કરી છે કે બ્રાહ્મણ ધર્મની વિરુદ્ધ અસંતોષની ભાવનાઓ ફેલાવાને કારણે જૈન ધર્મની ઉત્પત્તિ થઈ. આ ખોટી ધારણાનું સૂત્રપાત એટલા માટે થયું કે તેઓએ વર્ધમાન મહાવીરને જૈન ધર્મના પ્રવર્તક માની લીધા. આ તથ્ય બરાબર નથી....જૈન ધર્મની ઉત્પત્તિ અને પ્રસાર પહેલેથી જ થઈ ચૂક્યાં [illegible] અને મહાવીરે એનો બળપૂર્ણ પ્રચાર કર્યો હતો. આ જ [illegible] આ પ્રકારની ખોટી ધારણા કેટલાય ખ્યાતિપ્રાપ્ત વિદ્વાનો [illegible]"

[illegible] ભગવાન મહાવીરે તો જૈન ધર્મની સ્થાપના કરી જ [illegible] ભગવાન ઋષભદેવે પણ જૈન ધર્મની સ્થાપના [illegible] ધર્મની સ્થાપના કરતા નથી; પરંતુ ધર્મના

[illegible]

[illegible]

[illegible]

આશ્રય કરીને આત્મા, પરમાત્મા (ભ
મુજબ ભગવાન અનન્ત હોય છે, પર
તીર્થંકર ચોવીસ જ થાય છે. પ્રત્યેક
હોય છે, પરંતુ પ્રત્યેક ભગવાન તીર્થં
વિના પણ ભગવાન થઈ શકાય છે.

સર્વકાલ અને સર્વક્ષેત્રોની અપે
અનન્ત થાય છે. તીર્થંકર ભગવાન અ
તીર્થંકર ભગવાન થઈ ગયા છે. અને
રહે છે. આ બધુ સમજવા માટે ભગ
કાલચક્રને સમજવું જોઈએ.

કાલચક્ર:—

જોકે દ્રવ્યદૃષ્ટિથી આ જગત
પરિણમનશીલ પણ છે. જગતમાં કોઈ
નથી જે આ પરિણમનની નિયામક
અવ્યવસ્થિત નથી. વ્યવસ્થા છે, પરંતુ
પણ નિયંતા નથી. પોતપોતાનાં પરિ
પોતે જ છે. કાલદ્રવ્ય તો તેના પરિ

સમય સ્વયં પુનરાવર્તિત થાય
અને વૈજ્ઞાનિક વ્યવસ્થા છે. જેમ દિન
વર્ષ પોતે ફરીવાર આવે છે; તેમ શત
તથા સંખ્યાતીત કાલ પણ કોઈ પ્રાકૃ

અવસર્પિણીમાં એ જ ક્રમથી ઘટતાં જાય છે. આ પ્રમાણે જો ઉત્સર્પિણી વધવાનું નામ છે તો અવસર્પિણી ઘટવાનું નામ છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી બેઉમાં પ્રત્યેકનો કાળ દસ-દસ ક્રોડાક્રોડી સાગર છે. આ પ્રમાણે બધો મળીને વીસ ક્રોડાક્રોડી સાગરનો એક કલ્પકાલ થાય છે. પ્રત્યેક કલ્પકાળમાં તીર્થંકરોની બે ચોવીસી થાય છે. અવસર્પિણી કાલના છ ભાગ છે :— (૧) સુખમા–સુખમા (૨) સુખમા (૩) સુખમા–દુઃખમા (૪) દુઃખમા–સુખમા (૫) દુઃખમા (૬) દુઃખમા–દુઃખમા. આ પ્રમાણે ઉત્સર્પિણીકાલના પણ છ પ્રકાર હોય છેઃ— (૬) દુઃખમા–દુઃખમા (૫) દુઃખમા (૪) દુઃખમા–સુખમા (૩)

છે અને ભવિષ્યમાં બીજી અનન્ત થશે. આવી જ વ્યવસ્થા ઐરાવત ક્ષેત્રની છે. વિદેહ ક્ષેત્રની વ્યવસ્થા આનાથી કાંઈક જુદા પ્રકારની છે. ત્યાં સદા ચોથા કાળ જેવી સ્થિતિ રહે છે.

જૈન ભૂગોળ અનુસાર મધ્યલોકમાં વિદ્યમાન અસંખ્યાત દ્વીપ-સમુદ્રોમાંથી અઢી દ્વીપમાં જ માનવોની ઉત્પત્તિ થાય છે, એથી તીર્થંકર પણ અઢી દ્વીપમાં જ ઉત્પન્ન થાય છે. એક લાખ યોજન વિસ્તારવાળા પ્રથમ દ્વીપ (જંબૂદ્વીપ)માં સાત ક્ષેત્ર છે—ભરત, હૈમવત, હરિ, વિદેહ, રમ્યક, હૈરણ્યવત અને ઐરાવત. આ બધાની વિસ્તૃત જાણકારી માટે જૈનાગમનું ગહન અધ્યયન અપેક્ષિત છે. એ બધાનું વર્ણન કરવું અહીં અપ્રાસંગિક ગણાશે.

જોકે આ અવસર્પિણી કાલની દૃષ્ટિએ તીર્થંકર ભગવાન મહાવીર ભરતક્ષેત્રના ચોવીસમા અને અંતિમ તીર્થંકર છે તથાપિ સમગ્રપણે વિચાર કરતાં તેમને ન તો કોઈ નિશ્ચિત સંખ્યાવાળા કહી શકાય, ન તો તેમને અંતિમ કહી શકાય; કેમકે "कालो ह्ययं निरवधि विपुला च पृथ्वी[1]।" કાળ સીમાતીત છે અને પૃથ્વી બહુ મોટી છે.

પ્રથમ, દ્વિતીય, તૃતીય કાળમાં ક્રમશઃ ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય ભોગભૂમિની વ્યવસ્થા હોય છે, એમાં ભોગોની જ પ્રધાનતા હોય છે. બધાને બધા પ્રકારની ભોગસામગ્રી કલ્પવૃક્ષો દ્વારા સહજ ઉપલબ્ધ થઈ રહે છે. જીવન લૌકિક દૃષ્ટિએ આનન્દમય હોવા છતાં આધ્યાત્મિક દૃષ્ટિએ એમના વિકાસનો માર્ગ એક પ્રકારે અવરોધાયેલો જ રહે છે. ચોથા કાળમાં કર્મભૂમિનો આરંભ થાય છે. ભોગોની સહજ ઉપલબ્ધિ ક્રમશઃ સમાપ્ત થતી જાય છે અને આજીવિકા પ્રયત્નસાધ્ય અને ક્રમશઃ શ્રમસાધ્ય થતી જાય છે, પરંતુ આધ્યાત્મિક ઉન્નતિના અવસરનાં દ્વાર ખુલી જાય છે. તૃતીય કાળના અંતમાં થવા વાળા ચૌદ કુલકર સર્વ-સાધારણ (જનતા)ને કર્મભૂમિની

૧. માલતી માધવ: મહાકવિ ભવભૂતિ.

વ્યવસ્થામાં પ્રશિક્ષિત કરે છે. આ અવસર્પિણી કાલના ચૌદમા કુલકર રાજા નાભિરાય હતા. એમના સુધી આવતાં આવતાં તૃતીય કાળ લગભગ સમાપ્ત થવા આવ્યો હતો અને ભોગભૂમિ ક્રમશઃ કર્મ-ભૂમિના રૂપમાં વ્યવસ્થિત થવા લાગી હતી.

ઋષભદેવ

પ્રથમ તીર્થંકર ઋષભદેવનો જન્મ અયોધ્યા નગરીમાં ત્યાંના રાજા ચૌદમા કુલકર નાભિરાયની રાણી મરુદેવીના ગર્ભથી થયો હતો. તેઓ જન્મથી જ વિલક્ષણ પ્રતિભાધારી ઇક્ષ્વાકુવંશી હતા. નાભિરાયના પછી તેઓ રાજગાદી પર બેઠા. તેમણે પોતાના રાજ્યકાળ દરમ્યાન અનેક લોકોપયોગી કાર્યોની સાથે સાથે પ્રજાને અસિ, મસિ, કૃષિ, વિદ્યા, વાણિજ્ય અને શિલ્પ—એ છ કર્મો દ્વારા આજીવિકા કરતાં શીખવાડ્યું:[1] કેમકે તે સમયે ભોગભૂમિ સમાપ્ત થઈ જવાથી કલ્પવૃક્ષોના અભાવને લીધે આજીવિકા સહજ રહી ન હતી. આજીવિકા સમસ્યા [illegible] થઈ જવાથી સંઘર્ષની સ્થિતિ ટાળવા માટે વ્યવસ્થા [illegible] થઈ ગઈ હતી. કર્મભૂમિનો આરંભ હોવાથી તે સંબંધી [illegible] આરંભમાં રાજા ઋષભદેવ દ્વારા સ્થાપિત થઈ. આ [illegible] એમને પ્રજાપતિ, બ્રહ્મા, વિધાતા, આદિપુરુષ વગેરે [illegible] આવે છે.

[illegible] કર્યું હતું, એમને બે રાણીઓ [illegible] યશસ્વતી અને સુનન્દા. યશસ્વતીનું બીજું નામ [illegible] ઋષભદેવને ૧૦૧ પુત્રો અને બે પુત્રીઓ [illegible] ભરત વગેરે ૧૦૦ પુત્ર અને બ્રાહ્મી નામની [illegible] બાહુબલી નામના પુત્ર અને સુંદરી નામની

[illegible]

[illegible] બાહુબલિ પુત્રોનો યુદ્ધ વગેરે કઠોર

[illegible] कर्माणि प्रजा ॥
[illegible] : आ. [illegible]

ાત કર્યા તો બ્રાહ્મી અને સુંદરી પુત્રીઓને ક્રમશઃ
અને અંકવિદ્યા શીખવાડી. પ્રાચીન શિલાલેખોની
ણ બ્રાહ્મી લિપિ કહેવામાં આવે છે. એનું કારણ
દ્યા સર્વ પ્રથમ બ્રાહ્મી નામની પુત્રીને શીખવાડી
પરથી લિપિનું નામ પણ બ્રાહ્મી લિપિ ચાલુ થઈ
લેપિના સંદર્ભમાં ડૉ. રામધારીસિંહ 'દિનકર'એ

ભાષાઓની બધી લિપિઓ બ્રાહ્મીથી નીકળી છે.....
પ્રચલિત જૈન પરંપરા અનુસાર બ્રાહ્મી ઋષભદેવની
ઋષભદેવે જ અઢાર પ્રકારની લિપિઓનો આવિષ્કાર
ક લિપિ કન્નડ થઈ.[1]"

ા શબ્દ બહુ વ્યાપક છે, વિદ્યાધ્યયનના ક્ષેત્રમાં અક્ષર
ઉપરાંત અનેક વિદ્યાઓ આવી જાય છે, તોપણ
નો અર્થ અંક અને અક્ષરવિદ્યા દ્વારા શીખવામાં
ા જ લેવામાં આવે છે. આને જાણનારાઓને જ
કહેવામાં આવે છે. એને નહીં જાણનાર એના સિવાય
વેદ્યાઓમાં નિપુણ હોય તોપણ તેને અશિક્ષિત જ
શિક્ષણનો અર્થ જ અંકવિદ્યા અને અક્ષરવિદ્યા
ા શિક્ષણના ક્ષેત્રમાં નારી સમાજ આજે પણ પાછળ
નાં વર્ષોમાં સ્ત્રીશિક્ષણનો બહુ પ્રચાર અને પ્રસાર
પુરુષોની જે સ્થિતિ છે તે સ્થિતિ હજુ તેમની આવી
વર્ષ પહેલાં તો બહુ જ વિચારણીય પરિસ્થિતિ હતી.
એકાદ મહિલા શિક્ષિત મળી જાય તો સૌભાગ્ય
તું હતું. સ્ત્રીઓનું કામ ભણવું-લખવું નથી, એ
મહિલાઓમાં નિરક્ષરતાના પ્રચાર અને પ્રસારમાં બહુ
ો છે. ઋષભદેવે પોતાની પુત્રીઓને જ સર્વપ્રથમ

ार अध्याय, पृ. ४४

આ વિદ્યાઓ શીખવી. આ તથ્ય પરથી સ્ત્રીશિક્ષણના સંબંધમાં જૈનધર્મનો દૃષ્ટિકોણ શું છે તે સ્પષ્ટ થઈ જાય છે.

એક દિવસે (ચૈત્ર વદી નોમ) રાજા ઋષભદેવ સેંકડો રાજાઓની વચ્ચે રાજ સિંહાસન પર બેઠા હતા અને સર્વાંગ-સુંદરી અપ્સરા નીલાંજનાનું નૃત્ય ચાલી રહ્યું હતું. જેનું મનોહારી નૃત્ય દેખીને ઋષભદેવ સહિત બધા સભાસદો મુગ્ધ થઈ રહ્યા હતા, તેવામાં અચાનક દેવાંગનાનું આયુષ્ય પૂરું થઈ ગયું. એ સ્વર્ગવાસી થતાં જ ઇન્દ્રે તત્કાલ એના જેવી જ અન્ય દેવાંગનાનું નૃત્ય શરૂ કરાવી દીધું. જોકે આ બધું ઇન્દ્રે એટલી ઝડપથી અને ચતુરાઈથી કર્યું કે કોઈને કાંઈ ખબર પણ ન પડી, પરંતુ આ બધું સૂક્ષ્મદર્શી રાજા ઋષભદેવથી છૂપું ન રહી શક્યું. સંસારની નશ્વરતા ખ્યાલમાં આવતાંની સાથે જ રંગરાગનો રસ મોળો પડી ગયો અને તેઓ વૈરાગ્યના રસમાં તરબોળ થઈ ગયા. તેઓએ દિગંબરી દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો.

આપવાવાળું પણ કોઈ ન હતું. તેઓ ઋષભદેવની અનુમતિ લઈને તો સાધુ બન્યા ન હતા. આત્મધ્યાનની તલ્લીનતામાં તેમને તો આમનું કોઈ ધ્યાન જ ન હતું. એ લોકો છેવટે પોતપોતાની કલ્પનાનુસાર ભિન્ન–ભિન્ન વેષ ધારણ કરી કંદ-મૂળ ભક્ષણાદિવડે પોતાની ભૂખને શાંત કરવા લાગ્યા.

આ પ્રમાણે સદ્-ધર્મ અને સદ્-સાધુતાની સાથે-સાથે કુધર્મ અને કુ-સાધુતાનો પ્રારંભ થઈ ગયો. ભોગભૂમિમાં તો બધા જીવો મરીને દેવ જ થતા હતા, પરંતુ કર્મભૂમિની શરૂઆત થતાં જ જ્યાં મુક્તિના માર્ગની શરૂઆત થઈ ત્યાં ચારે ગતિઓનો માર્ગ પણ ખુલ્લી ગયો. એ ચાર હજાર ભ્રષ્ટ સાધુઓમાં ભરત ચક્રવર્તીના પુત્ર મારીચિ પણ હતા,–જેઓ ઘણી સારી--ખોટી યોનિયોમાં ભ્રમણ કરીને છેવટે અંતિમ તીર્થંકર મહાવીર થયા.

છ માસ પછી જ્યારે મુનિરાજ ઋષભદેવનું ધ્યાન છૂટ્યું ત્યારે તેઓ આહાર માટે નીકળ્યા, પરંતુ કર્મભૂમિનો આરંભ હોવાથી કોઈપણ વ્યક્તિ મુનિરાજને આહાર દેવાની વિધિ જાણતું ન હતું. સાત મહિના અને નવ દિવસ સુધી તેમને આહાર પ્રાપ્ત થઈ શક્યો નહીં. આ પ્રમાણે એક વર્ષ એક માસ અને નવ દિવસ પછી મુનિ-અવસ્થામાં સર્વ પ્રથમ એમનો આહાર હસ્તિનાપુર નગરમાં રાજા સોમપ્રભના ભાઈ શ્રેયાંસના હાથે થયો. તેમને જાતિસ્મરણ દ્વારા પૂર્વભવમાં મુનિરાજોને આપેલ આહારનું સ્મરણ થઈ ગયું હતું, તેથી તેમને આહારની વિધિની ખબર પડી ગઈ હતી. આહાર વૈશાખ સુદી ત્રીજને દિવસે થયો હતો. તે દિવસથી તે દિવસને અક્ષય-તૃતીયા પર્વ તરીકે મનાવવામાં આવવા લાગ્યો. આ પ્રમાણે આ યુગના ધર્મતીર્થના પ્રવર્તક તીર્થંકર ઋષભદેવ અને દાનતીર્થના પ્રવર્તક રાજા શ્રેયાંસ થયા.

મુનિરાજ ઋષભદેવ એકહજાર વર્ષ સુધી બરાબર મૌન આત્મ-

ઇન્દ્રે આવીને એમની ધર્મસભા (સમવસરણ)ની વ્યવસ્થા કરી. ભરતના નાના ભાઈ વૃષભસેન ઋષભદેવના મુખ્ય ગણધર બન્યા. એમની પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીએ પણ અર્જિકાનાં વ્રત ગ્રહણ કર્યાં અને ગણિની પદ પ્રાપ્ત કર્યું. તે ચાર હજાર રાજાઓ જે ઋષભદેવની સાથે દીક્ષિત થઈ પછી ભ્રષ્ટ થઈ ગયા હતા, તેમાંથી ઘણાખરાએ પોતાની ભૂલ સુધારીને ભગવાન ઋષભદેવ પાસે ફરીથી દીક્ષા લીધી; પરંતુ મારીચિએ કષાયવશ પોતાની ભૂલ ન સુધારી અને નવો મત સ્થાપિત કરી ભગવાન ઋષભદેવનો વિરોધ કરવા લાગ્યો.

અંતમાં ભગવાન ઋષભદેવ આયુ પૂરું કરી અંતિમ દેહનો પણ પરિત્યાગ કરી કૈલાસ પર્વત પરથી મોક્ષ પધાર્યા. આ અવસર્પિણી કાલના પ્રથમ તીર્થંકર હોવાથી એમને આદિનાથ પણ કહેવામાં આવે છે.

એક પ્રશ્ન : બે ઉત્તર

ઉપરોક્ત વિશ્લેષણ સિવાય એ એક સ્વાભાવિક પ્રશ્ન ઊઠે છે કે શું ભગવાન ઋષભદેવે લગ્ન કર્યું, એમને પત્નીઓ હતી, એમણે રાજ્ય કર્યું, કૃષિ વગેરેનો ઉપદેશ આપ્યો? શું ભગવાન પણ લગ્ન કરે છે, રાજ્ય કરે છે, કૃષિ વગેરેનો ઉપદેશ આપે છે, એમને પણ બાળકો હોય છે? જો હા, તો પછી આપણામાં અને એમનામાં શું ફરક રહ્યો? આપણા જેવા જ તેઓ થયા!

જોકે એ સત્ય છે કે ભગવાનને લગ્ન કેવું? પત્નીઓ શાની? એમને રાજ્યથી શું પ્રયોજન? કૃષિ વગેરેના ઉપદેશથી શું મતલબ? કેમકે ભગવાન તો પૂર્ણ વીતરાગી હોય છે, વીતરાગીને લગ્ન-વિવાહ વગેરે રાગાદિના વિકારી ક્રિયાઓનો સંભવ હોતો નથી. વસ્તુતઃ વાત એમ છે કે લગ્ન તો રાજકુમાર ઋષભદેવનું થયું હતું, પત્નીઓ તો રાજા ઋષભદેવને હતી, રાજ્ય પણ રાજા ઋષભદેવે કર્યું હતું, અને કૃષિ આદિનો ઉપદેશ પણ રાજા ઋષભદેવનું જ કાર્ય હતું; ભગવાન ઋષભદેવનું નહીં.

વસ્તુતઃ તેઓ જન્મથી ભગવાન ન હતા. જન્મથી કોઈ ભગવાન હોતું નથી. ભગવાન જન્મતા નથી, બને છે. ભગવાન તો તેઓ પાછળથી થયા કે જ્યારે તેમણે પોતાને જીતી લીધો. મોહ-રાગ-દ્વેષને જીતવા એ જ પોતાને જીતવો છે. ભગવાન તો એમને કહે છે જે પૂર્ણ વીતરાગી અને સર્વજ્ઞ હોય. તેઓ ન તો જન્મથી પૂર્ણ વીતરાગી હતા અને ન તો સર્વજ્ઞ. પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા તો એમણે ત્યારે પ્રાપ્ત કર્યાં જ્યારે તેમણે સ્ત્રી-પુત્રાદિ અને રાજ્યાદિ પરિગ્રહ તેમ જ તત્સંબંધી રાગ ત્યાગીને નગ્ન દિગંબર સાધુ થયા અને અંતર્નિમગ્ન થઈને એમણે સંપૂર્ણ રાગદ્વેષ અને અલ્પજ્ઞતાનો પૂર્ણ અભાવ કરી દીધો. આથી સર્વજ્ઞતા અને પૂર્ણ વીતરાગતાની પ્રાપ્તિ થયા પહેલાં જ્યાં પણ એમની સાથે 'ભગવાન' વિશેષણનો પ્રયોગ થયો હોય, તેને ઉપચરિત કથન જ જાણવું. ભવિષ્યમાં ભગવાન બનશે, એ આધાર પર જ એમ કહેવામાં આવે છે. કૃષિ આદિના ઉપદેશને ભગવાનનો ઉપદેશ કહેવો તે પણ આ પ્રકારનું જ કથન છે. આ વાત સમજવા માટે જૈનદર્શનની કથન-પદ્ધતિને સમજવી જોઈએ.

ભરત અને બાહુબલી

રાજા ઋષભદેવના ૧૦૧ પુત્રોમાંથી ભરત અને બાહુબલી જૈન પુરાણોમાં બહુ ચર્ચા પામેલ વ્યક્તિઓ છે. ભરત સૌથી મોટા હતા અને તેઓ ભરતક્ષેત્રના અને આ યુગના પ્રથમ ચક્રવર્તી સમ્રાટ હતા. તેમના જ નામ ઉપરથી આ દેશનું નામ 'ભારત' પડ્યું છે. ભાગવતમાં તેનો ઉલ્લેખ આ પ્રમાણે છે—"મહાયોગી ભરત ઋષભદેવના સો પુત્રોમાં મોટા હતા અને એમનાથી આ દેશ ભારત-વર્ષ કહેવાયો.[1]" આ તથ્યને પુષ્ટ કરનારાં ઘણાં પ્રમાણો ભારતીય

---

१. येषां खलु महायोगी भरतो ज्येष्ठः श्रेष्ठगुणश्चासीत् ।
येनेदं वर्षं भारतमिति व्यपदिशन्ति ॥

પ્રાચીન સાહિત્યમાં ઉપલબ્ધ છે.[૧]

આ સંદર્ભમાં રામધારીસિંહ 'દિનકર'એ લખ્યું છે—"ભરત ઋષભદેવના જ પુત્ર હતા, જેમના નામ પરથી આપણા દેશનું નામ ભારત પડ્યું.[૨]" તેમણે ચક્રરત્ન દ્વારા ભરતક્ષેત્રના સંપૂર્ણ છ ખંડોને પોતાને આધીન કર્યા અને રાજનીતિનો વિસ્તાર કરીને પોતાને આશ્રિત રાજાઓને રાજ્યશાસન પદ્ધતિ શીખવાડી. જ્યાં એક બાજુ ચક્રવર્તી સમ્રાટ ભરત રાજ્યાવસ્થામાં સર્વ પ્રકારે સતર્ક, યોગ્ય પ્રશાસક છે; તો તેઓ યોગીઓમાં શ્રેષ્ઠ પ્રમાણિત થાય છે, મુનિદીક્ષા લઈને બે ઘડીની અંદર પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરી લે છે.

મહા બળવાન બાહુબલી પણ મહાન યોદ્ધા, ભરત ચક્રવર્તીથી પણ અપરાજિત, સર્વાંગ-સુંદર પ્રથમ કામદેવ, મહાન તપસ્વી યોગીરાજ અને આ યુગમાં સર્વપ્રથમ (ભગવાન ઋષભદેવથી પણ પહેલાં) મોક્ષલક્ષ્મીને વરનારા હતા. મુનિદીક્ષા લીધા પછી તેઓ આહારાદિ માટે નીકળ્યા જ નહીં, ધ્યાનમાં એવા મગ્ન થઈ ગયા કે પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરતા પહેલાં ભલે એક વર્ષ થઈ ગયું તોપણ હાલ્યા ય નહીં. એક વર્ષ સુધી ધ્યાનમુદ્રામાં જ ઊભા રહ્યા. વરસાદમાં એમની સાથે વેલા વીંટળાઈ ગયા, એમના પગનાં તળિયાં ઉધઈ વડે ઢંકાઈ ગયાં, પણ એમને તે બાજુ લક્ષ જ ન હતું. એમની તપશ્ચર્યા પુરાણપ્રસિદ્ધ છે. વેલોથી વીંટળાયેલી એમની વિશાળ ૫૭ ફુટ ઊંચી પાષાણની પ્રતિમા શ્રવણબેલગોલા (મૈસૂર)માં આવેલી છે. આ પાષાણ પ્રતિમા ભારતમાં એટલી બધી લોકપ્રિય છે કે એની અનુકૃતિના રૂપમાં લાખો પ્રતિમાઓ આખા ભારતવર્ષના જિનમંદિરોમાં સ્થાપિત થયેલી છે અને દર વર્ષે સ્થાપિત કરવામાં આવે છે.

---

૧ (ક) [illegible] પુરાણ પ્રસ્તાવના, પાન ૨૭–૨૮.
(ખ) જૈ. સ. ઇ. ની., પાન ૬૧.

૨. સંસ્કૃતિના ચાર અધ્યાય, પાન ૧૨૯

ભરત અને બાહુબલી વચ્ચેની લડાઈની ખૂબ જ રોચક કથા પુરાણોમાં આવે છે, જે આ પ્રમાણે છે :—

ભરતને ચક્રરત્નની પ્રાપ્તિ થઈ અને તેઓ ભરતક્ષેત્રના છએ ડોને જીતવા નીકળ્યા. જોકે એમની દિગ્વિજય યાત્રા સકુશળ ી થઈ તોપણ ચક્રરત્ન અયોધ્યાના દ્વાર પર જ રોકાઈ ગયું. અયોધ્યામાં પ્રવેશ્યું નહીં. એના કારણોની તપાસ થઈ ત્યારે બર પડી કે ચક્રરત્ન સંપૂર્ણ છએ ખંડોને આધીન કર્યા વિના ંદર પ્રવેશ કરતું નથી. એવું કોણ છે કે જેણે સમ્રાટ ભરતની ાધીનતા ન માની હોય? ચારે તરફ દૃષ્ટિ ફેરવતાં ખબર પડી કે ત્ર સમ્રાટના નાના ભાઈઓ સિવાય બીજું તો કોઈ બાકી નથી ું. સમ્રાટ ભરતનું આધિપત્ય સ્વીકાર કરવા માટે બધા જ ાઈઓની પાસે રાજદૂતો મોકલવામાં આવ્યા. પ્રાયઃ બધાને સમ્રાટ રતનો આ પ્રસ્તાવ અનુચિત લાગ્યો.

બાહુબલી સિવાય બીજા બધા ભાઈઓને તો સંસારની સ્વાર્થ-રાયણતા જોઈએ વૈરાગ્ય થઈ ગયો અને તેઓએ ઋષભદેવની પાસે ઈને દિગંબરી દીક્ષા ધારણ કરી લીધી, પરંતુ બાહુબલીએ દૂતને હ્યું કે નાનો ભાઈ બાહુબલી મોટાભાઈ ભરતની સામે નમી શકે , પરંતુ રાજા બાહુબલી મહારાજા ભરતની સામે નહીં. જો તેમને ક્તિનો ગર્વ હોય તો હું તેની પરીક્ષા માટે તૈયાર છું. પછી શું હેવું, થોડા જ દિવસોમાં બેઉની સેનાઓ સામસામે આવી ગઈ. ાઉના બુદ્ધિમાન મંત્રીઓએ સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો. ફળતા નહીં મળતાં તેઓએ પરસ્પર વિચાર કર્યો કે આ તો બેઉ હાબળવાન ચરમશરીરી છે, એમનું તો કાંઈ બગડવાનું નથી, તો ાહકનો બેઉ બાજુની સેનાઓનો રક્તપાત શા માટે કરવામાં આવે? ઉ બાજુના મંત્રીઓએ મળીને એમની સામે વિનમ્રતા પૂર્વક ાગ્રહ કર્યો કે આપ બંને જ આપની શક્તિની પરીક્ષા પોતે જ ાં માટે ન કરો? નાહક સેનાઓ શા માટે કપાઈ જાય? બેઉએ

જોકે આ તીર્થંકરો ચક્રવર્તી હોવાને લીધે જીવનચરિત્રમાં કેટલીક વિશેષતાઓ હોવાથી વિશિષ્ટ વર્ણન સંભવિત હતું, પરંતુ ઋષભદેવના ચરિત્રની સાથે જ એમના પ્રથમ પુત્ર ભરત ચક્રવર્તી હોવાને લીધે ચક્રવર્તી સંબંધી બધું જ વર્ણન ત્યાં થઈ જાય છે; એથી અહીં પણ પુનરુક્તિની સંભાવના બની રહે છે.

વીસમા તીર્થંકર મુનિસુવ્રતનાથના સમયમાં ભારતીય સાહિત્યમાં સર્વથી અધિક ચર્ચા પામેલ મહાપુરુષ રામ અને લક્ષ્મણ થઈ ગયા છે. જૈન માન્યતા અનુસાર રામ તીર્થંકર ન હતા, તોપણ જૈન સાહિત્યમાં તેમનું વર્ણન સર્વથી અધિક થયું છે. કેટલાય તીર્થંકર એવા છે જેમના પર સ્વતંત્ર રૂપે કોઈ પુરાણ અથવા મહાકાવ્ય નહીં મળે. પરંતુ રામના જીવનની ચર્ચા કરવાવાળાં અનેક પુરાણ અને [illegible] મળી આવશે. એમાં સૌથી મોટું કારણ રામના જીવનચરિત્રની [illegible] જીવનનું એકપણ એવું અંગ નથી જેના પર રામનું [illegible] ન પડ્યું હોય. રાષ્ટ્રકવિ મૈથિલીશરણ 'ગુપ્ત'નું એ [illegible] —

"[illegible] ચરિત સ્વયં હી કાવ્ય હૈ।
[illegible] કવિ બન જાય સહજ સંભાવ્ય હૈ[1]॥"

[illegible] અનુસાર રામ અને લક્ષ્મણ ત્રેસઠ શલાકા [illegible] રામ બલભદ્ર હતા અને લક્ષ્મણ નારાયણ [illegible] માનવામાં આવ્યા છે. હનુમાનની ગણના કામ[illegible] અને હનુમાન [illegible] જીવનના અંત[illegible] પામ્યા અને પૂર્ણ વીતરાગતા [illegible], પરંતુ તીર્થંકર ભગવંતોની [illegible] કોઈ ફરક નથી. [illegible] અને વીતરાગી હોવાથી

પૂર્ણ પૂજ્ય છે, એમની પાષાણપ્રતિમાઓ આદિનાથ અને મહાવીરની જેમ જ પૂજવામાં આવે છે; તે જ પ્રમાણે રામ પણ પૂર્ણ પૂજ્ય ભગવાન છે.

નેમિનાથ

બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથ શ્રીકૃષ્ણના પીતરાઈ ભાઈ હતા. શૌરીપુર નરેશ અન્ધકવૃષ્ણિને દસ પુત્રો થયા. સૌથી મોટા પુત્રનું નામ સમુદ્રવિજય અને સૌથી નાના પુત્રનું નામ વસુદેવ હતું. સમુદ્રવિજય નેમિનાથના પિતા હતા અને વસુદેવ શ્રીકૃષ્ણના. નેમિનાથની માતાનું નામ શિવાદેવી હતું. જરાસંધના ભયથી યાદવગણ શૌરીપુર છોડીને દ્વારકા નગરીમાં રહેવા લાગ્યા હતા. જરાસંધ એ સમયે અર્ધચક્રવર્તી સમ્રાટ અને પ્રતિનારાયણ હતા. થોડા સમય પછી એને જીતીને શ્રીકૃષ્ણ અર્ધચક્રવર્તી સમ્રાટ બન્યા. શ્રીકૃષ્ણ ત્રેસઠ શલાકા પુરુષોમાં છે. તેઓ નારાયણ હતા અને એમના ભાઈ બલભદ્ર બલદેવ હતા. આ મહાભારતનો યુગ હતો. એમના સમયમાં જ પાંડવો અને કૌરવો થયા જેમનું વિસ્તૃત વર્ણન જૈન પુરાણોમાં મળી આવે છે.

નેમિનાથના વૈરાગ્યનો પ્રસંગ ખૂબ ખૂબ હૃદયદ્રાવક છે. જેનું આલેખન કાવ્યો, ગીતો અને ચિત્રોમાં બહુ પ્રમાણમાં થયું છે. રાજુલનાં વિરહગીત જૈન કવિઓનું મુખ્ય ગેય રહ્યું છે. નેમિ-વિવાહ અને રાજુલ-બારમાસાના રૂપમાં અનેક કાવ્ય અને ગીત મળી આવે છે. આ દૃશ્ય ખૂબ નાટકીય હોવાથી એનો ભાવનાપૂર્ણ અભિનય રંગમંચ પર પણ ખૂબ થયો છે. ઘટના આ પ્રમાણે:—

નેમિકુમારની સગાઈ ગિરનાર પર્વતની નજીક આવેલા પ્રસિદ્ધ નગર જૂનાગઢની રાજકુમારી રાજમતી (રાજુલ)ની સાથે થઈ હતી. એમના લગ્નની બેઉ બાજુએ એમના વિશાળ વૈભવને અનુરૂપ તૈયારીઓ થઈ. ઉત્સવ ચરમ સીમાએ હતો. ખૂબ ધૂમધામ સાથે

જાન જૂનાગઢ પાસે પહોંચી. જૂનાગઢના રાજમહેલમાં જાનની ખૂબ ઉત્કંઠાથી રાહ જોવાઈ રહી હતી. તોરણની બધી તૈયારીઓ થઈ હતી. ચારે બાજુ હર્ષ–આનંદનું વાતાવરણ હતું. સખીઓની વચ્ચે એમની પ્રસંગને અનુકૂળ સ્વાભાવિક છેડછાડમાં પણ ઉપરથી ગંભીર પણ અંદરમાં દ્રવિત રાજુલ પણ, ખૂબ ઉત્સુકતાપૂર્વક જાન આવવાની રાહ જોતી હતી. નેમિકુમારના શુભ સંયોગની સુખદ કલ્પનાઓમાં મગ્ન બનેલી રાજુલ બધું જ ભૂલી ગઈ હતી.

તે સમયે શાન્ત સમુદ્રમાં પ્રલયકારી તોફાનના જેવા સમાચાર આવ્યા કે વધ કરવા માટે પૂરેલા પશુઓના મૂક પોકારથી દ્રવી ઊઠેલા નેમિકુમારના અતિ-સૂક્ષ્મ રાગ-તંતુઓ પણ તૂટી ગયા છે. તેઓ વૈરાગી થઈ ગયા છે. એમણે લગ્ન નહીં કરવાનો દૃઢ નિશ્ચય કરી લીધો છે. તેઓ કંગનને (મીંઢોળને) તોડીને ગિરનાર તરફ ચાલી નીકળ્યા છે. એમનો રાગ વૈરાગ્યમાં પલટાઈ ગયો છે. માતા-પિતા, ધન–ધાન્ય, રાજ્યાદિ સમસ્ત બાહ્ય પરિગ્રહ અને રાગ-દ્વેષાદિ અંતરંગ પરિગ્રહનો સંપૂર્ણપણે ત્યાગ કરી તેઓ નગ્ન દિગંબર સાધુ થઈ ગયા છે.

નેમિકુમારને

બહુ ભારે દાન-પહેરામણી સાથે રાજમહેલોમાં મોકલવા ચાહતા હતા, પરંતુ બધું જ પડી રહ્યું, તે તો સફેદ સાડી પહેરીને ગિરનાર તરફ ચાલી નીકળી. તેમણે પોતાના જમાઈ માટે અનેક મૂલ્યવાન વસ્ત્ર-આભૂષણ તૈયાર કરાવ્યાં હતાં, પરંતુ તેઓ તો શરીરનું વસ્ત્ર પણ ત્યાગીને નગ્ન થઈ ગિરનાર પર્વતના ઊંચામાં ઊંચા શિખર પર જઈ બિરાજમાન થયા. તેઓ રાજુલને વરવા માટે આવ્યા હતા, પરંતુ મુક્તિ-સુંદરી વરવા ચાલ્યા ગયા.

નેમિ-રાજુલના ઉક્ત જીવન-પ્રસંગને જૈન કવિઓએ અતિશય લલિત અને ભાવુક રૂપમાં શબ્દાંકિત કર્યો છે. પ્રાચીન શિલ્પ અને ચિત્રકલામાં પણ એનું અંકન થયું છે. રાજુલનો આ પ્રસંગ ભારતીય ચરિત્રોના વિયોગ પ્રસંગોમાં અજોડ છે. આ સંયોગ-વિરહિત વિયોગ છે. સંયોગની સુખદ કલ્પના સિવાય રાજુલને બીજું શું પ્રાપ્ત થયું હતું?

યશોધરાને થોડો વખત બુદ્ધનો સમાગમ તો પ્રાપ્ત થયો હતો, આશ્રય માટે તેને એક પુત્ર હતો, બુદ્ધ પાછા ફરશે એવી આશા હતી. સીતાને પણ રામનું સુખદ સાહચર્ય મળ્યું હતું, ભવિષ્યમાં પણ આશા હતી—જોકે પરિસ્થિતિ પ્રતિકૂળ હતી છતાં રામનું મન તો બદલાયું ન હતું. તેથી આશાને સ્થાન હતું. રાધા પણ સંપૂર્ણ નિરાશ ન હતી, પણ રાજુલ તો કંઈ પ્રાપ્ત કર્યા વિના જ લૂંટાઈ ગઈ, એની પાસે તો યાદ કરવા માટે પણ કાંઈ ન રહ્યું. એના આધાર નેમિકુમારનું તો મન જ બદલાઈ ગયું છે. આશાની કલ્પના પણ સંભવિત નથી. પ્રાપ્ત કરીને તો બધા લૂંટાય છે પણ એ તો (કાંઈ) મેળવ્યા વિના જ લૂંટાઈ ગઈ. એની કરુણ કથની તો અજોડ છે. એનું નિરૂપણ કરવા કોઈ 'ભવભૂતિ'[1] જોઈએ.

---

૧. સંસ્કૃત સાહિત્યના ઇતિહાસમાં એક ભવભૂતિ નામના મહાકવિ થયા છે, જેમને કરુણ રસના સર્વશ્રેષ્ઠ કવિ માનવામાં આવે છે. એમનું 'ઉત્તર રામચરિત' નામનું પ્રસિદ્ધ સંસ્કૃત નાટક છે, જેમાં આ રસનો પરિપાક એના સ્વરૂપે અજોડ છે.

મુનિરાજ નેમિનાથ આત્મજ્ઞાની તો પહેલેથી હતા જ, આત્મ-સ્થિરતારૂપ ચારિત્રની શ્રેણીઓમાં આગળ વધતા, દીક્ષાના ૫૬ દિવસો પછી જ આત્મસાધનાની ચરમ પરિણતિ ક્ષપક-શ્રેણીનું આરોહણ કરી, કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને ભગવાન નેમિનાથ બન્યા અને સાતસો વર્ષ સુધી સંપૂર્ણ ભારતવર્ષને સન્માર્ગ બતાવતા રહ્યા. છેવટે તેમણે ગિરનાર પર્વતથી જ એક હજાર વર્ષનું આયુષ્ય ભોગવીને મુક્તિ પ્રાપ્ત કરી.

આ કારણે જ ગિરનાર સિદ્ધક્ષેત્ર કહેવાય છે. આ જૈનોનું એક બહુ મોટું તીર્થસ્થાન છે. આ પવિત્ર તીર્થ-ધામ ગુજરાત રાજ્યમાં જૂનાગઢની પાસે છે. અજૈન ભાઈઓ પણ આ તીર્થ-સ્થળને પરમ પવિત્ર માને છે. આ નેમિનાથની નિર્વાણ-ભૂમિ જ નહીં, તપોભૂમિ છે. રાજુલે પણ અહીં જ સાધના કરી હતી. શ્રીકૃષ્ણના પુત્રો પ્રદ્યુમ્નકુમાર અને શમ્ભૂકુમાર અહીંથી જ મોક્ષ ગયા છે. પ્રદ્યુમ્ન-કુમાર કામદેવ હતા.

પાર્શ્વનાથ

તેવીસમા તર્થંકર ભગવાન પાર્શ્વનાથ નિર્વૈરવૃત્તિના સર્વશ્રેષ્ઠ પ્રતીક છે. એમના પૂર્વ-જન્મોની કથામાં એમની સાથે એકતરફી વૈર રાખવાવાળા કમઠની ક્રૂરતા અને એના પ્રતિ પાર્શ્વનાથની નિર્વૈર પરિણતિ સ્વયં અહિંસાની ચરમ ઉપલબ્ધિ છે.

આજથી લગભગ ત્રણ હજાર વર્ષ પહેલાં ઇક્ષ્વાકુ વંશના કાશ્યપ ગોત્રીય વારાણસી નરેશ અશ્વસેનને ત્યાં એમની વિદુષી પત્ની વામાદેવીના ઉદરથી પોષ વદી અગિયારસના દિવસે એક મહાન તેજસ્વી અપૂર્વ બાળકનો જન્મ થયો—જેનું નામ પાર્શ્વકુમાર રાખ્યું હતું. બાળક પાર્શ્વકુમાર જન્મથી જ પ્રતિભાશાળી, ચમત્કારી બુદ્ધિના ભંડાર, અનેક સુલક્ષણી સુજ્ઞ અને વિરક્ત બાળક હતા. જો કે એમને ભોગસામગ્રીની કોઈ કમી ન હતી, તેમ છતાં એને

માટે એમના હૃદયમાં કોઈ સ્થાન ન હતું. વૈભવની છાયામાં ઉછરવા છતાં પણ પાણીમાં રહેવાવાળા કમળની જેમ તે એનાથી અલિપ્ત જ હતા. યુવાન થયા એટલે માતા પિતાએ ખૂબ પ્રયત્નો કર્યા, પણ એમને લગ્ન કરવા માટે રાજી ન કરી શકયાં.

તેઓ જન્મથી આત્મજ્ઞાની તો હતા જ, એમનું મન પણ હમેશાં સંસારથી ઉદાસ રહેતું હતું. એક દિવસ સવારે તેઓ પોતાના સાથીઓની સાથે ફરવા જઈ રહ્યા હતા. રસ્તામાં તેમણે જોયું કે તેમના નાના સાધુવેશમાં પંચાગ્નિ-તપ તપી રહ્યા છે. બળી રહેલી અગ્નિમાં એક નાગ–નાગિનીનું જોડું હતું, એ પણ બળી રહ્યું હતું. પાર્શ્વકુમારે પોતાના દિવ્યજ્ઞાન (અવધિજ્ઞાન) વડે આ બધું જાણી લીધું અને એમને આ પ્રકારનું કામ કરવા ના પાડી, પણ જ્યાંલગી તે લાકડાને ફાડીને જુએ નહીં, ત્યાંલગી તેમણે એમની વાત માની નહીં. લાકડું ફાડતાં જ એમાંથી અર્ધા બળેલાં નાગ-નાગિની નીકળ્યાં. પાર્શ્વકુમારે એ નાગ–નાગિનીને સંબોધન કર્યું અને તે મંદકષાયપણે મરીને ધરણેન્દ્ર–પદ્માવતી થયાં.

આ હૃદય–વિદારક ઘટનાથી પાર્શ્વકુમારનું કોમળ હૃદય વૈરાગ્ય-મય બની ગયું. અને પોષ વદી અગિયારસને દિવસે તેઓ દિગંબર સાધુ થઈ ગયા.

એક વખતે અખંડ મૌનવ્રતધારી તે પાર્શ્વમુનિરાજ અહિક્ષેત્રના વનમાં ધ્યાનસ્થ હતા. તે સમયે તેમના પૂર્વ જન્મનો શત્રુ સંવર નામનો દેવ (કમઠનો જીવ) આકાશમાર્ગે જઈ રહ્યો હતો. એમને જોઈ એનું પૂર્વ વૈર જાગૃત થઈ ગયું અને એણે મુનિરાજ પાર્શ્વનાથ પર ઘોર ઉપસર્ગ કર્યો. પાણીનો વરસાદ વરસાવ્યો, બરફના કરા વરસાવ્યાં, ભયંકર તોફાન ચલાવ્યું, અને પત્થર સુદ્ધાંની વર્ષા કરી, પરંતુ એમને આત્મઆરાધનાથી તે ડગાવી શકયો નહીં.

જ્યારે સંવર દેવ એમના પર ઉપસર્ગ કરી રહ્યો હતો ત્યારે ધરણેન્દ્ર–પદ્માવતીએ તેમના ઉપસર્ગને દૂર કરવાનો પ્રયત્ન કર્યો હતો.

જોકે પાર્શ્વનાથ પોતાની આત્મસાધનામાં સંપૂર્ણ સુરક્ષિત હતા, એમને અન્યના સહયોગની રંચમાત્ર પણ આવશ્યકતા અને આકાંક્ષા ન હતી અને ન તો કોઈ અન્યના સહયોગથી એમને કાંઈ લાભ થયો; તોપણ ધરણેન્દ્ર-પદ્માવતીએ પોતાના વિકલ્પ અનુસાર પ્રયત્ન કર્યો હતો. એના પ્રતીક સ્વરૂપે ભગવાન પાર્શ્વનાથની ઘણી પ્રતિમાઓમાં સર્પનો ફણામંડપ રચેલો જોવામાં આવે છે. એક યુગ એવો આવ્યો કે આ પ્રકારની ઘણી મૂર્તિઓ બની પણ તે બહુ પ્રાચીન નથી. શાસ્ત્રીય દૃષ્ટિએ પણ તે બરાબર નથી કેમકે મૂર્તિ અરહંત અવસ્થાની માનવામાં આવે છે અને અરહંત અવસ્થામાં કોઈ ઉપસર્ગ હોતો નથી, એ નિયમ છે. ઉપસર્ગ સમયની મૂર્તિ મુનિ પાર્શ્વનાથની હોઈ શકે છે, ભગવાન પાર્શ્વનાથની નહીં. આ પ્રમાણે બાહુબલિની મૂર્તિના સંબંધમાં પણ વિચારણીય છે. વેલોવાળી મૂર્તિ મુનિરાજ બાહુબલિની હોઈ શકે છે, અરહંત ભગવાન બાહુબલિની નહીં; પરંતુ આ પરંપરા ચાલી છે અને ચાલી રહી છે. ભારતભરમાં કોઈપણ જિન-મંદિરમાં ફેણવાળી ભગવાન પાર્શ્વનાથની અને વેલોવાળી બાહુબલિની પ્રતિમાઓ જોવામાં આવે છે.

મુનિરાજ પાર્શ્વનાથને ચૈત્ર વદી ચૌદશના દિને આત્મતલ્લીનતાની દશામાં કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને તેઓ ભગવાન પાર્શ્વનાથ બની ગયા. આ પછી લગભગ સીત્તેર વર્ષ સુધી ભારતવર્ષમાં તેમનો સમવસરણ સહિત વિહાર અને ઉપદેશ થતો રહ્યો. અંતમાં તેમણે સો વર્ષનું આયુષ્ય પૂરું કરીને સમ્મેદશિખરથી નિર્વાણપદ પ્રાપ્ત કર્યું. આ કારણે જ સમ્મેદશિખરને 'પાર્શ્વનાથ હિલ' કહેવામાં આવે છે, રેલવે સ્ટેશનનું નામ પણ પારસનાથ છે. આ સ્થાન બિહાર પ્રાંતના હજારીબાગ જિલ્લામાં ઇસરીની પાસે આવેલું છે. આ જૈનોનું સૌથી મોટું તીર્થક્ષેત્ર છે. અહીંથી ચોવીસ તીર્થંકરો પૈકી વીસ તીર્થંકરોએ નિર્વાણપદ પ્રાપ્ત કર્યું છે. અહીં દર વર્ષે લાખો જનસમૂહ યાત્રા કરવા માટે આવે છે.

પૂર્વ સંસ્કારને લીધે જન્મથી જ વૈરાગ્યવૃત્તિ ધારણ કરવાવાળા રાજા નંદ એક દિવસે પ્રોષ્ઠિલ નામના મુનિરાજની પાસે દર્શનાર્થ ગયા અને જેવી રીતે સ્વયં પ્રજ્વલિત અગ્નિ ઘી પડી જતાં ખૂબ અધિક વેગથી પ્રજ્વલિત બની જાય છે, તેવી જ રીતે વૈરાગ્ય પ્રકૃતિ-વાળા રાજા નંદનો વૈરાગ્ય મુનિરાજના વૈરાગ્ય–ઉત્પાદક ઉપદેશથી ખૂબ વધી ગયો અને એણે તે જ મુનિરાજ પાસેથી દીક્ષા ધારણ કરી લીધી.

નિરંતર આત્મધ્યાન અને તત્ત્વાભ્યાસમાં જ રચ્યા-પચ્યા રહેનાર મુનિરાજ નંદ અગિયાર અંગોના પારગામી વિદ્વાન થઈ ગયા. જગતનો ઉદ્ધાર કરવામાં સર્વોત્કૃષ્ટ નિમિત્તભૂત તીર્થંકર પ્રકૃતિ નામના મહાપુણ્યનો બંધ કરવામાં કારણરૂપ સોળ ભાવનાઓનું ચિંતવન તેમને સહજ જ થવા માંડ્યું અને એમણે આ જ ભવમાં તીર્થંકર પ્રકૃતિ બાંધી, જેના પરિણામસ્વરૂપે જ તેઓ આગળ જતાં અંતિમ તીર્થંકર ભગવાન મહાવીર થયા. અંતે સમાધિની દશામાં મરણ થતાં તે મુનિરાજ નંદ સોળમા સ્વર્ગમાં દેવ થયા.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે તીર્થંકર ભગવાન મહાવીરે પોતાના પૂર્વ ભવોમાં અનેક ચઢતી–પડતી જોઈ છે. જ્યાં એક તરફ પુણ્યના પરમ પ્રકર્ષને પ્રાપ્ત કરી નારાયણ, ચક્રવર્તી જેવાં પદો પ્રાપ્ત કર્યાં અને કેટલીય વાર સ્વર્ગ–સંપદાઓ ભોગવી તો બીજી તરફ પાપની અધિકતામાં સાતમી નરકનાં દુઃખ પણ ભોગવ્યાં; પરંતુ પુણ્ય–પાપ બેઉમાં ક્યાંય શાંતિનો અનુભવ ન થયો, સંસાર પરિ-ભ્રમણ જ થયું.

શુભાશુભ ભાવરૂપ પુણ્ય–પાપનું ફળ ચતુર્ગતિ ભ્રમણ જ છે. શુભાશુભ ભાવના અભાવરૂપ જે વીતરાગભાવ છે તે જ ધર્મ છે; તે જ સુખનું કારણ છે. વીતરાગ ભાવની ઉત્પત્તિ આત્માનુભૂતિપૂર્વક થાય છે. જ્યારે સિંહની પર્યાયમાં આત્માનુભૂતિ પ્રાપ્ત કરી ત્યારે જ તે સંસારના કિનારે પહોંચ્યા. આથી પ્રત્યેક આત્માર્થીએ વીતરાગ-

ભાવની પ્રાપ્તિ માટે આત્માનુભૂતિ અવશ્ય પ્રાપ્ત કરવી જોઈએ. આ જ એકમાત્ર સાર છે.

તીર્થંકર ભગવાન મહાવીરના પૂર્વ ભવોની ચર્ચાથી જૈનદર્શનની એ વિશેષતા વિશેષ રૂપથી પ્રગટ થાય છે કે જૈનદર્શનનો માર્ગ નરથી નારાયણ બનવા સુધીનો જ નહીં, આત્માથી પરમાત્મા બનવાનો—સિંહથી ભગવાન બનવાનો છે. પૂર્વ ભવોની ચર્ચા આપણને આશ્વાસન દે છે કે આપણી વર્તમાન દશા માત્રને જોઈને કોઈ પણ પ્રકારે ગભરાવાની જરૂર નથી. જ્યારે ભગવાન મહાવીરનો આત્મા સિંહ જેવી પર્યાયમાં પણ આત્માનુભૂતિ કરી શકે છે તો આપણે તો મનુષ્ય છીએ, આપણને આત્માનુભૂતિ કેમ પ્રાપ્ત થઈ ન શકે? આત્માનુભૂતિ પ્રાપ્ત કરીને સિંહ પણ ભગવાન થઈ ગયો, ભલે દસ ભવ પછી તો પછી; તો આપણે કેમ ન બની શકીએ? કદાચ એમાં પાંચ-દસ ભવ પણ લાગે તો કોઈ વાત નહીં. આ અનાદિ-અનંત સંસારમાં પાંચ-દસ ભવની શું કિંમત છે?

એ વાત પણ આપોઆપ પૂરી થઈ જાય છે કે પંચમકાળમાં મુક્તિ થતી જ નથી, તેથી હમણાં તો શુભભાવ કરીને સ્વર્ગાદિ પ્રાપ્તિનો ઉપાય કરવો જોઈએ. ભલે મુક્તિ આ
હોય, પરંતુ સિંહની જેમ આત્માનુભૂતિ પ્રાપ્ત કરી
પૂર્વક આરંભ તો થવો જ જોઈએ.

બાજુ એકદમ સન્નાટો છવાઈ ગયો. પોતાને વિષમ સ્થિતિમાં આવી પડેલા જોઈ અન્ય રાજકુમારો ભયથી ધ્રુજવા માંડ્યા, પરંતુ અનેક પ્રયત્નો કરવા છતાં પણ તે ભયંકર નાગરાજ ધીર-વીર બાળક વર્ધમાનને ડગાવી શક્યો નહીં. મહાવીર વર્ધમાનને પોતાની તરફ નિર્ભય અને નિઃશંકપણે આવતા જોઈને તે ભયંકર નાગરાજનો મદ ઊતરી ગયો. તેણે પોતાનું ખરું સ્વરૂપ પ્રગટ કરી દીધું અને તે બાળક વર્ધમાનનાં ધૈર્ય અને વીરતા જોઈને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો—આપ ખરેખર વીર છો, વીર જ નહીં, મહાવીર છો. આપની વીરતાની પ્રશંસા જેટલી કરવામાં આવે એટલી થોડી છે.

વર્ધમાન મીઠું હસીને બોલ્યા—એમાં વીરતાની શું વાત છે? શું [illegible] ન ડરવું એ જ વીરતા અને મહાવીરતા છે? શું વીરતાની [illegible] દુનિયામાં આ જ રહી છે? જો હા, તો બધા જ મહારી [illegible] અને તમે મારી કસોટી કરવા આવ્યા હતા અને હવે [illegible] પણ આપી રહ્યા છો! પણ મને [illegible] ક્યાં છે? શું ભવિષ્યમાં વીરતા પ[illegible] [illegible] કસોટી કરવી હોય તો પોતાની જ ક[illegible] [illegible] પોતાને જ પરખો, બીજાને શા માટે પ[illegible] [illegible] બીજાઓને જ બ[illegible] [illegible] પણ થઈ જશે.

[illegible] સાંભળીને સં[illegible] [illegible] સ્તુતિ-વંદના કરવા લા[illegible] [illegible] નગરમાં [illegible] અનિ[illegible]

[illegible]

ચપટી વગાડતામાં જ કરી દેતા હતા. દાર્શનિક ચર્ચાના રસિક વર્ધમાન વાત વાતમાં જ મહત્ત્વપૂર્ણ દાર્શનિક સિદ્ધાંત પોતાના સાથીઓના ગળે ઉતારી દેતા હતા.

એક દિવસે તેઓ રાજમહેલના ચોથા મજલા પર એકાંતમાં વિચારમગ્ન બેઠા હતા. એમના બાલ-સાથી એમને મળવા માટે આવ્યા અને માતા ત્રિશલાને પૂછવા લાગ્યા–'વર્ધમાન ક્યાં છે'? ગૃહકાર્યમાં તલ્લીન માતાએ સહજ જ કહી દીધું 'ઉપર'. બધા બાળકો ઉપર દોડી ગયા અને અને હાંફતાં હાફતાં સાતમા મજલે પહોંચી ગયાં, પણ ત્યાં વર્ધમાનને જોયા નહીં. જ્યારે એમણે સ્વાધ્યાયમાં લીન રાજા સિદ્ધાર્થને વર્ધમાનના સંબંધમાં પૂછયું તો એમણે ગરદન ઊંચી કર્યા વિના જ કહી દીધું 'નીચે'. માતા અને પિતાનાં પરસ્પર વિરોધી કથનો સાંભળીને બાળકો દ્વિધામાં પડી ગયાં. છેવટે તેમણે એક–એક મજલે શોધવાનું શરૂ કર્યું અને ચોથે મજલે વર્ધમાનને વિચારમગ્ન બેઠેલા જોયા. બધા સાથીઓએ ઠપકો દેતાં કહ્યું—'તમે અહીં છુપાઈને દાર્શનિકો જેવી મુદ્રામાં બેઠા છો અને અમે સાતે મજલા ફરી વળ્યા." "માતાજીને કેમ ન પૂછયું?" વર્ધમાને સહજ પ્રશ્ન કર્યો. સાથીઓએ કહ્યું—'પૂછવાથી તો બધી ગડબડ થઈ. માતાજી કહે છે—'ઉપર' અને પિતાજી 'નીચે'. ક્યાં શોધવું? કોણ સાચું છે?' વર્ધમાને કહ્યું–'બેઉ સાચાં છે; હું ચોથા મજલે હોવાથી માતાજીની અપેક્ષા 'ઉપર' અને પિતાજીની અપેક્ષા 'નીચે' છું, કેમકે માતાજી પહેલે મજલે અને પિતાજી સાતમા મજલા પર છે. આટલું પણ નથી સમજતા? ઉપર–નીચેની સ્થિતિ સાપેક્ષ છે. અપેક્ષા વિના ઉપર–નીચેનો પ્રશ્ન જ નથી ઊઠતો. વસ્તુની સ્થિતિ 'પર'થી નિરપેક્ષ હોવા છતાં પણ તેનું કથન સાપેક્ષ હોય છે.' આ પ્રમાણે બાળક વર્ધમાન ગહન સિદ્ધાંતો બાળકોને પણ સહજ સમજાવી દેતા હતા.

તેઓ શાંત પ્રકૃતિના તો હતા જ, યુવાવસ્થામાં પ્રવેશ કરતાં

કોઈ બીજાઓને કારણે વિરક્ત થયા ન હતા, એમની વિરક્તિ એમના અંતરની સહજ વીતરાગ-પરિણતિનું પરિણામ હતું. તેથી એમનું વૈરાગ્ય જરાય અંકાવિત જ ન હતું, વૈરાગ્યનું કોઈ કારણ જ ન હતું. તે અર્થહીનો રાગ રહ્યો જ ન હતો જેમાં તેઓ કોઈથી બંધાઈ શકાય અથવા બંધાયેલા રહી શકે.

તેઓ કોઈ બીજાઓના કહ્યાપૂર્વક સાધુ થવા ઇચ્છતા ન હતા. બહેતર તો તેઓ સાધુ થવા ઇચ્છતા ન હતા, બલ્કે સાધુતા તેમનામાં પ્રગટ થઈ ગઈ હતી. એમનું ચિત્ત જગત પ્રત્યે સહજ ન રહેતું, આત્મનિષ્ઠ હતું. દેશ-કાળની પરિસ્થિતિઓને લીધે એમણે પોતાની વાસનાઓનું દમન કર્યું ન હતું. એમને દમન કરવાની આવશ્યકતા પણ ન હતી, કેમકે વાસનાઓ આપમેળે અસ્ત થઈ ગઈ હતી.

એમના સાધુ થવાનાં કારણોની તપાસ તે સમયની પરિસ્થિતિઓમાં કરવી વ્યર્થ છે, એમનો વૈરાગ્ય પરોક્ષજન્ય ન હતો. પરિસ્થિતિ-જન્ય વૈરાગ્ય પરિસ્થિતિઓ પૂરી થતાં સમાપ્ત થઈ જાય છે.

એમના આ નિર્ણયને જાણીને લૌકાંતિક દેવોએ આવી એમના આ કાર્યની પ્રશંસા કરી, એમની વંદના કરી, ભક્તિ કરી. ઇન્દ્રે આવીને એમના દીક્ષા (તપ)-કલ્યાણકના મહાન ઉત્સવની વ્યવસ્થા પણ કરી.

પ્રભુની દીક્ષા પ્રસંગનો મહોત્સવ ખૂબ જ આડંબરપૂર્ણ હતો. એમનું આ મહાભિનિષ્ક્રમણ મહાન સુંદર હોવા છતાં સાથેની વીરતાને કારણે એમના નિકટવર્તી જનોને પીડાકારક થઈ ગયું હતું. આગળની પાછળથી કોણ ઉઠાવે એ [illegible] માં [illegible] અને [illegible] માં [illegible] થઈ ગયો. કેટલાંક ભિન્ન શક્તિ [illegible] છતાં વિરક્ત [illegible]. કેમકે અહીં સહજ [illegible] ન [illegible], [illegible] હતી. [illegible] [illegible] [illegible] હતી. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જ [illegible] [illegible] [illegible]. આ [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible] [illegible]

સાથે પોતાના કુંદન અને રેશમની વસ્ત્રઓનો ત્યાગ ભગવાન જશે. પરંતુ શું થઈ શકે તેમ હતું? ભગવાનની પાલખી ઓળી પહેલાં માનવોઓ ઉપાડી, પછીથી દેવોએ.

આ પ્રમાણે ભગવાન ત્રીસ વર્ષના ભરયૌવનમાં માગશર વદી દશમને દિવસે નગ્ન-દિગંબર થઈ સ્વયં દીક્ષિત થઈ ગયા. ભગવાન વર્ધમાનને બધાથી રાગ તૂટી ગયો હતો. એમના એમના સઘળા વેશ છૂટી ગયા હતા. એમણે બધાં વસ્ત્રાભૂષણોનો ત્યાગ બુદ્ધિપૂર્વક, વિકલ્પપૂર્વક કરી દીધો; કેમકે તેમને એમનાથી કાંઈ પ્રયોજન જ રહ્યું ન હતું. એમણે બુદ્ધિપૂર્વક બધું છોડ્યું હતું. કાંઈ પહેર્યું ન હતું. તેઓ સાધુ બન્યા નહીં, થઈ ગયા.

સાધુ બનવામાં વેશ બદલવો પડે છે, સાધુ થવામાં ખુદ પોતે જ બદલાઈ જાય છે. પોતે બદલાઈ જવાથી વેશ પણ સહજ જ બદલાઈ જાય છે. વેશ બદલાઈ શું જાય, સહજ વેશ થઈ જાય છે, યથાજાત વેશ થઈ જાય છે; જેવો જન્મ્યો હતો તેવો રહી જાય છે, બાકી બધો છૂટી જાય છે.

ખરેખર તો સાધુનો કોઈ ડ્રેસ (વેશ) જ નથી. બધા ડ્રેસોનો ત્યાગ જ સાધુનો વેશ છે. ડ્રેસ બદલવાથી સાધુતા નથી આવતી, સાધુતા આવવાથી ડ્રેસ છૂટી જાય છે. યથાજાતરૂપ (નગ્ન) જ સહજ વેશ છે, અન્ય બધા વેશ તો શ્રમસાધ્ય છે, ધારણ કરવા રૂપ છે. તે સાધુના વેશ હોઈ શકતા નથી કેમકે એમાં ગાંઠ છે, એમાં ગાંઠ બાંધવી અનિવાર્ય છે; સાધુતા બંધન નથી, એમાં સર્વ બંધનોનો અસ્વીકાર છે. સાધુનો કોઈ વેશ નથી હોતો, નગ્નતા એ કોઈ વેશ નથી. વેશ એ તો સાજ-શણગાર છે, સાધુને સજવાની અને શણગારની ફુરસદ જ ક્યાં છે? એને સજવાનો ભાવ જ ચાલ્યો ગયો છે. સજવામાં 'હું બીજાઓને કેવો લાગું છું?' એવો ભાવ મુખ્ય હોય છે. સાધુને બીજાઓથી પ્રયોજન જ નથી, તે તો જેવા છે તેવા છે. તેઓ પોતામાં એવા નિમગ્ન હોય છે કે

કામ જ નથી. બીજા એમના સંબંધમાં શું વિચારે છે એની એને પરવા જ હોતી નથી. બધા વેશ શ્રૃંગાર-સૂચક છે. સાધુને શ્રૃંગારની આવશ્યકતા જ નથી. આથી એમને કોઈ વેશ હોતો નથી.

દિગંબર કોઈ વેશ નથી, સંપ્રદાય નથી; વસ્તુનું સ્વરૂપ છે. પણ આપણે વેશોને દેખવામાં એટલા આદતવાળા થઈ ગયા છીએ કે વેશ વિના વિચારી જ શકતા નથી. આપણી ભાષા વેશોની ભાષા થઈ ગઈ છે. એથી આપણે માટે દિગંબર પણ વેશ થઈ પડયો છે. થઈ શું પડયો હોય–કહેવાવા લાગ્યો છે. બધા વેશોમાં કાંઈક ઉતારવાનું હોય છે અને કાંઈક પહેરવાનું હોય છે પણ આમાં તો છોડવાનું જ છોડવાનું છે. પહેરવાનું કાંઈ નથી. છોડવાનું પણ શું હોય,–છૂટી જવું હોય છે. અંતરમાં બધું જ છૂટી ગયું છે, શરીર પણ છૂટી ગયું છે; પણ બહારથી માત્ર વસ્ત્ર જ છૂટયાં છે, શરીર છૂટવામાં થોડો સમય લાગી શકે, તે પણ છૂટવાનું છે કેમકે તેના પ્રત્યે જે મમતા હતી તે તૂટી ગઈ છે. શરીર રહી ગયું છે તો રહી ગયું છે, જ્યારે છૂટશે ત્યારે છૂટી જશે, પરંતુ એની પણ ચિંતા છૂટી ગઈ છે.

મહાવીર મુનિરાજ વર્ધમાન નગર છોડીને વનમાં ચાલ્યા ગયા. પણ તેઓ વનમાં પણ કયાં ગયા છે? તેઓ તો પોતામાં ચાલ્યા ગયા છે, એમને વન સંબંધી પણ પોતાપણું કયાં છે? એમને વનવાસી કહેવા પણ ઉપચાર છે, કેમકે તેઓ વનમાં પણ કયાં રહ્યા છે? તેઓ તો આત્મવાસી છે. નથી એમને નગરથી પ્રેમ, નથી વનથી; તેઓ તો બેઉથી અલગ થઈ ગયા છે, એમને તો પરથી ભિન્નતા જ ભિન્નતા છે.

રાગી વનમાં જશે તો ઝૂંપડી બનાવશે, ત્યાં પણ ઘર વસાવશે, ગામ અને નગર વસાવશે; ભલે એનું નામ કોઈ પણ હોય, છે તો એ ઘર જ. રાગી વનમાં પણ મંદિરના નામે મહેલ વસાવશે, મહેલોમાં પણ ઉપવન વસાવશે. તે વનમાં રહીને પણ મહેલોને છોડશે નહીં, મહેલમાં રહીને પણ વન છોડશે નહીં.

[illegible]

ઓછું ઓછું ખાવું [illegible] સમતાપૂર્વક જ આનંદ [illegible] તો પછી એનું કહેવું જ શું ?

શેઠાણી સુભદ્રા બાળા ચંદનાને ખાવા માટે માટીના વાસણમાં માત્ર કોદરાનો ભાત, તે પણ કાંજી મેળવીને આપતી હતી. અને હંમેશાં સાંકળથી બાંધીને રાખતી હતી. ચંદના આ માઠા દિવસોને દુર્ભાગ્યનો પરિપાક સમજીને શાંતભાવ પૂર્વક વિતાવી રહી હતી. એ સિવાય બીજો કોઈ ઉપાય પણ ન હતો. કરે પણ શું ?

એક દિવસ મુનિરાજ વર્ધમાન વત્સ દેશની આ જ કૌશામ્બી નગરીમાં આહાર માટે આવ્યા, જ્યાં ચંદના બંધનમાં હતી. મુનિરાજ એ મકાન આગળથી નીકળ્યા જેમાં ચંદના કેદીની જેમ જીવન વ્યતીત કરી રહી હતી. ચંદનાના તો ભાગ્ય ખુલી ગયાં. નગ્ન-દિગંબર મુનિરાજને જોઈને તે પુલકિત થઈ ગઈ. મુનિરાજની વંદના માટે તે એકદમ દોડી ગઈ. ભક્તિ અને ભાવુકતાની એ ક્ષણોમાં તે એ પણ ભૂલી જ ગઈ હતી કે 'હું બંધનમાં છું.' એ તો એવી દોડી કે તે બંધાયેલી જ ન હોય; અને લોકોના આશ્ચર્યનો પાર ન રહ્યો; તે ખરેખર બંધન-મુક્ત થઈ ગઈ હતી, એની બેડીઓ તૂટી ગઈ હતી, એનાં બંધન ખુલી ગયાં હતાં. એના ખંડિત વાળ અખંડિત થઈ

ગયા હતા. આ બધું કેવી રીતે થયું, કોઈને કાંઈ સમજમાં આવી રહ્યું ન હતું. લોકો પોતાના સ્વાર્થમાં મગ્ન થઈ રહ્યા હતા અને ચંદના ચંદનામાં લીન હતી. એને તો નિધિ મળી ગઈ હતી. એને ધ્યાન જ ન રહ્યું કે–હું ભગવાનને ભોજન માટે પડગાહન તો કરી રહી છું પણ ખવડાવીશ શું ? શું માટીના શકોરામાં કોદરાનો ભાત ખવડાવીશ ? એણે તો પડગાહન કરી જ દીધું અને એમને યોગ્ય આહારની બધી સમુચિત વ્યવસ્થા થઈ ગઈ.

આ બધું શું થયું ? કેવી રીતે થયું ? વિચારનારા વિચારતા જ રહ્યા અને ત્યાં તો ચંદનાને હાથે ભગવાનનો આહાર પણ થઈ ગયો. જયજયકારના ગુંજાર ભગવાન વનમાં પાછા ચાલ્યા ગયા. ચંદનાની ચંદના સફળ થઈ ગઈ. એનાં બંધન કપાઈ ગયાં. આગળ જતાં આ જ ચંદના ભગવાન મહાવીરના સમોસરણમાં દીક્ષિત થઈને આર્યિકાઓમાં શ્રેષ્ઠ મુખ્ય ગણિની બની.

વીર પ્રભુના મહિમાની સાથે-સાથે ચંદનાના ભાગ્યની પ્રશંસા પણ સહજ થવા લાગી. ઘરે અને ચૌટે બધે આ જ ચર્ચા હતી. કોઈ કહી રહ્યું હતું—બંધન ત્યાં સુધી બંધન છે જ્યાં લગી બંધનની અનુભૂતિ હોય છે. જો કે પર્યાયમાં બંધન છે, તોપણ આત્મા તો અબંધસ્વભાવી જ છે. અનાદિકાળથી આ અજ્ઞાની પ્રાણી અબંધસ્વભાવી આત્માને ભૂલીને 'બંધન' પર કેન્દ્રિત થઈ રહેલ છે. વાસ્તવમાં તો બંધનની અનુભૂતિ જ બંધન છે. ખરેખર તો 'હું બંધાયેલ છું'—એ વિકલ્પથી જ આ જીવ બંધાયેલો છે. લૌકિક બંધન કરતાં વિકલ્પનું બંધન અધિક મજબુત હોય છે. વિકલ્પનું બંધન તૂટી જાય તથા અબંધની અનુભૂતિ દઢપણે થઈ જાય તો બહારનાં બંધન પણ સહજ તૂટી જાય છે. બંધનના વિકલ્પથી, સ્મરણથી, મનનથી દીનતા-હીનતાનો વિકાસ થાય છે. અબંધની અનુભૂતિથી, મનનથી, ચિંતનથી શૂરતાનો વિકાસ થાય છે, પુરુષાર્થ સહજ જાગૃત થાય છે. પુરુષાર્થની જાગૃતિમાં બંધન ક્યાંથી ?

સાંજનો સમય હતો. હસ્ત અને ઉત્તર નક્ષત્રના મધ્યભાગમાં ચંદ્રમા આવી ગયો હતો. તે સમયે તેમણે આત્માના આશ્રયે પરિણામોની અત્યંત શુદ્ધદશાની ઉપલબ્ધિ કરી. અત્યંત ઉગ્ર પુરુષાર્થ દ્વારા અપ્રતિપાની ક્ષપકશ્રેણીનું આરોહણ કરી તેઓ શુક્લધ્યાનમાં સ્થિત થઈ ગયા. આત્મનિમગ્નતાની અત્યંત ઉગ્રતમ દશા દ્વારા અંતરમાં વિદ્યમાન સૂક્ષ્મ રાગનો પણ અભાવ કરીને તેમણે પૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત કરી લીધી. પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત થતાંની સાથે જ અનન્તર સમયમાં તેમને પૂર્ણજ્ઞાન (કેવળજ્ઞાન) પણ પ્રાપ્ત થઈ ગયું.

હવે તેઓ પૂર્ણ વીતરાગી, સર્વજ્ઞ થઈ ગયા હતા, એથી ભગવાન કહેવાયા. મોહ રાગ-દ્વેષરૂપી શત્રુઓને સંપૂર્ણપણે જીતી લેવાથી તેઓ સાચા મહાવીર બન્યા. એ જ સમયે તીર્થંકર નામના મહા પુણ્યોદયથી તેમને તીર્થંકર પદની પ્રાપ્તિ થઈ અને તેઓ તીર્થંકર ભગવાન મહાવીરના રૂપે પ્રખ્યાત થયા. અત્યાર સુધી તેઓ

જવાનો અધિકાર છે. નાના-મોટા અથવા નાત-જાતના કો
ત્યાં લગી કે એમાં મુનિ-આર્જિકાઓ, શ્રાવક-શ્રાવિકાઓ,
ઓની સાથે-સાથે પશુઓને બેસવાની પણ વ્યવસ્થા
ઘણાં પશુ-પક્ષી પણ શાંતિપૂર્વક ધર્મ-શ્રવણ કરતાં હો
તીર્થંકરોના સમવસરણમાં સર્વપ્રાણી સમભાવ મળી આ
અન્યત્ર દુર્લભ છે.

સમવસરણની રચના ખૂબ જ અદ્ભુત હોય છે.
પ્રવક્તા તીર્થંકર જેવા મહાપુરુષ અને વ્યવસ્થાપક સ્વયં
એ સભાનું વર્ણન શબ્દોમાં સંભવિત નથી, તોપણ જૈ
સમવસરણની રચનાનું વિસ્તારથી વર્ણન આવે છે. જિજ્ઞા
પોતાની વિશેષ જિજ્ઞાસા ત્યાંથી શાંત કરવી.

ઋજુકૂલા નદીના કિનારા પરના નજીકના બધા પ્રદે
ઘોષ દ્વારા સૂચના અપાઈ ગઈ અને શ્રોતાઓનો વિશાળ
તીર્થંકર ભગવાન મહાવીરની દિવ્ય-વાણી સાંભળવા ઉ
સભા-મંડપ ખીચોખીચ ભરાઈ ગયો, પણ ભગવાનની
નહીં. સમય પૂરો થતાં લોકો ઉદાસ થઈ ઘેર ચાલ્યા ગ
ભગવાનનાં દર્શન મળવાનો પરમ સંતોષ હતો, પરંતુ વ
વાનો અવસર નહીં મળવાથી ઉદાસપણું પણ સહજ હ

આ બધું એક દિવસ જ ન બન્યું, એનું પુનરાવ
દિવસો સુધી થતું રહ્યું. જનતા એકઠી થતી પણ દિવ્ય-
નહીં. થોડા દિવસો પછી ભગવાનનો ત્યાંથી વિહાર થઈ
જનતા તૃષાતુર જ રહી. એમનાં દિવ્ય પ્રવચનોનો લાભ એ

વિહાર થતાં જ સમવસરણ વિખરાઈ ગયું, પરંતુ
ભગવાન રોકાઈ ગયા ત્યાં ફરી તરત જ સમવસરણની રચ

વિશાળ સમવસરણ રચાયું અને અમર્યાદિત જન-સમુદાય પણ એમનાં દર્શન અને શ્રવણ માટે ઉપસ્થિત થયો, પણ ભગવાનનું મૌન તૂટ્યું નહીં. પાંસઠ દિવસો પૂરા થઈ ગયા હતા. બધા શ્રોતાઓની સાથે સાથે મુખ્ય નિયામક સૌધર્મ ઇન્દ્રનું ધૈર્ય પણ સમાપ્ત થઈ રહ્યું હતું. જોકે અત્યાર સુધી તેઓ એટલા માટે નિશ્ચિંત હતા કે સમય આવ્યે ભગવાન જરૂર બોલશે-કેમકે તેઓ તીર્થંકર કેવલી છે; તેમ છતાં ૬૫ દિવસની લાંબી અવધિએ એમને પણ વ્યગ્ર કરી દીધા. એમણે પોતાના અવધિજ્ઞાનનો પ્રયોગ કરીને સર્વ કારણોની સમ્યક્ મીમાંસા કરી. ઉપસ્થિત જન-સમુદાયમાં ભગવાનના મુખ્ય શિષ્ય, જેમને ગણધર કહે છે તે બનવાની યોગ્યતા કોઈમાં ન દેખી. એમણે પોતાની દૃષ્ટિનો ફેલાવ વધુ વિશાળ કર્યો અને ઇન્દ્રભૂતિ નામના મહાન વિદ્વાન પર જઈને એમની દૃષ્ટિ રોકાઈ ગઈ.

ઇન્દ્રભૂતિ ગૌતમ વેદ-વેદાંગોના પારંગત વિદ્વાન હતા. એમને પાંચસો શિષ્યો હતા. ઇન્દ્રે જ્યારે એ અનુભવ કર્યો કે ભગવાનની દિવ્ય-ધ્વનિને પૂરેપૂરી ધારણ કરવામાં સમર્થ અને એમના પટ્ટ-શિષ્ય બનવાને યોગ્ય ઇન્દ્રભૂતિ ગૌતમ જ છે, ત્યારે તે વૃદ્ધ બ્રાહ્મણના વેશમાં ઇન્દ્રભૂતિના આશ્રમે પહોંચ્યો.

ઇન્દ્રે ઇન્દ્રભૂતિ ગૌતમની સમક્ષ એક છંદ રજૂ કર્યો અને પોતાને મહાવીરના શિષ્ય હોવાનું દર્શાવતાં એનો અર્થ સમજવાની જિજ્ઞાસા પ્રગટ કરી. એ શ્લોક આ પ્રમાણે છે:—


त्रैकाल्यं द्रव्यषट्कं, नवपदसहितं, जीवषट्काय लेश्याः ।
पंचान्ये चास्तिकाया, व्रतसमितिगतिर्ज्ञानचारित्रभेदाः ॥
इत्येतन्मोक्षमूलं त्रिभुवनमहितैः प्रोक्तमर्हद्भिरीशैः ।
प्रत्येति श्रद्धाति स्पृशति च मतिमान् यः स वै शुद्धदृष्टिः ॥

આ શ્લોક સાંભળીને આર્હત (જૈન) મતથી સર્વથા અપરિચિત ઇન્દ્રભૂતિ વિચારમગ્ન થઈ ગયા. તે વિચારવા લાગ્યા—ત્રણ કાળ,

છ દ્રવ્ય, નવ પદાર્થ, ષટ્કાય જીવ, ષટ્ લેશ્યા, પંચાસ્તિકાય, વ્રત, સમિતિ, ગતિ, જ્ઞાન, ચારિત્ર—આ બધું શું છે? આ બધાની શું-શું પરિભાષાઓ છે, એના ભેદ-પ્રભેદ શું છે, આ બધાની જાણકારી તો મને છે જ નહીં. શ્લોકનો એટલો જ અર્થ બતાવવાથી તો કામ ચાલશે નહીં કે દ્રવ્ય છ હોય છે, પદાર્થ નવ છે, જીવ છ કાયના હોય છે, લેશ્યાઓ છ હોય છે. જો આ એનાં નામ પૂછે તો કેવી રીતે બતાવીશ? આ એની પરિભાષાઓ પણ પૂછી શકે છે. જ્યાં લગી આ બધાનું જ્ઞાન મને નથી ત્યાં લગી હું આને શું બતાવું? પણ ઇન્કાર પણ કેવી રીતે કરૂં, આ શું વિચારશે?

વૃદ્ધ બ્રાહ્મણ વેશધારી ઇન્દ્રે એના ચહેરા પર થયેલ ચઢ-ઊતરનો સ્પષ્ટ અનુભવ કર્યો અને એમની દુખતી રગને દબાવીને બોલ્યા કેમ, શું વિચારમાં પડી ગયા? શું મારે મહાન વિદ્વાન ઇન્દ્રભૂતિના દરવાજેથી પણ નિરાશ થઈ પાછા ફરવું પડશે? આ વાક્યથી ઇન્દ્રભૂતિના અભિમાન ઉપર ઘા પડ્યો, પરંતુ પોતાના તત્સંબંધી અજ્ઞાનને અભિમાનમાં દબાવીને ઇન્દ્રભૂતિએ કહ્યું—આ સંબંધમાં હું તમારા ગુરૂ સાથે જ ચર્ચા કરીશ. ચાલો, તેઓ ક્યાં છે? હું તેમની પાસે આવું છું. અને તેઓ ચાલી નીકળ્યા. આગળ-આગળ વૃદ્ધ બ્રાહ્મણ (ઇન્દ્ર) અને પાછળ-પાછળ પોતાના પાંચસો શિષ્ય-સમુદાય સાથે ઇન્દ્રભૂતિ ગૌતમ.

ઇન્દ્રભૂતિને સદ્ધર્મ પ્રાપ્તિનો સમય પાકી ગયો હતો. સાથે જ ભગવાનની દિવ્ય-ધ્વનિ ખરવાનો સમય પણ આવી ચૂક્યો હતો. સમવસરણની નજીક આવતાં જ એમના વિચારોમાં કઠોરતાનું સ્થાન કોમળતાએ લઈ લીધું. સમવસરણના દ્વાર પર આવેલા માનસ્તંભ તરફ દેખતાં જ એમનું અભિમાન ગળી ગયું અને એમનો અંધકાર ખલાસ થઈ ગયો. તેઓ વિનમ્ર ભાવે સમોસરણમાં પહોંચ્યા, ભગવાનનાં દર્શન કર્યાં, અને બહારના વિશાળ વૈભવ અને એની



હે જિનેન્દ્ર ! આપની મહાનતા બાહ્ય વૈભવથી નથી, ને આપનો દેહ પણ નહીં. જેણે તેઓ આપને ઓળખ્યા તેઓએ ચેતનાને જ સંપૂર્ણપણે જાણી હોય છે. આપની મહાનતા તો અનંતચતુષ્ટયરૂપ અંતરંગ વૈભવથી છે.

આપનો અતિશય અને અભિનંદન વગેરે વિભૂતિથી નથી, અને આપ ઓળખાય માટે પણ મહત્વ નથી કે જેના જેનાર સ્વરૂપ અને દેવ નથી ઈંદ્ર જેવાં આપનાં ચરણોમાં નતમસ્તક છે. આપનું સમવસરણ, ભામંડળ, દિવ્યધ્વનિ વગેરે અનેક અતિશયોથી પણ હું આપની મહાનતા માનતો નથી, કેમકે એ બધું તો પુણ્યાશ્રિત છે, માયાવીમાં પણ જોવા મળી શકે છે.

આપનો મહિમા તો આપના અંતરંગ વૈભવથી છે. જે અંતરંગમાં રહેલ આપની સર્વજ્ઞતા અને પરમ વીતરાગતા થાય છે. ન કોઈથી મૈત્રી, ન કોઈથી દ્વેષ; નિર્મોહી અને અત્ર સહિત ભગવાન.

મહિમા તો અનંત છે જ, પરંતુ અજ્ઞાનીઓના અજ્ઞાનનો મહિમા પણ અનંત છે, નહીં તો તેઓ આ પ્રકારનો વ્યવહાર કેમ કરત?

હે પ્રભો! જે વ્યક્તિ આપના આ વીતરાગી-સર્વજ્ઞ સ્વભાવને સારી પેઠે જાણી લે છે-ઓળખી લે છે તે પોતાના આત્માને પણ જાણી લે છે-ઓળખી લે છે અને એનો મોહ (મિથ્યાત્વ) અવશ્ય નાશ પામે છે. તે આત્મોન્મુખી પુરુષાર્થ વડે ચારિત્ર મોહનો પણ ક્રમશઃ નાશ કરતો જાય છે અને કાળાંતરે તે પણ વીતરાગી બની જાય છે. એના સમસ્ત મોહ-રાગ-દ્વેષ નષ્ટ થઈ જાય છે. તે લોકાલોકનો જ્ઞાતા થઈ જાય છે, તે સ્વયં વીતરાગી સર્વજ્ઞ બની જાય છે.[1]

હે પ્રભો! જેના ક્ષયોપશમ જ્ઞાનમાં વીતરાગતા અને સર્વજ્ઞતાનું સાચું સ્વરૂપ આવી ગયું, તે નિશ્ચિતપણે ભવિષ્યમાં પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરશે. સર્વજ્ઞનું જ્ઞાન તો અનંત મહિમાવંત છે જ, પરંતુ જેના જ્ઞાનમાં સર્વજ્ઞતાનું સ્વરૂપ આવી ગયું તેનું જ્ઞાન પણ ઓછા મહિમાવાળું નથી, કેમકે તે સર્વજ્ઞતા પ્રાપ્ત કરવાનું બીજ છે. સર્વજ્ઞતાની શ્રદ્ધા વિના પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટ થતી નથી.

હે પ્રભો! આપને લોકો જુદાં જુદાં નામોથી પુકારે છે, પણ એ બધાં જ નામ આપની મહાનતા ધારણ કરવામાં અસમર્થ છે. આપનું વિરાટ વ્યક્તિત્વ એમાં સમાતું નથી.

હે ભગવન્! અમે લોકો આપને વર્ધમાન કહીએ છીએ, પરંતુ વર્ધમાન તો તેને કહે છે કે જે નિત્ય વૃદ્ધિંગત હોય. આપે તો પૂર્ણતા પ્રાપ્ત કરી લીધી છે, એથી વધવાનો પ્રશ્ન જ રહ્યો નથી; વધવાવાળા તો અપૂર્ણ છે.

એ પ્રમાણે આપને સન્મતિ પણ કહેવામાં આવે છે, પરંતુ આપ તો કેવળજ્ઞાની હોવાથી મતિજ્ઞાનથી રહિત છો, પછી સન્મતિ કેવી રીતે હોઈ શકો? સન્મતિ અને કુમતિ તો મતિજ્ઞાનના ભેદો

---

૧. પ્રવચનસાર, ગાથા ૮૦-૮૧.

છે. તેવી જ રીતે વીર, અતિવીર અને મહાવીર નામોથી પણ જે ભાવને લોકો વ્યક્ત કરે છે; હે પ્રભો! આપનું વિરાટ વ્યક્તિત્વ એ શબ્દોમાં સમાતું નથી. આપના વિરાટ વ્યક્તિત્વને વ્યક્ત કરવાવાળા શબ્દો ભાષામાં છે જ નહીં. ઠીક જ છે, આજ લગી શું કોઈ એવો પણ ઘડો બન્યો છે જેમાં સાગર સમાઈ જાય? સાગરના જેવું આપનું વિરાટ વ્યક્તિત્વ ભાષારૂપી ગાગરમાં આવી શકતું નથી.

હે પ્રભો! આપને આ નામો ત્યારે આપવામાં આવ્યાં હતાં જ્યારે આપ વીતરાગ–સર્વજ્ઞ ન હતા. જેવી રીતે પાંચ વર્ષના બાળક માટે બનાવવામાં આવેલ કપડાં એ જ બાળકની પચીસ વર્ષની પ્રૌઢ અવસ્થામાં એને જ પહેરાવી શકાતાં નથી, તે એની વિરાટતા પોતામાં સમેટી શકતાં નથી; તેવી જ રીતે આપનાં બચપણ અને અલ્પજ્ઞ અવસ્થામાં રાખવામાં આવેલ નામો આપના વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશીવાળા મહાન વ્યક્તિત્વને કેવી રીતે ધારણ કરી શકે?

આ નામ તો આપના અનંત મહિમાને વ્યક્ત કરવામાં સમર્થ છે જ નહીં, મારી પાસે પણ એવા કોઈ શબ્દો નથી જેના દ્વારા આપના ગુણોનું વર્ણન કરી શકાય. આપનો મહિમા વચનાતીત છે, તે જ્ઞાન-ગમ્ય છે, તે જાણી શકાય છે, કહી શકાતો નથી.

હે પ્રભો! કેટલાક લોકો કહે છે કે વીતરાગતા અને સર્વજ્ઞતા સંભવિત જ નથી, તો આપ વીતરાગી અને સર્વજ્ઞ કેવી રીતે હોઈ શકો છો? સામાન્ય સર્વજ્ઞસિદ્ધિ વિના વિશેષ સર્વજ્ઞસિદ્ધિ કેમ હોય? હે જિનેન્દ્ર! વીતરાગતા–સર્વજ્ઞતા અસંભવિત નથી, કેમકે દોષ (રાગાદિ) અને આવરણ (જ્ઞાનાવરણાદિ) ઘટે-વધે છે. જે ઘટે-વધે છે તે એક દિવસ સમાપ્ત પણ થઈ શકે છે. તે દોષ અને આવરણ આપમાં સમાપ્ત થઈ ગયાં છે; એથી આપ પૂર્ણ વીતરાગ અને સર્વજ્ઞ થઈ ગયા છો.

[illegible] (આપ્તમીમાંસા) શ્લોક ૪.

હે જિનેન્દ્ર! સૂક્ષ્મ, અંતરિત અને દૂરવર્તી પદાર્થો કોઈને કોઈના પ્રત્યક્ષ જ્ઞાનના વિષય પણ અવશ્ય હશે, કેમકે તે અનુમાન-જ્ઞાન દ્વારા જાણવામાં આવે છે. જે અનુમાન દ્વારા જાણવામાં આવે છે, તે કોઈને કોઈના પ્રત્યક્ષ જ્ઞાનના વિષયો પણ હોય જ છે. એથી સર્વજ્ઞતા અસંભવિત નથી.'[1]

હે પ્રભો! તે સર્વજ્ઞતા આપમાં પ્રગટ થઈ ગઈ છે. આપની વાણીરૂપી અમૃત-વર્ષાની રાહ આખો સમુદાય એવી વ્યાકુળતાથી જોઈ રહ્યો છે, જેમ આષાઢ માસ વીતી જવા છતાં પણ વરસાદ નહીં થતાં ખેડૂતો વરસાદની રાહ જુએ છે. આષાઢ મહિનો પૂરો થઈ ગયો છે. પ્રભો! અમૃત-વર્ષા થાઓ, એ જ સૌની ભાવના છે—જેનું પાન કરીને જગત તત્ત્વનો મર્મ સમજી શકે અને આપની પ્રત્યક્ષાદિ-પ્રમાણોથી અબાધિત, અવિરોધમયી વાણીથી સર્વજ્ઞતાનો નિર્ણય કરીને આત્મહિત કરી શકે.

સૌથી સુખદ આશ્ચર્ય તો સૌને એ થયું કે ઇન્દ્રભૂતિ ગૌતમ સ્તુતિમાં લીન હતા અને વીર પ્રભુની દિવ્ય-ધ્વનિ ખરવા માંડી હતી. ઓંકાર-ધ્વનિ પ્રસારિત થઈ રહી હતી, એમાં આત્માનું સ્વરૂપ વિશદ રૂપથી પ્રતિપાદિત થઈ રહ્યું હતું. અમૃત વરસી રહ્યું હતું. સમસ્ત શ્રોતાગણ આનંદ-મગ્ન થઈને એમાં તરબોળ થઈ રહ્યો હતો. એમની એ જ દશા થઈ રહી હતી જે ખૂબ રાહ જોયા પછી અભીષ્ટ મેઘ-વર્ષા થતાં ખેડૂતોની થાય છે. એ સૌભાગ્યશાળી દિવસ હતો શ્રાવણ વદી એકમ. એ દિવસે ભગવાનના ઉપદેશનો આરંભ થયો હતો. એથી આજે પણ આખા ભારતવર્ષમાં તે દિવસે વીર-શાસન જયંતી મનાવવામાં આવે છે.

ઇન્દ્રભૂતિ ગૌતમની સાથે તેમનો શિષ્યગણ પણ મહાવીરના માર્ગ પર આવી ગયો હતો. ગૌતમ પોતાની યોગ્યતાથી મહાવીરના મુખ્ય શિષ્ય અને પ્રથમ ગણધર બન્યા.

---

૧. દેવાગમ સ્તોત્ર (આપ્તમીમાંસા) શ્લોક ૫.

ખરતી નથી ?

સમાધાનઃ–એવો જ સ્વભાવ છે. અને સ્વભાવ બીજાઓ દ્વારા પ્રશ્ન કરવા યોગ્ય નથી હોતો, કેમકે જો સ્વભાવમાં જ પ્રશ્ન થ લાગે તો કોઈ વ્યવસ્થા જ બની શકશે નહીં.

એના પછી ભવ્ય જનોને પ્રબળ પુણ્યોદયથી એમનો વિહ કાશી, કાશ્મીર, કુરુ, મગધ, કૌશલ, કામરૂપ, કચ્છ, કલિં કુરુજાંગલ કિષ્કિંધા, મલ્લદેશ, પાંચાલ, કેરલ, ભદ્ર, ચેદિ, દશાર્ણ વંગ, અંગ, આન્ધ્ર, કુશીનગર, મલય, વિદર્ભ, ગૌણ વગેરે અને સ્થાનો પર થયો.[1]

આ પ્રમાણે તીર્થંકર ભગવાન મહાવીરનો સંપૂર્ણ ભારત વર્ષમાં લગભગ ત્રીસ વર્ષ સુધી ધર્મોપદેશ અને વિહાર થતો રહ્યો એમના વિહારની અધિકતાને લીધે ભારતનો એક ખૂબ મોટો જમીનનો ભાગ જ 'બિહાર'ના નામથી ઓળખાવા લાગ્યો, બિહાર પ્રાંતનાં કેટલાંય મોટાં-મોટાં નગરો એમના નામ પર વસ્યાં. જિલ્લા સ્થળ વર્ધમાન, વીરભૂમિ એમના નામ પરથી જ વસેલાં નગરો છે. એમના ચિહ્નના નામ પરથી પણ સિંહભૂમિ નગર વસ્યું છે.

એમનો વિહાર જ્યાં પણ થતો ત્યાં એમનો ઉપદેશ પ્રતિદિન

---

१ काश्यां काश्मीरदेशे कुरुषु च मगधे कौशले कामरूपे
कच्छे काले कलिंगे जनपदमहिते जांगलांते कुराद्यौ ।
किष्किंधे मल्लदेशे सुकृतिजनमनस्तोषदे धर्मवृष्टिं
कुर्वन् शास्ता जिनेन्द्रो विहरति नियतं तं यजेऽहं त्रिकालम् ॥
पांचाले केरले वाऽमृतपदमिहिरोभद्र चेदि दशार्ण-
वंगांगान्ध्रोलिकोशीनगर मलयविदर्भेषु गौडे सुसह्ये ।
शीतांशुः रश्मिजालादमृतमिव सभां धर्मपीयूषधारा
मिंचन् योगाभिरामः परिणमयति च स्वान्तशुद्धिं जनानाम् ॥

—પ્રતિષ્ઠાપાઠ ૯–૬ પૃ. (તીર્થંકર વર્ધમાન, પૃષ્ઠ ૬૭)

સવારે, બપોરે અને સાંજે ત્રણ વાર છ-છ ઘડી થતો હતો. જે પ્રમાણે સૂર્યોદય થતાં રાતનો ગહન અંધકાર આપમેળે વિલીન થઈ જાય છે, તે જ પ્રમાણે વીર પ્રભુના દિવ્ય-ઉપદેશ વડે જન-જનના મનમાં વ્યાપ્ત વિકાર અને અજ્ઞાન-અંધકાર વિલીન થવા લાગ્યા. જ્યાં પણ એમનો વિહાર અને ઉપદેશ થતો ત્યાંનાં રાજા-પ્રજા સર્વ પ્રભાવિત થતાં અને હજારો લોકો એમના ભક્ત અને અનુયાયી બની જતા. પ્રતિદિન હજારો લોકો સદ્જ્ઞાન પ્રાપ્ત કરતા, સેંકડો વ્રત ધારણ કરતા તથા એકદમ આધ્યાત્મિક વાતાવરણ બની જતું હતું.

એમના ઉપદેશોના પ્રભાવથી આખા દેશનું વાતાવરણ અહિંસામય થઈ ગયું. ધર્મના નામે ચાલતી હિંસા, આડંબર ગુરુ-દાંભિકતા અને પાખંડ સ્વયં ખંડિત થઈ ગયાં. જોકે એમના ઉપદેશમાં ગંભીર તત્ત્વોનું પ્રતિપાદન થતું હતું, ગૂઢ રહસ્યો સમજાવવામાં આવતાં હતાં છતાં એમનો ઉપદેશ એ પ્રકારે થતો હતો કે સૌ પોતપોતાની ભાષામાં સમજી જતા હતા. એમના ઉપદેશને દિવ્ય-ધ્વનિ કહેવામાં આવે છે.

દિવ્ય-ધ્વનિમાં સ્વભાવગત સ્વતંત્રતાની ઘોષણાની સાથે-સાથે પર્યાયમાં પૂર્ણ સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે સ્વાવલંબનનો માર્ગ બતાવવામાં આવ્યો. રંગ-રાગ અને ભેદથી ભિન્ન નિજ શુદ્ધાત્મા પર દૃષ્ટિ કેન્દ્રિત કરવી એ જ સ્વાવલંબન છે. સ્વતંત્રતા પોતાના સામર્થ્ય વડે જ પ્રાપ્ત કરી શકાય છે. અનન્ત સુખ અને સ્વતંત્રતા ભીખમાં મળી જાય એવી વસ્તુઓ નથી અને તે બીજાની શક્તિ વડે જ પ્રાપ્ત કરી શકાતી નથી.

ભગવાન મહાવીરની વાણીમાં જે કાંઈ આવ્યું તે કોઈ નવું સત્ય ન હતું. સત્યમાં નવા-જૂનાનો ભેદ કેવો? એમને જે કાંઈ કહ્યું તે સદાથી છે, સનાતન છે. એમણે સત્યની સ્થાપના નહીં, ઉદ્ઘાટન કર્યું છે.

* હરેક આત્મા સ્વતંત્ર છે, કોઈ કોઈને આધીન નથી.

* બધા આત્માઓ સમાન છે, કોઈ નાના મોટા નથી.

* હરેક આત્મા અનંતજ્ઞાન અને સુખમય છે. સુખ ક્યાંય બહારથ આવતું નથી.

* આત્મા જ નહીં, હરેક પદાર્થ સ્વયં પરિણમનશીલ છે. એ પરિણમનમાં અન્ય પદાર્થનો કોઈ હસ્તક્ષેપ નથી.

* હરેક જીવ પોતાની ભૂલને લીધે જ દુઃખી છે અને પોતે પોતા ભૂલ સુધારીને સુખી થઈ શકે છે.

* પોતાને નહીં ઓળખવો એ જ સૌથી મોટી ભૂલ છે, ત પોતાના સાચા સ્વરૂપને સમજવું એ જ પોતાની ભૂલ સુધાર બરાબર છે.

* ભગવાન કોઈ જુદા નથી હોતા, જો સાચી દિશામાં પુરુષાર્થ તો હરેક જીવ ભગવાન થઈ શકે છે.

* પોતાને જાણો, પોતાને ઓળખો, અને પોતામાં સમાઈ જાઓ ભગવાન બની જશો.

* ભગવાન જગતના કર્તા-હર્તા નથી, તે તો જગતના મ જ્ઞાતા-દૃષ્ટા છે.

* જે આખાય જગતને જાણીને એનાથી સંપૂર્ણ અલિપ્ત વીત રહી શકે અથવા સંપૂર્ણપણે અપ્રભાવિત રહીને જાણી શકે તે ભગવાન છે.

ઇન્દ્રભૂતિ ગૌતમ સિવાય એમના દશ બીજા ગણધર હતા. તેઓનાં નામ આ પ્રમાણે છે:—

(૧) અગ્નિભૂતિ (૨) વાયુભૂતિ (૩) શુચિદત્ત (૪) સુધર્મ (૫) માંડવ્ય (૬) મૌર્યપુત્ર (૭) અકંપન (૮) અચલ (૯) મેતાર્ય અને (૧૦) પ્રભાસ.[૧]

આવા શિષ્યોમાં સહુથી મોટા ઇન્દ્રભૂતિ ગૌતમ મુખ્ય હતા. તેમના ચૌદ હજાર શિષ્યોમાં સાધુ, છત્રીસ હજાર આર્યિકાઓ, એક લાખ શ્રાવક અને ત્રણ લાખ શ્રાવિકાઓ હતી. આમ તો એમના અનુયાયીઓની સંખ્યા અગણિત હતી.

છેવટે વિહાર કરતાં કરતાં ભગવાન મહાવીર પાવાપુરી પહોંચ્યા. ત્યાં એમણે વિહાર અને ઉપદેશથી વિરામ લઈ યોગનિરોધ કર્યો. શુક્લધ્યાનની ચરમ અવસ્થામાં આરૂઢ થઈ બાકીનાં ચાર અઘાતી કર્મોનો પણ અભાવ કર્યો, અંતિમ દેહનો પૂર્ણ પરિત્યાગ કરીને નિર્વાણ પદ પ્રાપ્ત કર્યું.

આ ઘટના ભગવાન મહાવીરના ૭૨ વર્ષ આયુષ્યની છે. કાર્તિક માસની અમાવાસ્યા હતી, રાત આઠ પ્રહરની પૂરી થતી. પ્રભાત સમયમાં તેઓ ૭૨ વર્ષ પૂરાં કરી ગયા. ગૌતમ ગણધરનું પણ ચિત્ત શુદ્ધ થયું અને તેઓ પણ મુક્ત થયા અને ત્યાં સુધીના નિર્વાણ થઈ ગયા.

---

૧ इन्द्रभूतिरिति ख्यातः प्रथमो गणधारिणाम् ।
अग्निभूतिर्द्वितीयश्च वायुभूतिस्तृतीयकः ॥ ४१ ॥
शुचिदत्तश्चतुर्थस्तु पञ्चमः सुधर्मसंज्ञकः ।
षष्ठो माण्डव्य इत्युक्तो मौर्यपुत्रस्तु सप्तमः ॥ ४२ ॥
अष्टमोऽकम्पनाख्यश्च नवमोऽचलसंज्ञकः ।
मेतार्यो दशमश्चान्त्यः प्रभासश्च महानृषिः ॥ ४३ ॥
— हरिवंश पुराण, ३ । ४१-४३.

ભગવાનના નિર્વાણના સમાચાર મળતાં દેવોએ આવીને મહાન ઉત્સવ કર્યો, એને નિર્વાણોત્સવ કહે છે. પાવાનગરી પ્રકાશથી ઝળહળી ઊઠી. જેમ કાળી નાગણ કોઈને ડસીને ઊલટી થઈ જાય છે ત્યારે એનો કાળો ભાગ નીચે દબાઈ જાય છે અને નીચેનો સફેદ ભાગ ઉપર આવી જાય છે, તેમ જ જાણે કાળી રાત્રિરૂપી નાગણે વીર પ્રભુને આપણી પાસેથી છીનવી લીધા છે, ડસી લીધા છે; એથી જાણે તે ઊલટી થઈને પ્રકાશમયી થઈ ગઈ છે.

એ સમજમાં આવતું નથી કે આ દીપાવલીને પ્રકાશનું પર્વ કહેવું કે અંધકારનું, એણે આપણા વીર પ્રભુને આપણી પાસેથી છીનવી લીધા છે. પરંતુ એમને નિર્વાણ પ્રાપ્ત થયું હતું, તેથી લોકો શોકમગ્ન હોવા છતાં હર્ષાયમાન હતા. બધાની સ્થિતિ પોતાની પુત્રીને સુયોગ્ય વર સાથે વિદાય આપતી મમતામયી માતા જેવી થઈ રહી હતી. હર્ષમય શોક અને શોકમય હર્ષના આ પવિત્ર પ્રસંગનું વર્ણન શબ્દોમાં અવર્ણનીય છે.

તીર્થંકર ભગવાન મહાવીરનો સવારે નિર્વાણ થયો અને એ જ દિવસે સાંજે એમના મુખ્ય શિષ્ય ઇન્દ્રભૂતિ ગૌતમ ગણધરને પૂર્ણજ્ઞાન (કેવળજ્ઞાન)ની પ્રાપ્તિ થઈ. આ કારણે આ દિવસ બમણો મહિમાવંત થઈ ગયો. ભગવાન મહાવીરના વિયોગથી દુઃખી ધર્મપ્રજાને કેવળી ગૌતમ મળતાં કાંઈક આશ્વાસન મળ્યું. શોકાતુર જનતાનો શોક કાંઈક ઓછો થયો.

દીપાવલીનું મહાન પર્વ ભગવાન મહાવીરના નિર્વાણોત્સવ અને ગૌતમ ગણધરના કેવળજ્ઞાન-કલ્યાણકના રૂપે ઊજવવામાં આવે છે. ભગવાન મહાવીરના નિર્વાણ દિવસથી એક સંવત્ પણ ચાલી જેને વીર નિર્વાણ સંવત્ કહે છે, અને તે આજે પણ જૈનોમાં ખૂબ ખૂબ પ્રચલિત છે.

આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે તીર્થંકર ભગવાન

મહાવીરના વર્તમાન ભવમાં એટલી વિવિધતા અને ચઢ-ઉતાર નથી જેટલી એમના પૂર્વભવોમાં મળી આવે છે. એમના વર્તમાન ભવમાં એમના આધ્યાત્મિક જ્ઞાનનો ઉત્તરોત્તર ક્રમશઃ વિકાસ સ્પષ્ટ જણાઈ આવે છે.

જન્મથી આત્મજ્ઞાની બાળક વર્ધમાનને આપણે બાળપણથી જ ધીર-ગંભીર અને આત્મનિષ્ઠ જોઈએ છીએ. રાજ-કાજ વગેરે લૌકિક કાર્યોમાં એમની રુચિ જ ન હતી. બાહ્ય જગતથી એકદમ કપાઈ ગયા સમાન રાજકુમાર વર્ધમાન પોતાના અન્તર્જગતમાં જ મગ્ન રહેતા હતા. એમને ન વૈભવથી પ્રેમ હતો, ન વિષય-ભોગોની ઇચ્છા હતી.

જોકે તેઓ ત્રીસ વર્ષ સુધી ઘરમાં રહ્યા, પણ રહ્યા ન રહ્યા બરાબર. એમનું મન ઘરમાં કદી પણ ચોંટ્યું જ નહીં. યુવાની એમને પણ આવી હતી, પણ એમના જીવનમાં યૌવનાઓ આવી શકી નહીં, કેમકે એમનામાં યૌનેષણા જ ન હતી. એમને યૌવનથી કોઈ આકર્ષણ ન હતું, ત્યારે તો તેઓ ત્રીસ વર્ષના ભરયૌવનમાં વૈરાગી બનીને, વીતરાગી થવા વનમાં ચાલી નીકળ્યા તથા મૌન થઈ ગયા. તેઓ ગયા તે ગયા, પાછા ફર્યા જ નહીં, મૌન થયા તે થયા, પછી કોઈ સાથે ત્યાં સુધી બોલ્યા જ નહીં જ્યાં સુધી પોતાનું પ્રાપ્તવ્ય ન પ્રાપ્ત કર્યું.

જ્યારે તેઓ પૂર્ણ વીતરાગી અને સર્વજ્ઞ થયા ત્યારે એમની વાણી પ્રગટ થઈ. વીર-હિમાચલથી પવિત્ર જિનવાણી-ગંગા પ્રવાહિત થઈ અને ત્રીસ વર્ષ સુધી વહેતી રહી. ગૌતમ ગણધર વગેરે અનેકોએ એમાં ડૂબકી મારી, નિમગ્ન થઈને અપૂર્વ શાંતિ અને આનંદ પ્રાપ્ત કર્યા.

બધાને હિતકારી એમનો હિતોપદેશ એક તીર્થ બની ગયો. તેઓ પોતે તો તર્યા જ, એમના પવિત્ર ઉપદેશથી બીજા પણ લાખો ભવ-સાગરથી પાર ઊતર્યા, ઊતરવાનો માર્ગ મેળવી ગયા. સર્વોદય

જેના વિમળ ઉપદેશમાં,
સૌના ઉદયની વાત છે.

સમભાવ સમતાભાવ જેનો,
જગતમાં વિખ્યાત છે.

જેણે બતાવ્યું જગતને,
પ્રત્યેક કણ સ્વાધીન છે.

કર્તા ન ધર્તા કોઈ છે,
અણુ–અણુ સ્વયંમાં લીન છે.

આત્મા બને પરમાતમા,
હો શાન્તિ આખા દેશમાં.

છે દેશના–સર્વોદયી,
મહાવીરના સંદેશમાં.



સર્વોદય તીર્થ

તીર્થંકર ભગવાન મહાવીરનું તીર્થ સર્વોદય તીર્થ છે. એમણે એ કોઈ પર્વતના શિખર ઉપર કે નદીના કિનારા ઉપર બનાવ્યું ન હતું. એમનો ઉપદેશ જ એમનું તીર્થ છે, એમની વાણી જ તીર્થ છે અને તેઓ તીર્થંકર છે. એમણે વસ્તુનું જે અનેકાન્તાત્મક સર્વોદય સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે તેમાં વસ્તુ-સ્વતંત્રતાને સૌથી અધિક મહત્ત્વનું સ્થાન છે. એમની દિવ્ય-વાણીમાં માત્ર જન-જનની સ્વતંત્રતાની જ ઘોષણા નથી થઈ, પરંતુ કણ-કણની સ્વતંત્રતાનો ઘોષનાદ કર્યો છે.

વિશ્વનો દરેક પદાર્થ પૂર્ણ સ્વતંત્ર છે, તે પોતાના પરિણમનનો સ્વયં કર્તા-ધર્તા છે, એના પરિણમનમાં પરનો રંચમાત્ર પણ હસ્તક્ષેપ નથી.

કર્તાવાદનો એમણે સ્પષ્ટ નિષેધ કર્યો છે. કર્તાવાદના નિષેધથી એમનું તાત્પર્ય માત્ર એટલું જ નથી કે કોઈ શક્તિમાન ઈશ્વર જગતનો કર્તા નથી, પરંતુ એ પણ છે કે કોઈપણ દ્રવ્ય કોઈ બીજા દ્રવ્યનો કર્તા-ધર્તા નથી. કોઈ એક મહાન શક્તિને આખાય જગતનો કર્તા-ધર્તા માનવો એક કર્તાવાદ છે, તો પરસ્પર એક દ્રવ્યને બીજા દ્રવ્યનો કર્તા-ધર્તા માનવો અનેક કર્તાવાદ છે.

આ વિશ્વ અનાદિ-અનન્ત છે, એને ન તો કોઈએ બનાવ્યું છે અને ન તો કોઈ એનો વિનાશ કરી શકે છે, તે સ્વયંસિદ્ધ છે. વિશ્વનો કદીય સર્વથા નાશ થતો નથી, માત્ર પરિવર્તન થાય છે; તે પરિવર્તન કોઈ કોઈ વાર નહીં, પણ નિરંતર થયા કરે છે.

આ આખુંય વિશ્વ પરિવર્તનશીલ હોવા છતાં નિત્ય છે અને નિત્ય હોવા છતાં પણ પરિવર્તનશીલ છે. એ નિત્ય-અનિત્યાત્મક છે, એની નિત્યતા સ્વતઃસિદ્ધ છે અને પરિવર્તન એનો સ્વભાવગત ધર્મ છે. નિત્યતાની જેમ અનિત્યતા પણ વસ્તુનું સ્વરૂપ છે, પ્રત્યેક વસ્તુ

સત્ સ્વરૂપ છે. સત ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત હોય છે.[1] ઉત્પાદ અને વ્યય પરિવર્તનશીલતાનું નામ છે અને ધ્રૌવ્ય નિત્યતાનું. પ્રત્યેક પદાર્થ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યથી યુક્ત છે, એથી તે દ્રવ્ય છે. દ્રવ્ય ગુણ અને પર્યાયવાળું હોય છે.[2] જે દ્રવ્યના પૂરા ભાગમાં અને સમસ્ત પર્યાયોમાં રહે તેને ગુણ કહે છે, તથા ગુણોના પરિણમનને પર્યાય કહેવામાં આવે છે.

છ દ્રવ્ય

આ વિશ્વ બીજું કાંઈ જુદું નથી, છ દ્રવ્યોના સમુદાયને જ વિશ્વ કહે છે.[3] તે છ દ્રવ્યો આ પ્રમાણે છે—જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. જીવ સિવાયનાં બાકીનાં પાંચ દ્રવ્યો અજીવ છે. આ પ્રમાણે આ આખુંય જગત ચિદ્-અચિદાત્મક છે. જીવ દ્રવ્ય અનંત છે અને પુદ્ગલ દ્રવ્ય એના કરતાં પણ અનંત-ગણાં છે. ધર્મ, અધર્મ અને આકાશ દ્રવ્ય એક-એક છે.[4] કાળ દ્રવ્ય અસંખ્યાત છે.[5]

જ્ઞાન-દર્શન-સ્વભાવી આત્માને જીવ દ્રવ્ય કહે છે.[6] જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય તે પુદ્ગલ છે.[7] જે કાંઈ ઇન્દ્રિયો દ્વારા દૃશ્યમાન જગત છે તે બધું પુદ્ગલનું જ પરિણમન છે, એથી પુદ્ગલ જ છે. સ્વયં ગતિ કરતાં જીવ અને પુદ્ગલોને ગમનમાં જે સહકારી (નિમિત્ત)કારણ છે તે ધર્મ દ્રવ્ય છે. ગતિપૂર્વક (સ્વયં) સ્થિતિ

1 उत्पादव्ययध्रौव्ययुक्तं सत् ।–તત્ત્વાર્થસૂત્ર, અ. ૫, સૂત્ર ૩૦.

2 गुणपर्ययवद्द्रव्यम् । તત્ત્વાર્થસૂત્ર, અ. ૫, સૂત્ર ૩૮

3 દ્વાદશાનુપ્રેક્ષા, ગાથા ૩૯

4 आ आकाशादेकद्रव्याणि । તત્ત્વાર્થસૂત્ર, અ. ૫, સૂત્ર ૬

5 ते कालाणू असंखदव्वाणि । દ્રવ્યસંગ્રહ, ગાથા ૨૨

6 उपयोगो लक्षणम् । स द्विविधोऽष्टचतुर्भेदः । તત્ત્વાર્થસૂત્ર, અ. ૨, સૂત્ર ૮-૯

7 स्पर्शरसगन्धवर्णवन्तः पुद्गलाः । તત્ત્વાર્થસૂત્ર, અ. ૫, સૂત્ર ૨૩

ઠહેરવામાં જીવ અને પુદ્ગલોને સ્થિતિમાં જે સહાયી (નિમિત્ત) કારણ છે, તે અધર્મ દ્રવ્ય છે. બધાં દ્રવ્યોને અવગાહનમાં આકાશ દ્રવ્ય અને પરિવર્તનમાં કાળ દ્રવ્ય નિમિત્ત છે.[1]

ધર્મ દ્રવ્ય અને અધર્મ દ્રવ્યનું વર્ણન એકમાત્ર જૈનદર્શનમાં જ છે, અન્ય દર્શનોમાં નથી. લોકમાં ધર્મ-અધર્મ શબ્દ દર્શન, મત, સિદ્ધાન્ત, આચાર, પુણ્ય-પાપ વગેરે અર્થમાં પ્રચલિત છે; પરંતુ આ અર્થોથી અહીં કોઈ પ્રયોજન નથી. એ તો સ્વતંત્ર દ્રવ્યો છે, જે સંપૂર્ણ લોકમાં તલમાં તેલની જેમ વ્યાપ્ત છે. જૈનદર્શનમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યોનું પ્રતિપાદન જીવ અને પુદ્ગલના પ્રમાણમાં બહુ જ થોડું થયું છે. કારણ કે જૈનદર્શનના પ્રતિપાદન અને ઉપદેશનો મુખ્ય હેતુ સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ છે.

પ્રસિદ્ધ જૈનાચાર્ય સમન્તભદ્રે ધર્મની પરિભાષા સ્પષ્ટ કરતાં કહ્યું છે—"જે પ્રાણીઓને સંસારદુઃખમાંથી કાઢીને ઉત્તમ સુખમાં લઈ જાય, તે જ ધર્મ છે.[2]"

પ્રતિપાદનનું કેન્દ્રબિંદુ

સંસારમાં જેટલા જીવ છે તે બધા સુખ ઇચ્છે છે અને દુઃખથી ડરે છે. આ જ કારણ છે કે બધા તીર્થંકરોએ દુઃખ દૂર કરવાવાળો અને સુખ ઉત્પન્ન કરવાવાળો સદુપદેશ જ દીધો છે. તીર્થંકર મહાવીરના ઉપદેશોનો હેતુ પણ આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપથી સંતપ્ત પ્રાણીઓને મુક્તિનો માર્ગ બતાવવાનો હતો. મુક્તિનો માર્ગ અર્થાત્ દુઃખોથી મુક્તિનો ઉપાય, વિકારોથી મુક્તિનો ઉપાય. આથી જિનવાણીમાં જેટલું અને જે કાંઈ કથન છે તે બધું આ દૃષ્ટિકોણથી છે. છ દ્રવ્ય, સાત તત્ત્વ, નવ પદાર્થરૂપ જે કાંઈ

---

૧ (ક) દ્રવ્યસંગ્રહ, ગાથા ૧૭ થી ૨૧ (ખ) પ્રવચનસાર, ગાથા ૧૩૩-૩૪

૨ संसारदुःखतः सत्त्वान् यो धरत्युत्तमे सुखे। રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૨

કથન છે તે દુઃખ, દુઃખનાં કારણો, સુખ અને સુખનાં કારણોને ધ્યાનમાં રાખીને જ કરવામાં આવ્યું છે.

છ દ્રવ્યોમાં જીવ સિવાય પાંચ અજીવ દ્રવ્યો તો ન દુઃખી છે અને એમને સુખી થવાનો પણ કોઈ પ્રશ્ન નથી, કેમકે એમનામાં ચેતનતા જ નથી. સુખ-દુઃખ ચેતનને જ હોય છે, કેમકે તે ચેતનની જ અનુભૂતિઓ છે. પાંચ અજીવ દ્રવ્ય અચેતન હોવાથી સમજતાં પણ નથી, તેથી તેમને સમજાવવાનો પ્રશ્ન પણ નથી, એમને સમજવું પણ નથી, કેમકે સમજ તો સુખી થવા માટે જોઈએ; એમને સુખી થવાનો પ્રશ્ન જ નથી. સમજવું એ સંસારી જીવો માટે છે, કેમકે તેઓ દુઃખી છે અને તેમને સુખી થવું છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્ય આ જીવ માટે ન તો દુઃખનાં કારણો જ છે, ન સુખનાં. આ કારણને લીધે જ એમનું પ્રતિપાદન અત્યંત સંક્ષેપમાં થયું છે.

પુદ્ગલ દ્રવ્ય તેવીસ પ્રકારનું હોય છે, પરંતુ પાંચ પ્રકારની પુદ્ગલ-વર્ગણાઓનો સંયોગ જ જીવની સાથે થતો જોવામાં આવે છે. તે પાંચ પ્રકાર આ પ્રમાણે છે—આહાર વર્ગણા, ભાષા વર્ગણા, મનો વર્ગણા, તૈજસ વર્ગણા અને કાર્માણ વર્ગણા. જિનાગમમાં સંસારી આત્મા સાથે એક-ક્ષેત્રાવગાહ રૂપે સંબંધ રાખવાવાળાં પાંચ પ્રકારનાં શરીરોનું વર્ણન છેઃ—ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્માણ. એમાંથી ઔદારિક, વૈક્રિયક અને આહારક શરીર આહાર વર્ગણાથી બને છે. તૈજસ વર્ગણાથી તૈજસ શરીર અને કાર્માણ વર્ગણાથી કાર્માણ શરીરની રચના થાય છે. મનો વર્ગણાથી મનની રચના થાય છે અને ભાષા વર્ગણા શબ્દરૂપ પરિણમીને ભાષાનું રૂપ લે છે. એથી પુદ્ગલનું જે વર્ણન જિનાગમમાં મળી આવે છે, તેમાં સૌથી વધારે વર્ણન આ પાંચ પ્રકારના પુદ્ગલોનું જ છે.

ભગવાન મહાવીરના ઉપદેશોનું કેન્દ્રબિંદુ આત્મા છે, એથી આત્મતત્ત્વના પ્રતિપાદન માટે પરદ્રવ્યોનું જેટલું અને જે કથન

[illegible]

[illegible]

[illegible]

પુદ્ગલની પાંચ પ્રકારની વર્ગણાઓમાં જે [illegible] છે, તે [illegible] આદિ [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] આદિ [illegible] [illegible]

---

૧ [illegible]

૨ [illegible]

[illegible] ॥

—[illegible], શ્લોક ૧૨.

૩ ગોમ્મટસાર કર્મકાંડ, ગાથા ૮

ભાવકર્મના ભેદથી બે પ્રકારનાં હોય છે.

જીવ અને પુદ્ગલ (કર્મ-નોકર્મ) અનાદિકાળથી એક જેવાં થઈ રહ્યાં છે.[1] જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ (પુદ્ગલ કર્મ) ઉદયે જીવને મોહ-રાગ-દ્વેષ (ભાવકર્મ) થાય છે અને મોહ-રાગ-દ્વેષ આદિ ભાવ થતાં આત્મા સાથે દ્રવ્ય કર્મોનો સંબંધ થાય. દ્રવ્યકર્મ જ્યાં એક તરફ ભાવકર્મ માટે નિમિત્ત બને છે, ત્યાં બીજી તરફ નોકર્મના સંયોગનું કારણ (નિમિત્ત) પણ બને. સ્થૂળ દેહ વગેરે સંયોગી પદાર્થોને નોકર્મ કહેવામાં આવે છે.

આ પ્રમાણે મોહ-રાગ-દ્વેષ ભાવકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને દેહાદિ નોકર્મની સ્થિતિ બનતી રહે છે અને આત્મા દુઃખી થયા કરે છે. જીવની આ દુઃખ-અવસ્થાનું નામ જ સંસાર છે. એનાથી મુક્ત થવાનું નામ છે મોક્ષ અને મુક્ત થવાના ઉપાયને મોક્ષમાર્ગ કહે છે.

તીર્થંકર મહાવીરની દિવ્ય-વાણીનો એકમાત્ર પ્રતિપાદ્ય (વિષય) આ મોક્ષમાર્ગ જ છે. એમની વાણીમાં આના સિવાય બીજું કાંઈપણ શોધવું એ વ્યર્થ છે.

ધર્મતીર્થ

ભગવાનના આ ઉપદેશ જ એમનું ધર્મતીર્થ છે, જેને આચાર્ય સમન્તભદ્રે 'સર્વોદય તીર્થ' કહ્યું છે.[2] સર્વનો ઉદય જ સર્વોદય [illegible] જેમાં સૌને ઉન્નતિની સમાન તક પ્રાપ્ત થાય, દરેક [illegible] પદ પ્રાપ્ત કરી શકે, સૌને પૂર્ણ સુખી અને જ્ઞાની [illegible] અધિકાર હોય, તે જ સિદ્ધાંત સર્વોદય છે. આ

1 [illegible], ગાથા [illegible]

2 [illegible] કલ્પં, સર્વાન્તશૂન્યં ચ મિથોઽનપેક્ષમ્ ।
[illegible] નિરન્તં, સર્વોદયં તીર્થમિદં તવૈવ ॥

—યુક્ત્યનુશાસન, શ્લોક [illegible]

અર્થમાં તીર્થંકર મહાવીરે પ્રતિપાદિત કરેલ અને અનાદિકાળથી આજ પ્રકાર ચાલ્યો આવતો જિન-સિદ્ધાંત વાસ્તવિક સર્વોદય તીર્થ છે, કેમકે એમાં સર્વશ્રેષ્ઠ પદ પણ કોઈ વ્યક્તિ વિશેષ (ઈશ્વર) માટે સુરક્ષિત નથી. કોઈપણ આત્મા જિનાગમમાં દર્શાવેલા મુક્તિમાર્ગ પર ચાલીને પરમાત્મા બની શકે છે, પરમપદ પ્રાપ્ત કરી શકે છે.

સર્વ જીવ સમભાવ જેવો જિનાગમમાં દર્શાવેલો છે તેવો અન્યત્ર દુર્લભ છે. સમાનતા જ સર્વોદયનો મૂળ આધાર છે. મહાવીરની વાણીમાં સ્વતંત્રતાની સાથે સમાનતાને પણ મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત છે. એમના સર્વોદય તીર્થના વસ્તુ-સ્વતંત્રતા અને સમાનતા આ બે પ્રબળ દીપ-સ્તંભ છે જેના પર સ્યાદ્વાદ શૈલીમાં અભિવ્યક્ત અનેકાન્તાત્મક વસ્તુસ્વરૂપ સૂર્ય અને ચંદ્રની જેમ પ્રકાશિત થઈ રહ્યું છે અને અહિંસાત્મક આચરણની પવિત્ર ગંગામાં પ્રવાહિત થઈને અપરિગ્રહના આનંદ-સાગરમાં લહેરાઈ રહ્યું છે.

તીર્થંકર ભગવાન મહાવીરે દર્શાવેલું ધર્મતીર્થ અથવા મુક્તિનો માર્ગ શું છે?—એ જ આ ખંડનો મૂળ પ્રતિપાદ્ય વિષય છે.

ધર્મ શું છે?

વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. જે વસ્તુનો જે સ્વભાવ છે, તે જ તેનો ધર્મ છે. શબ્દની વ્યુત્પત્તિ અનુસાર જે ધારણ કરે છે અથવા જેના વડે ધારણ કરવામાં આવે છે તે ધર્મ છે. દરેક વસ્તુને તેનો સ્વભાવ જ ધારણ કરે છે અથવા દરેક વસ્તુ પોતાના સ્વભાવને જ ધારણ કરે છે; એથી તે સ્વભાવ જ તે વસ્તુનો ધર્મ છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, શ્રદ્ધા, સુખ વગેરે અનંત ગુણોનો પિંડ જ આત્મા છે, તેઓ જ આત્માને ધારણ કરે છે અથવા આત્મા જ તેમને ધારણ કરે છે; તેથી તે જ આત્મ-ધર્મ છે. આ પ્રમાણે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે પુદ્‌ગલના ગુણો છે, તેઓ જ તેને ધારણ કરે છે અથવા પુદ્‌ગલ જ તેમને ધારણ કરે છે; તેથી તેઓ જ પુદ્‌ગલના ધર્મ છે.

ગુણોની સાથે ગુણોનું પરિણમન પણ વસ્તુનો સ્વભાવ છે. તે પરિણમન બે પ્રકારનું જોવામાં આવે છે. સ્વભાવને અનુકૂળ પરિણમનને સ્વભાવ પર્યાય અને પ્રતિકૂળ પરિણમનને વિભાવ પર્યાય કહે છે. વસ્તુનો સ્વભાવ તો ધર્મ છે જ, સ્વભાવને અનુકૂળ પરિણમન હોવાને લીધે સ્વભાવ પર્યાયને પણ ધર્મ કહે છે.

કેમકે અહીં આત્માને સુખ-શાંતિ પ્રાપ્ત કરાવવાવાળા ધર્મની જ ચર્ચા અપેક્ષિત છે, તેથી મહાવીરે દર્શાવેલ ધર્મ માત્ર 'ધર્મ' નહીં, 'આત્મ-ધર્મ' છે; કે જે મોક્ષમાર્ગ છે, દુઃખોથી છૂટવાનો ઉપાય છે. વસ્તુનો ત્રિકાળી સ્વભાવ તો હમેશાં વિદ્યમાન છે જ, એને શું છોડવો, શું પ્રાપ્ત કરવો? એને તો જાણવો છે, સમજવો છે. અજ્ઞાની આત્મા આજ સુધી તેને સમજ્યો નથી, તેની શ્રદ્ધા કરી નથી, એનો અનુભવ કર્યો નથી.

આત્મ-સ્વભાવનો સાક્ષાત્કાર કરવો એ જ એકમાત્ર કર્તવ્ય છે. સ્વભાવનો સાક્ષાત્કાર કરવાથી, આશ્રય કરવાથી જે સ્વભાવ-પર્યાય પ્રગટ થાય છે તે જ પ્રાપ્ત કરવા યોગ્ય ધર્મ છે, એને જ પ્રાપ્ત કરવો છે. તે રત્નત્રયસ્વરૂપ છે. આત્માનો સ્વભાવ મૂળથી આત્મ-ધર્મ છે અને એની સન્મુખ થઈને શ્રદ્ધા કરવી, જાણવું અને એમાં જ રમી જવું, જામી જવું, સમાઈ જવું—એ સ્વભાવ-પર્યાયરૂપ ધર્મ છે; જેને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કહે છે, રત્નત્રય ધર્મ કહે છે, મુક્તિનો માર્ગ કહે છે.

આચાર્ય ઉમાસ્વામી મહાશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્રમાં લખે છે:—

"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" । १ । १ ।। સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેયની એકરૂપતા જ મુક્તિનો માર્ગ છે.

એને ધર્મ ઘોષિત કરતાં આચાર્ય સમન્તભદ્ર કહે છે:—

"सद्दृष्टिज्ञानवृत्तानि, धर्मं धर्मेश्वरा विदुः ।
यदीयप्रत्यनीकानि, भवन्ति भवपद्धतिः[1] ।।"

---

1. રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૩

ધર્મના ઈશ્વર તીર્થંકર દેવ કહે છે—સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જ ધર્મ છે અને એનાથી વિપરીત સંસાર-દુઃખોને વધારવાવાળાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર અધર્મ છે.

શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર આત્માના ગુણો છે. એમનું સ્વભાવપરિણમન ક્રમશઃ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. સ્વભાવને અનુકૂળ પરિણમન હોવાથી તે ધર્મ છે, સુખનાં કારણ છે અને સુખરૂપ છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર ક્રમશઃ એ જ ગુણોનું વિભાવ પરિણમન છે; એથી તે અધર્મ છે, દુઃખરૂપ અને દુઃખનાં કારણ છે.

આત્મા અથવા સાત તત્ત્વ સંબંધી વિપરીત માન્યતા (શ્રદ્ધા)ને મિથ્યાદર્શન, વિપરીત જ્ઞાનને મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન–મિથ્યાજ્ઞાનથી યુક્ત, કષાય અને વિષયરૂપ પ્રવૃત્તિને મિથ્યાચારિત્ર કહે છે.

ધ્યાનમાં રહે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેય અલગ-અલગ મુક્તિનો માર્ગ નથી, પરંતુ ત્રણેયની એકતા જ મુક્તિનો માર્ગ છે. મુક્તિનો માર્ગ ત્રણ નથી, એક છે, અને તે ત્રણેયની એકતારૂપ જ છે. આ ત્રણેય આત્મસ્વરૂપ જ છે, કેમકે આત્મ-સ્વરૂપનો નિશ્ચય કરવો તે સમ્યગ્દર્શન, આત્મસ્વરૂપનું પરિજ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન અને આત્મસ્વરૂપમાં લીન થવું તે જ સમ્યક્ચારિત્ર છે.[1]

સમ્યગ્દર્શન

જીવાદિ તત્ત્વાર્થોનું સાચું શ્રદ્ધાન જ સમ્યગ્દર્શન છે.[2] જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વાર્થ

---

१ दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः ।
स्थितिरात्मनि चारित्रं कुत एतेभ्यो भवति बन्धः ॥
—પુરુષાર્થસિદ્ધ્યુપાય, શ્લોક ૨૧૬.

२ [illegible]

ગુણોની સાથે ગુણોનું પરિણમન પણ વસ્તુનો સ્વભાવ છે. તે પરિણમન બે પ્રકારનું જોવામાં આવે છે. સ્વભાવને અનુકૂળ પરિણમનને સ્વભાવ પર્યાય અને પ્રતિકૂળ પરિણમનને વિભાવ પર્યાય કહે છે. વસ્તુનો સ્વભાવ તો ધર્મ છે જ, સ્વભાવને અનુકૂળ પરિણમન હોવાને લીધે સ્વભાવ પર્યાયને પણ ધર્મ કહે છે.

કેમકે અહીં આત્માને સુખ-શાંતિ પ્રાપ્ત કરાવવાવાળા ધર્મની જ ચર્ચા અપેક્ષિત છે, તેથી મહાવીરે દર્શાવેલ ધર્મ માત્ર 'ધર્મ' નહીં, 'આત્મ-ધર્મ' છે; કે જે મોક્ષમાર્ગ છે, દુઃખોથી છૂટવાનો ઉપાય છે. વસ્તુનો ત્રિકાળી સ્વભાવ તો હુમેશાં વિદ્યમાન છે જ, એને શું છોડવો, શું પ્રાપ્ત કરવો? એને તો જાણવો છે, સમજવો છે. અજ્ઞાની આત્મા આજ સુધી તેને સમજ્યો નથી, તેની શ્રદ્ધા કરી નથી, એનો અનુભવ કર્યો નથી.

આત્મ-સ્વભાવનો સાક્ષાત્કાર કરવો એ જ એકમાત્ર કર્તવ્ય છે. સ્વભાવનો સાક્ષાત્કાર કરવાથી, આશ્રય કરવાથી જે સ્વભાવ-પર્યાય પ્રગટ થાય છે તે જ પ્રાપ્ત કરવા યોગ્ય ધર્મ છે, એને જ પ્રાપ્ત કરવો છે. તે રત્નત્રયસ્વરૂપ છે. આત્માનો સ્વભાવ મૂળથી આત્મ-ધર્મ છે અને એની સન્મુખ થઈને શ્રદ્ધા કરવી, જાણવું અને એમાં જ રમી જવું, જામી જવું, સમાઈ જવું—એ સ્વભાવ-પર્યાયરૂપ ધર્મ છે; એને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કહે છે, રત્નત્રય ધર્મ કહે છે, મુક્તિનો માર્ગ કહે છે.

આચાર્ય ઉમાસ્વામી મહાશાસ્ત્ર તત્ત્વાર્થસૂત્રમાં લખે છે:—

"સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ" ।૧।૧।। સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેની એકરૂપતા જ મુક્તિનો માર્ગ છે.

ધર્મને પરિભાષિત કરતાં આચાર્ય સમન્તભદ્ર કહે છે:—

"સદ્દૃષ્ટિજ્ઞાનવૃત્તાનિ, ધર્મં ધર્મેશ્વરા વિદુઃ ।
યદીયપ્રત્યનીકાનિ, ભવન્તિ ભવપદ્ધતિઃ[1] ।।"

[illegible]

જોકે ઉપર્યુક્ત પરિભાષાઓ ઉપર-ઉપરથી જોતાં અલગ-અલગ પ્રતીત થાય છે, પરંતુ ઊંડાણથી વિચાર કરવામાં આવતાં બધાયનો એક જ અભિપ્રાય છે. એ જુદાં જુદાં સ્થાનો પર જુદાં જુદાં અનુયોગોની કથનપદ્ધતિ અને પ્રકરણને અનુસરીને કહેવામાં આવેલી છે. આચાર્યકલ્પ પંડિતપ્રવર ટોડરમલજીએ આ બધા પર વિસ્તારથી વિચાર કરીને એમનું પ્રયોજન સ્પષ્ટ કરતાં એમનામાં યુક્તિસંગત સમન્વય પ્રસ્થાપિત કરેલ છે.[1]

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે જીવાદિ સાત અથવા નવ તત્ત્વાર્થો અને દેવ-શાસ્ત્ર-ગુરુના સ્વરૂપનું સાચું જ્ઞાન અને શ્રદ્ધાન આવશ્યક છે. સાથે જ સ્વપર-ભેદવિજ્ઞાનપૂર્વક આત્માનુભૂતિ પણ અત્યંત આવશ્યક છે. સમ્યગ્દર્શનનાં જુદાં-જુદાં લક્ષણો-એમાંથી એકને મુખ્ય અને બીજાને ગૌણ કરીને બનાવવામાં આવ્યાં છે. દરેક લક્ષણમાં જોકે કોઈ એકને મુખ્યપણે લેવામાં આવ્યું છે છતાં તેમાં ગૌણપણે બીજાં બધાં આવી જાય છે, કેમકે તે બધાંય પરસ્પર જોડાયેલાં છે. જેમકે સાત તત્ત્વોમાં દેવ-શાસ્ત્ર-ગુરુ આ પ્રમાણે ગર્ભિત થઈ જાય છે:—મોક્ષ તત્ત્વને પ્રાપ્ત આત્મા જ દેવ અને સંવર-નિર્જરા તત્ત્વને પ્રાપ્ત આત્મા જ ગુરુ છે તથા દેવ અને ગુરુની વાણી જ શાસ્ત્ર છે, એથી સાત તત્ત્વોનું સાચું સ્વરૂપ જાણવાથી દેવ-શાસ્ત્ર-ગુરુનું જ્ઞાન થઈ જાય છે. એ જ પ્રમાણે સાત તત્ત્વોમાં આત્મતત્ત્વ આવી જ જાય છે, એથી સ્વપર-ભેદવિજ્ઞાન અને આત્માનુભૂતિ પણ ગર્ભિત થઈ જાય છે. આ પ્રમાણે અન્ય પરિભાષાઓમાં ઘટિત કરી શકાય છે.

મુક્તિના માર્ગમાં સમ્યગ્દર્શનનું સ્થાન સૌથી અધિક મહત્ત્વપૂર્ણ છે. આ મુક્તિ-મહેલની પ્રથમ સીડી છે, એના વિના જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ હોવાનું સંભવિત નથી.[2] જે પ્રમાણે બી વિના વૃક્ષની

---

૧ મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૩૨૫-૩૨.

२ मोक्षमहलकी परथम सीढ़ी, या बिन ज्ञान-चरित्रा।
सम्यक्ता न लहै, सो दर्शन, धारो भव्य पवित्रा॥
—છઢાલા, ત્રીજી ઢાલ, છંદ ૧૭.

ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળાગમ સંભવિત નથી; તેજ પ્રમાણે સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને ફળાગમ (મોક્ષ) થવાં સંભવિત નથી.[1] સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે. જે એનાથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ જ છે, એને મુક્તિની પ્રાપ્તિ સંભવિત નથી.[2]

અધિક શું કહીએ? જે મહાન પુરુષો ભૂતકાળમાં મોક્ષ ગયા છે અને ભવિષ્યમાં જશે, એ બધો સમ્યગ્દર્શનનો જ મહિમા છે.[3] તેથી એ યોગ્ય જ કહેવામાં આવ્યું છે કે—“પ્રાણીઓને આ જગતમાં સમ્યગ્દર્શન સમાન હિતકારી અને મિથ્યાદર્શન સમાન અહિતકારી બીજું કાંઈ નથી.”[4]

જીવ તત્ત્વ

જ્ઞાન-દર્શન સ્વભાવી આત્માને જીવ તત્ત્વ કહે છે. આત્મામાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, શ્રદ્ધા, ચારિત્ર આદિ અનંત ગુણ છે. બધા ગુણોમાં નિરંતર પરિવર્તન થયા કરે છે જેને પર્યાય કહેવામાં આવે છે. પર્યાયની મુખ્યતાથી આત્માના ત્રણ ભેદ કરવામાં આવે છે બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મા.

---

૧ विद्यावृत्तस्य संभूतिस्थितिवृद्धिफलोदयाः ।
न सन्त्यसति सम्यक्त्वे बीजाभावे तरोरिव ॥
—રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૩૨.

૨ दंसणभट्टा भट्टा दंसणभट्टस्स णत्थि णिव्वाणं ।
—અષ્ટપાહુડ (દર્શનપાહુડ), ગાથા ૩

૩ किं बहुणा भणिएणं जे सिद्धा णरवरा गए काले ।
सिज्झिहहि जे वि भविया, तं जाणइ सम्ममाहप्पं ॥
—અષ્ટપાહુડ (મોક્ષપાહુડ), ગાથા ૮૮.

૪ न सम्यक्त्वसमं किंचित्त्रैकाल्ये त्रिजगत्यपि ।
श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमं नान्यत्तनूभृताम् ॥
—રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૩૪.

જેને નવ તત્ત્વોનું સાચું જ્ઞાન અને શ્રદ્ધાન નથી અને જેને આત્માનુભૂતિ પ્રાપ્ત થઈ નથી તથા જે શરીરાદિ અજીવ પદાર્થો અને રાગાદિ રૂપ આસ્રવાદિ પદાર્થોમાં પોતાપણું માને છે અને એનો કર્તા બને છે, તે આત્મા જ બહિરાત્મા છે.

જે આત્મા ભેદવિજ્ઞાનના બળથી આત્માને દેહાદિક અને રાગાદિકથી ભિન્ન જ્ઞાન-દર્શન સ્વભાવી જાણે છે, માને છે અને અનુભવ કરે છે, તે જ્ઞાતા દૃષ્ટા સમ્યગ્દૃષ્ટિ આત્મા જ અંતરાત્મા કહેવામાં આવે છે.

આ જ અંતરાત્મા ગૃહસ્થાવસ્થા ત્યાગીને, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી, નિજસ્વભાવ સાધન વડે આત્મતલ્લીનતાની પરમ અવસ્થામાં પૂર્ણ વીતરાગી થઈને, સર્વજ્ઞતાને પ્રાપ્ત કરી લે છે ત્યારે પરમાત્મા બની જાય છે.[1]

બહિરાત્મા, અન્તરાત્મા અને પરમાત્મ દશામાં નિત્ય પરિવર્તનશીલ પરંતુ સદા વિદ્યમાન, દેહથી ભિન્ન એક ચેતન તત્ત્વ છે. એમાં જે પરિવર્તનશીલ તત્ત્વ છે એ તો આસ્રવ-બંધ, પુણ્ય-પાપ, સંવર-નિર્જરા અને મોક્ષતત્ત્વ છે અને જે ત્રણે અવસ્થાઓમાં વિદ્યમાન સામાન્ય જ્ઞાનાદિરૂપ સ્થિર તત્ત્વ છે, તે આત્મતત્ત્વ અથવા જીવતત્ત્વ છે.

આ આત્માને અન્ય દ્રવ્યોથી ભિન્ન જોવો (શ્રદ્ધવો) એ જ નિયમથી સમ્યગ્દર્શન છે. આ આત્મા પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપ્ત રહેવાવાળો, શુદ્ધનય વડે એકત્વમાં નિશ્ચિત કરેલો પૂર્ણ જ્ઞાનઘન છે. આ આત્મા સમ્યગ્દર્શનમયી છે, તેથી નવ તત્ત્વોની સંતતિ છોડીને એકમાત્ર આ જ પ્રાપ્ત કરવા યોગ્ય છે.[2] જોકે આ આત્મા

---

૧ વિશેષ જાણકારી માટે જુઓ :–
સમાધિશતક : પૂજ્યપાદ; અષ્ટપાહુડ (મોક્ષપાહુડ) : કુંદકુંદ.

૨ एकत्वे नियतस्य शुद्धनयतो व्याप्तुर्यदस्यात्मनः
पूर्णज्ञानघनस्य दर्शनमिह द्रव्यान्तरेभ्यः पृथक् ।
सम्यग्दर्शनमेतदेव नियमादात्मा च तावानयं
तन्मुक्त्वा नवतत्त्वसंततिमिमामात्मायमेकोऽस्तु नः ॥ —સમયસાર, કલશ ૬.

નુષ્ય વગેરેને જીવ જ કહેવામાં આવે છે—જ્યારે હાથી, ઘોડો, ાય, મનુષ્ય પર્યાય; અસમાનજાતીય પર્યાય હોવાથી જીવ અને દ્ગલ (અજીવ) નો સંયોગ છે. ભેદ-વિજ્ઞાનની દૃષ્ટિથી વિચારતાં ાથી, ઘોડા અને મનુષ્યનું શરીર-સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળાં દ્ગલથી બનેલું હોવાથી અજીવ છે અને તે શરીરમાં વિદ્યમાન ાન-દર્શન સ્વભાવી આત્મા જીવ છે. દેહ અને જીવને એક માનવો મજ્ઞાન છે,[1] તથા જીવ અને અજીવની ભિન્નતા જાણવી એ જ ગ્વ અને અજીવ તત્ત્વનું સાચું જ્ઞાન છે.

દેહ (અજીવ) થી આત્મા (જીવ) ને ભિન્ન નહીં જાણવાને ીધે બહિરાત્મા શરીરની ઉત્પત્તિ થતાં પોતાની ઉત્પત્તિ અને શરીરનો ાશ થતાં પોતાનો નાશ થવો માની લે છે.[2] તથા જે જાણવા-ખવારૂપ આત્માનાં કાર્ય છે તેને શરીરના અંગરૂપ ઇન્દ્રિયોનાં કાર્ય ાની લે છે. જીવ અને અજીવનું સાચું જ્ઞાન થવા માટે બેઉની ભેન્નતા જાણવી અને શરીરાદિથી ભિન્ન આત્મામાં પોતાપણું થવું થા શરીરાદિમાં કર્તૃત્વબુદ્ધિનો અભાવ થઈને એનાથી ભિન્ન માત્માની અનુભૂતિ થવી એ અત્યંત આવશ્યક છે.

આસ્રવ-બંધ તત્ત્વ

આત્મામાં ઉત્પન્ન થવાવાળા મોહ-રાગ-દ્વેષ ભાવ અને એમનું નેમિત્ત પામીને પુદ્ગલની કાર્માણવર્ગણાઓનું સ્વયં જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પરિણમવું એ આસ્રવ છે. એના બે ભેદ છે—દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવ. આત્માના જે ભાવોનું નિમિત્ત પામીને જ્ઞાનાવરણાદિ કર્મ આવે છે, કર્મરૂપ પરિણમે છે તે મોહ-રાગ-દ્વેષરૂપ ભાવોને ભાવાસ્રવ


---

1 देह जीवको एक गिने बहिरातम तत्त्व मुधा है।

—છઢાલા, ત્રીજી ઢાલ, છંદ ૪.

२ तन उपजत अपनी उपज जान, तन नशत आपको नाश मान ॥

થાય છે એ નિમ્નલિખિત ચાર્ટથી સહેલાઈથી સમજી શકાય છે:—



શુભ ભાવોથી પુણ્યાસ્રવ અને પુણ્યબંધ થાય છે તથા અશુભ ભાવોથી પાપાસ્રવ અને પાપબંધ થાય છે. બંધ ભલે તે પુણ્યનો હોય કે પાપનો, તે છેવટે છે તો બંધ જ. એનાથી આત્મા બંધાય છે, મુક્ત તો નથી થતો. પુણ્યને સોનાની બેડી અને પાપને લોઢાની બેડી બતાવી છે.[1] આ સંબંધમાં ડૉ. હીરાલાલ જૈન લખે છે:–

"અહીં આ વાત પણ ધ્યાન દેવા યોગ્ય છે કે પુણ્ય અને પાપ, એ બેઉ પ્રવૃત્તિઓ કર્મબંધ ઉત્પન્ન કરે છે. હા, એમાંથી પહેલા પ્રકારનો કર્મબંધ જીવના અનુભવમાં અનુકૂળ અને સુખદાયી; અને બીજો પ્રતિકૂળ અને દુ:ખદાયી સિદ્ધ થાય છે. એટલે જ પુણ્ય અને પાપ બેઉને શરીરને બાંધવાવાળી બેડીઓની ઉપમા આપવામાં આવી છે. પાપરૂપ બેડીઓ લોખંડની છે; અને પુણ્યરૂપ બેડીઓ સુવર્ણની, જે અલંકારોનું રૂપ ધારણ કરીને પ્રિય લાગે છે. જીવના

---

1 सोवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं ।
बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं ॥
—સમયસાર, ગાથા ૧૪૬.

ચૈતન્યસ્વભાવી ત્રિકાળી ધ્રુવ આત્મતત્ત્વના આશ્રયે થવાવાળી અકષાય ભાવરૂપ શુદ્ધિની વૃદ્ધિ એ જ નિર્જરા તત્ત્વ છે. નિર્જરા સંવર-પૂર્વક જ થાય છે.

સમય પૂરો થયે અથવા મંદકષાયાદિનું કારણ પામીને પણ કર્મ ખરી જાય છે. જોકે એને ક્રમશઃ સવિપાક નિર્જરા અને અકામ નિર્જરા કહે છે તોપણ મોક્ષમાર્ગમાં જે નિર્જરા તત્ત્વની વાત છે એનો એની સાથે કોઈ સંબંધ નથી, કેમકે એના વડે આત્માના મુક્તિરૂપી કાર્યમાં કોઈ સહાય મળતી નથી. કહ્યું છે કેઃ—

નિજ કાલ પાય વિધિ ઝરના, તાસોં નિજ કાજ ન સરના,
તપકરિ જો કર્મ ખપાવે, સોઈ શિવ સુખ દરસાવે.[1]

તે નિર્જરા તપ વડે થાય છે.[2] ઇચ્છાઓના નિરોધનું નામ તપ છે.[3] એને જ જો અસ્તિરૂપથી કહેવામાં આવે તો 'ચૈતન્યસ્વરૂપમાં નિસ્તરંગ સ્થિરતા એ જ તપ છે.'[4] બંનેય પરિભાષાઓને મેળવી દેતાં 'ચૈતન્યસ્વરૂપમાં નિસ્તરંગ સ્થિરતા વડે ઇચ્છાઓ-આકાંક્ષાઓને રોકવી એ તપ છે.' તે તપ અંતરંગ અને બહિરંગના ભેદે બે પ્રકારનું છે તથા દરેકના અવાંતર છ છ ભેદ છે. આ પ્રમાણે કુલ મળીને તપ બાર પ્રકારનું છે.

અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયક્લેશ—એ બાહ્ય તપ છે.[5]

પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન—એ અંતરંગ તપ છે.[6]

---

1 છહઢાલા, પાંચમી ઢાલ, છંદ ૧૧.
2 तपसा निर्जरा च । —તત્ત્વાર્થસૂત્ર, અ. ૯, સૂત્ર ૩.
3 इच्छानिरोधस्तपः । —મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૨૩૦ ઉપર ઉદ્ધૃત.
4 स्वरूपविश्रान्तनिस्तरंगचैतन्यप्रतपनात् तपः ।
—પ્રવચનસાર ગાથા ૧૪ની 'તત્ત્વપ્રદીપિકા' ટીકા.
5 તત્ત્વાર્થસૂત્ર, અ. ૯, સૂત્ર ૧૯. 6 એ જ, અ. ૯, સૂત્ર ૨૦.

આ બધાના વિસ્તૃત વિવેચનનો તો અહીં અવકાશ નથી, પરંતુ એટલું સમજી લેવું આવશ્યક છે કે અંતર્બાહ્યમાંથી ગમે તે તપ કેમ ન હોય, એમાં આત્માના શુદ્ધ સ્વભાવના આશ્રયે ઇચ્છાઓનો નિરોધ અવશ્ય થવો જોઈએ, નહીં તો તે તપ કહી શકાય નહીં; કેમકે તપની મૂળ પરિભાષા એમાં ઘટિત થવી જ જોઈએ.

તપ એ આત્માની વીતરાગ પરિણતિરૂપ શુદ્ધ ભાવનું નામ છે. અનશનાદિ બહિરંગ અને પ્રાયશ્ચિત્ત આદિ અંતરંગ તપ જે રૂપે વીતરાગ ભાવનાં પોષક છે, તે જ રૂપે તે તપ છે. કોઈ વીતરાગ ભાવરૂપ તપને તો ન જાણે અને બાહ્યરૂપે તેને કરતો રહે તો તેને નિર્જરા થશે નહીં,[1] કેમકે નિર્જરાનું કારણ તો શુદ્ધ ભાવરૂપ નિશ્ચય તપ જ છે. સાચું તપ સમ્યગ્દષ્ટિને જ હોય છે.

ઉપવાસાદિ ક્રિયાઓ અજ્ઞાનીઓ પણ કરે છે, પરંતુ એમના ખ્યાલમાં ઉપવાસાદિ તપોનું સાચું સ્વરૂપ તો આવતું નથી અને ભોજનાદિ ત્યાગરૂપ બાહ્યક્રિયાને ઉપવાસાદિ તપ માની લે છે. જેમકે— કષાયો, ભોગો અને ભોજનના ત્યાગનું નામ ઉપવાસ છે,[2] પરંતુ માત્ર ભોજનના ત્યાગને ઉપવાસ માની લેવામાં આવે છે; પરિણામોમાં ભોગોની વાંછા અને કષાયોની જ્વાળા કેટલીય સળગતી કેમ ન હોય, તે તરફ ધ્યાન જ જતું નથી. આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ એમની સ્થિતિનું ચિત્રણ કરતાં લખ્યું છે :—

"કેટલાય જીવો પહેલાં તો મોટી પ્રતિજ્ઞા ધારણ કરી બેસે છે, પરંતુ અંતરંગમાં વિષય-કષાય વાસના મટી નથી હોતી, એટલે જેમ-તેમ પ્રતિજ્ઞા પૂરી કરવા ઇચ્છે છે. ત્યાં એ પ્રતિજ્ઞાથી પરિણામ

---

૧ મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૨૩૩.

૨ कषायविषयाहारो त्यागो यत्र विधीयते ।
उपवासः सः विज्ञेयः शेषं लंघनकं विदुः ॥

—મોક્ષમાર્ગ પ્રકાશક, પાન ૨૩૧ પર ઉદ્ધૃત.

દુઃખી થાય છે. જેમ કોઈ ઘણા ઉપવાસ કરી બેસે છે અને પાછળથી પીડા વડે દુઃખી થઈ રોગીની જેમ કાળ ગુમાવે છે, ધર્મસાધન કરતો નથી;....ઉપવાસ કરીને વળી રમવા લાગી જાય છે; કેટલાક પાપી જુગાર વગેરે કુવ્યસનોમાં લાગી જાય છે અથવા સૂઈ રહેવા ઇચ્છે છે. એ એમ જાણે છે કે કોઈપણ પ્રકારે કાળ પૂરો કરવો.... ધારણાં-પારણાંના ભોજનમાં અતિ લોભી થઈ ગરિષ્ઠાદિ ભોજન કરે છે, ઉતાવળ પણ ઘણી કરે છે.[1]"

વસ્તુતઃ જે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ આત્માના આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ કરતા થકા નિરંતર ઇચ્છાઓનો અભાવ કર્યે જાય છે, તે જ તપ છે–અને એનાથી જ નિર્જરા થાય છે. એની સાથે થવાવાળી ભોજનાદિના ત્યાગરૂપ ક્રિયાઓ અને વિકલ્પરૂપ શુભભાવોને પણ વ્યવહારથી તપ કહેવામાં આવે છે, પરંતુ તે ઉપચારમાત્ર છે.

મોક્ષ તત્ત્વ

મોહ-રાગ-દ્વેષાદિ સમસ્ત વિકારો, દુઃખો, જ્ઞાનાવરણાદિ કર્મો અને દેહાદિક નોકર્મોથી સંપૂર્ણપણે મુક્ત થવું એ જ મોક્ષ છે. એ પણ બે પ્રકારનો છે—દ્રવ્યમોક્ષ અને ભાવમોક્ષ. આત્માના [illegible] ભાવ, કર્મબંધન અને મોહ-રાગ-દ્વેષ આદિ વિકારી ભાવોથી [illegible] મુક્ત થવામાં હેતુ છે, તે ભાવ ભાવમોક્ષ છે અર્થાત [illegible] પૂર્ણ વિકાસ, પૂર્ણ શુદ્ધ પર્યાયનું પ્રગટ થવું એ જ [illegible] અને જ્ઞાનાવરણાદિ દ્રવ્ય કર્મો અને દેહાદિ નોકર્મોથી [illegible] મુક્ત થવું એ દ્રવ્યમોક્ષ છે.[2]

[illegible] કરવા માટે જે ઉપાયો છે તે જ સંવર નિર્જરા છે. [illegible] નિર્જરા કારણ છે અને મોક્ષ કાર્ય છે. [illegible] નિર્જરા મોક્ષમાર્ગ છે.

[illegible]

સંવર, નિર્જરા અને મોક્ષ ઉપાદેય તત્ત્વો છે. આસ્રવ-બંધ, પુણ્ય-પાપ સંસાર-માર્ગ હોવાથી હેય તત્ત્વો છે. આશ્રય કરવાની અપેક્ષાએ ત્રિકાળી ધ્રુવ શુદ્ધ એક જીવતત્ત્વ જ પરમ ઉપાદેય છે અને એના સિવાય સમસ્ત જીવ-અજીવ ન તો હેય છે, ન ઉપાદેય. તે જ્ઞેય છે. માત્ર જાણવા યોગ્ય છે.

નિજાત્મ તત્ત્વનાં જ્ઞાન, શ્રદ્ધાન અને લીનતાથી ઉપાદેય તત્ત્વ સંવર, નિર્જરા અને મોક્ષ યથાક્રમ પ્રગટ થાય છે. આસ્રવ, બંધ, પુણ્ય-પાપ યથાક્રમ છૂટતાં જાય છે અને આખુંય વિશ્વ જ્ઞાનીનું જ્ઞેયમાત્ર બનીને રહી જાય છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં ઉપર કહેલાં તત્ત્વોનાં મંથન, ચર્ચા, નિરંતર અભ્યાસ વગેરેનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. આચાર્યકલ્પ પં. ટોડરમલજીએ તત્ત્વવિચારનું મહત્ત્વ આ પ્રમાણે પ્રતિપાદિત કર્યું છે :–

"જુઓ, તત્ત્વવિચારનો મહિમા ! તત્ત્વવિચાર રહિત દેવાદિકની પ્રતીતિ કરે, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રતાદિક પાળે, તપશ્ચરણાદિ કરે છતાં તેને તો સમ્યક્ત્વ હોવાનો અધિકાર નથી, અને તત્ત્વવિચારવાળો એના વિના પણ સમ્યક્ત્વનો અધિકારી હોય છે. વળી કોઈ જીવને તત્ત્વવિચાર થવા પહેલાં કોઈ કારણ પામીને દેવાદિકની પ્રતીતિ થાય, વા વ્રત-તપ અંગીકાર થાય અને પછી તત્ત્વવિચાર કરે; પરંતુ સમ્યક્ત્વનો અધિકારી તત્ત્વવિચાર થતાં જ થાય છે.'[1]"

દેવ

અરહંત અને સિદ્ધ પરમેષ્ઠી સાચા દેવ છે. દેવગતિના દેવોથી જુદા બતાવવા માટે અહીં 'સાચા' એવા વિશેષણનો પ્રયોગ કર્યો છે. સાચા દેવને પરમાત્મા, ભગવાન, આપ્ત આદિ નામોથી કહેવામાં આવે છે. જો કે સામાન્ય કથન મુજબ આ શબ્દો બધા એકાર્થવાચી છે તોપણ આમ શબ્દ પોતાની કાંઈક અલગ વિશેષતા ધરાવે છે.

1 મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૨૬૦.

જે વીતરાગી અને સર્વજ્ઞ હોય તે બધા ભગવાન છે, પરમાત્મા છે, સાચા દેવ છે. પરંતુ આપ્તમાં એક વિશેષતા વધુ હોય છે જે અન્યમાં નથી. આપ્ત વીતરાગી અને સર્વજ્ઞ હોવાની સાથે સાથે હિતોપદેશી પણ હોય છે.[1] બધા ભગવાન હિતોપદેશી નથી હોતા. સિદ્ધ ભગવાનને તો વાણીનો સંયોગ છે જ નહીં. સાચા દેવની પરિભાષામાં હિતોપદેશી વિશેષણ આપ્તની અપેક્ષાએ છે. વીતરાગી તથા સર્વજ્ઞ એ વિશેષણો તો સમસ્ત અરહંત-સિદ્ધ પરમાત્માઓમાં હોય છે.

સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે સાચા દેવનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે. આચાર્ય કુંદકુંદ અનુસાર "જે દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરહંતને જાણે છે, તે પોતાના આત્માને પણ જાણે છે અને તેનો દર્શનમોહ નષ્ટ થઈ જાય છે અર્થાત્ તે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે."[2]

સાચા દેવ અર્થાત્ આપ્તની પરિભાષામાં સમાગત ત્રણેય વિશેષણોને સાચા રૂપે જાણવા માટે એમનું સ્વરૂપ જાણવું આવશ્યક છે.

પહેલું વિશેષણ છે વીતરાગ—જે રાગ-દ્વેષ-મોહ, જન્મ-મરણ, ભૂખ-તરસ આદિ અઢાર દોષોથી[3] રહિત હોય, તેને

---

१ आप्तेनोच्छिन्नदोषेण सर्वज्ञेनागमेशिना ।
भवितव्यं नियोगेन नान्यथा ह्याप्तता भवेत् ॥

—રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૫.

२ जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ॥

—પ્રવચનસાર, જ્ઞાનતત્ત્વ-પ્રજ્ઞાપન અધિકાર, ગાથા ૮૦.

૩ જનમ જરા તિરખા ક્ષુધા વિસ્મય આરત ખેદ,
રોગ શોક મદ મોહ ભય નિદ્રા ચિંતા સ્વેદ;
રાગ દ્વેષ અરુ મરણ જુત, યે અષ્ટાદશ દોષ,
નાહિ હોત અરહંત કે સો છબિ લાયક મોષ.

—સર્વજ્ઞ ભગવાનનો ઉપાસક હોઈ શકતો
ઉપાસક નહીં પણ ભોગોનો ઉપાસક છે.

સાચું સ્વરૂપ નહીં સમજવાને લીધે
ા આવવાનો સંભવ છે. એ જ કારણ છે
ર્તિઓમાં વીતરાગતા ન દેખતાં ચમત્કાર
'ચમત્કાર ત્યાં નમસ્કાર'ની લોકોક્તિ
ઠેરની સાથે ચમત્કારિક કથાઓ જોડાયેલી
પાસ કરીને તે મૂર્તિઓ સમક્ષ તથાકથિત
ારે જોવામાં આવે છે. જેની સાથે લૌકિક
ાંની કલ્પનાઓ પ્રચાર પામેલી છે, ત્યાં
ણ નથી મળતી અને બાકીનાં મંદિરો
મૂર્તિઓની ધૂળ સાફ કરવાવાળા પણ

ીરની હજારો મૂર્તિઓ છે. એ બધી
ો મહાવીરની પૂજા કરીએ છીએ. જુદાં-
મૂર્તિઓના માધ્યમથી પૂજવામાં આવતા
નથી, પણ એક છે. ભગવાન મહાવીર
ા અને હિતોપદેશિતાને કારણે પૂજ્ય છે,
સંતાન, ધન આદિ દેવાને કારણે નહીં.
ાદિ અને ઘરબાર છોડીને આત્મસાધના-

ाभयस्मयाः ।
स प्रकीर्त्यते ॥
—રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૬.

રત થયા હોય, એમની પાસેથી જ ધનાદિકની ઇચ્છા કરવી એ કેટલું હાસ્યાસ્પદ છે! એમને ભોગાદિના દેવાવાળા કહેવું એ એમની વીતરાગતાની મૂર્તિને ખંડિત કરવા બરાબર છે.

એક તો વીતરાગી ભગવાન પ્રસન્ન થઈને કોઈને કાંઈ દેતા જ નથી અને નારાજ થઈને કોઈનો કાંઈ બગાડ કરતા જ નથી. બીજું ભોળા જીવોની કલ્પનાનુસાર એમને સુખ-દુઃખ દેવાવાળા પણ જો માની લેવામાં આવે તોપણ એ કેવી રીતે સંભવિત છે કે તે અમુક મૂર્તિના માધ્યમથી જ કાંઈક આપશે, બીજી મૂર્તિના માધ્યમથી નહીં. જો એમ કહેવામાં આવે કે તેઓ તો કાંઈ આપતા નથી પરંતુ તેમના ઉપાસકને સહજ જ પુણ્યબંધ થાય છે, તો શું અમુક મૂર્તિની પૂજા કરવાથી અથવા અમુક મંદિરમાં ઘી વગેરેના દીવા રાખવાથી જ પુણ્ય બંધાશે, અન્ય મંદિરોમાં અથવા અન્ય મૂર્તિઓની સામે નહીં?

ભોળા ભક્તોએ પોતાની કલ્પના અનુસાર તીર્થંકર ભગવંતોમાં પણ વિભાજન કરી દીધો છે. એમના મત અનુસાર પાર્શ્વનાથ રક્ષા કરે છે તો શાન્તિનાથ શાન્તિ. એ જ પ્રમાણે શીતલનાથ શીતળા (ચેચક)ને મટાડવાવાળા છે અને સિદ્ધ ભગવાનને કુષ્ઠ રોગ દૂર [illegible] કહેવામાં આવે છે. ભગવાન તો બધા જ વીતરાગી-સર્વજ્ઞ, [illegible] અનન્તવીર્યના સ્વામી છે, એમનાં કાર્યોમાં આ [illegible] સંભવિત છે? એક તો ભગવાન કાંઈ કરતા જ નથી, [illegible] શાન્તિનાથ પાર્શ્વનાથની જેમ રક્ષા નથી કરી [illegible] તો અનન્ત-સિદ્ધ ભગવંતોમાં છે નહીં.

[illegible] પોતપોતાના ભાવોના પૂર્વોપાર્જિત [illegible] ભગવાનનું કાંઈ કર્તૃત્વ નથી, કેમકે તેઓ [illegible] કરતા નથી, તેમને કાંઈ કરવું બાકી જ [illegible] કરી ચૂક્યા છે.

[illegible] પણ એમની [illegible] વીતરાગી અને પૂર્ણતાની

સાચા દેવનું બીજું વિશેષણ છે સર્વજ્ઞ. અલોકાકાશ સહિત ત્રણ લોક અને ત્રણ કાળના સમસ્ત પદાર્થોને એમના ગુણ-પર્યાયો સહિત એક સમયમાં સંપૂર્ણપણે જાણે તે સર્વજ્ઞ છે.[1] લોકમાં બધાં મળીને અનન્તાનન્ત દ્રવ્યો છે, દરેક દ્રવ્યમાં અનંત ગુણ છે અને દરેક ગુણની ત્રિકાળવર્તી અનંતાનન્ત પર્યાયો છે. એ સમસ્ત દ્રવ્યો, ગુણો અને પર્યાયોને સર્વજ્ઞ ભગવાન એક સમયમાં ઇન્દ્રિયાદિકની સહાયતા વિના પરિપૂર્ણ રૂપે જાણે છે. સમસ્ત જગતમાં જે કાંઈ થઈ ચૂક્યું છે, થઈ રહ્યું છે અને ભવિષ્યકાળમાં જે કાંઈ પણ થવાનું છે, તે બધું વર્તમાનમાં વર્તમાનવત્ જ સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં સ્પષ્ટ ઝળકે છે.

'જે બધાને જાણે તે સર્વજ્ઞ.' સામાન્યપણે આ સત્યનો સ્વીકાર કરવા છતાં પણ સર્વજ્ઞત્વ સંબંધી સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન નહીં હોવાને લીધે જ્યારે એમની સામે આ વાત આવે છે કેઃ—

जो-जो देखी वीतरागने, सो-सो होसी वीरा रे ।
अनहोनी कबहूँ न होसी, काहे होत अधीरा रे ॥

વીતરાગ-સર્વજ્ઞદેવે ભવિષ્યના સંબંધમાં જે-જે દેખ્યું-જાણ્યું છે, તે જ થશે, અન્યથા થઈ શકતું નથી; તેથી અધીરા થવાની આવશ્યકતા નથી.

આ સાંભળીને તેઓ એકદમ ચોંકી ઊઠે છે—કે હવે તો અમારું પરિણમન ભગવાનના જ્ઞાનને આધીન થઈ ગયું, અમે જે ઇચ્છીએ તે કરી શકીએ નહીં. અમે તો પરતંત્ર થઈ ગયા. એમની સમજમાં એ નથી આવતું કે વસ્તુનું પરિણમન ભગવાનના જ્ઞાનને આધીન નથી પરંતુ વસ્તુ સ્વયં જે રૂપે પરિણમી હતી, હાલ પરિણમી રહી છે અને ભવિષ્યમાં પરિણમશે, તે રૂપે ભગવાને તો તેને માત્ર જાણી છે.

જ્ઞાન તો 'પર'ને માત્ર જાણે છે, પરિણમાવતું નથી. જે

१ सर्वद्रव्यपर्यायेषु केवलस्य । —તત્ત્વાર્થસૂત્ર, અ ૧ સૂત્ર ૨૯.

પ્રમાણે જ્ઞાનને આધીન વસ્તુ નથી, તે જ પ્રમાણે વસ્તુને આધીન જ્ઞાન પણ નથી. બેઉનું પરિણમન સ્વતંત્ર પોત–પોતાના કારણે થાય છે. જ્ઞાન જાણી લે તેથી વસ્તુની સ્વતંત્રતા કેવી રીતે ખંડિત થઈ જાય ? સ્વતંત્રતા જ્ઞાનથી નહીં, પણ પોતાના અજ્ઞાન વડે ખંડિત થાય છે. જ્ઞાને તો વસ્તુના પરિણમનમાં કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ કર્યા વિના માત્ર એને જાણી છે.

એમને સર્વજ્ઞતાની વાસ્તવિક શ્રદ્ધા તો છે નહીં, પરંતુ શાસ્ત્રોમાં લખ્યું છે કે ભગવાન વીતરાગી અને સર્વજ્ઞ હોય છે; એથી સર્વજ્ઞ માન્યા વિના પણ તેઓ રહી શકતા નથી. એ જ કારણ છે કે તેઓ સર્વજ્ઞતાની વ્યાખ્યામાં પોતાની રુચિ અનુસાર કલ્પનાઓ કરે છે. તેઓ એમ કહે છે કે ભૂતકાળમાં અને વર્તમાનમાં તો જે કાંઈ થવાનું હતું, તે થઈ ગયું અથવા થઈ રહ્યું છે, તેને તો ભગવાન નિશ્ચિતરૂપે જાણે છે; પરંતુ ભવિષ્ય તો હજુ બન્યું જ નથી, એના સંબંધમાં એ કેવી રીતે કહી શકાય કે નિશ્ચિતરૂપે આમ જ થશે. ભવિષ્યને નિશ્ચિત માનવામાં તેમને સ્વતંત્રતા ખંડિત થતી લાગે છે. તેઓ એમ કહે છે કે જ્યારે ભવિષ્ય નક્કી જ નથી તો એને નિશ્ચિત કેવી રીતે જાણી શકાય, તેથી એને સર્વજ્ઞ સશર્ત જાણતા હોય.

જ્ઞાન અનિશ્ચયાત્મક નહીં હોતાં નિશ્ચયાત્મક છે. ભવિષ્યને અનિશ્ચિત માનવાથી જ્યોતિષ વગેરે નિમિત્તજ્ઞાન પણ કાલ્પનિક સિદ્ધ થશે, જ્યારે સૂર્યગ્રહણ વગેરેની ઘોષણાઓ વર્ષો પહેલાં કરી દેવામાં આવે છે અને તે સત્ય નીકળે છે. લાખો વર્ષો પછીના ભવિષ્યની નિશ્ચિત ઘોષણાઓથી આગમ ભર્યાં પડયાં છે અને તે ઘોષણાઓ પણ 'આમ જ થશે' એવી સ્પષ્ટ ભાષામાં છે, તેથી નિશ્ચિત ભવિષ્યજ્ઞતામાં શંકા કરવામાં આવે તો સમસ્ત આગમરૂપી મહેલ ધરાશાયી થતો જોવામાં આવે. એથી સાચા દેવનું સ્વરૂપ સમજવા માટે સર્વજ્ઞતાનો નિર્ણય અત્યંત આવશ્યક છે, કેમકે તે જ ધર્મનું મૂળ છે.

આપ્તનું ત્રીજું વિશેષણ છે હિતોપદેશી. આત્માનું હિત સાચા સુખની પ્રાપ્તિમાં જ છે અને સાચું સુખ નિરાકુળતામાં જ હોય છે. મુક્તિમાં આકુળતા હોતી નથી, તેથી મુક્તિના માર્ગમાં લાગવું એ જ પ્રત્યેક સુખાભિલાષીનું કર્તવ્ય છે.[1] મુક્તિના માર્ગનો ઉપદેશ જ હિતોપદેશ છે. અરહંત ભગવાનની દિવ્ય-ધ્વનિમાં મુક્તિના માર્ગનો જ ઉપદેશ આવે છે, તેથી તેઓ જ હિતોપદેશી છે. એમની વાણીને અનુસરીને જ સમસ્ત જિનાગમ લખાયાં છે, તેથી શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ જાણવું એ જ હિતોપદેશી વિશેષણનું સત્યાર્થ જ્ઞાન છે.

શાસ્ત્ર

જેમાં આપ્તનાં વચન આદિ હેતુ છે, એવા પદાર્થના જ્ઞાનને આગમ અથવા શાસ્ત્ર કહે છે.[2] અરહંત પરમાત્માની પવિત્ર વાણીમાં આવેલું પૂર્વાપર વિરોધ રહિત તત્ત્વાર્થોનું શુદ્ધ પ્રતિપાદન જ આગમ છે.[3] આપ્ત વીતરાગી અને પૂર્ણજ્ઞાની હોય છે, તેથી તેમનો હિતોપદેશ અર્થાત્ તેમની વાણી પણ વીતરાગતાની પોષક અને પૂર્ણતા તરફ લઈ જનારી હોય છે. વાણીમાં પૂર્વાપર વિરોધનો અભાવ અને વીતરાગતાનું પોષણ દેખીને વક્તાની સર્વજ્ઞતા અને વીતરાગતાનો નિર્ણય થાય છે અને ત્યારપછી વક્તા વડે વાણીમાં પ્રામાણિકતા આવે છે.

---

૧ आतम को हित है सुख सो सुख, आकुलता बिन कहिए ।
आकुलता शिवमांहि न तातैं, शिवमग लाग्यो चहिए ॥
—છહઢાલા, ત્રીજી ઢાલ, છંદ ૧.

૨ आप्तवचनादिनिबंधनमर्थज्ञानमागमः ॥
—પરીક્ષામુખ, અ. ૩, સૂત્ર ૯૫.

૩ तस्स मुहुग्गदवयणं पुव्वावरदोसविरहियं सुद्धं ।
आगममिदि परिकहियं तेण दु कहिया हवंति तच्चत्था ॥
—નિયમસાર, જીવાધિકાર, ગાથા ૮.

આવ્યું નથી.' જેમાં રાગનું પોષણ હોય તે શાસ્ત્ર જૈનશાસ્ત્ર નથી.

શાસ્ત્રોના યથાર્થ સ્વરૂપની સમજણની સાથે સાથે એમાંનાં કથનોનો મર્મ જાણવા માટે એનો અર્થ કરવાની પદ્ધતિથી પણ પરિચિત હોવું અતિ આવશ્યક છે, નહીં તો એમનો સત્યાર્થ મર્મ નહીં સમજવાને કારણે લાભ થવાને બદલે નુકશાન થવાનો સંભવ છે. જેમકે ઔષધિ-વિજ્ઞાન સંબંધી શાસ્ત્રોમાં અનેક પ્રકારની ઔષધિઓનું વર્ણન હોય છે. જો કે બધી જ ઔષધિઓ રોગોને મટાડનારી જ છે, તોપણ દરેક ઔષધિ દરેક રોગીના કામની નથી હોઈ શકતી. વિશેષ રોગ અને વ્યક્તિને માટે વિશિષ્ટ અનુપાન સહિત વિશેષ ઔષધિ નિશ્ચિત માત્રામાં જ ઉપયોગી બને છે. આ જ વાત શાસ્ત્રોનાં કથનોને પણ લાગુ પડે છે. તેથી એના મર્મને સમજવામાં પૂરેપૂરી સાવધાની રાખવી જોઈએ, નહીંતર ગલત ઔષધિના સેવનની જેમ લાભને બદલે નુકસાન થવાની સંભાવના અધિક રહે છે.

જૈન શાસ્ત્રોની કથન કરવાની એક પદ્ધતિ છે—નિશ્ચય અને વ્યવહાર નયો વડે વસ્તુસ્વરૂપનું પ્રતિપાદન કરવાની. જિનાગમના રહસ્યને જાણવા માટે આ બેઉ નયોનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે, કેમકે સમસ્ત જિનાગમમાં નિશ્ચય-વ્યવહારરૂપ કથન છે. બીજું જિનાગમને ચાર અનુયોગોની પદ્ધતિમાં વહેંચી દઈને લખવામાં આવ્યું છે. દરેક અનુયોગની પોત-પોતાની પદ્ધતિ જુદી-જુદી છે.

જ્યાં લગી આપણે આ બેઉ પ્રકારની શૈલીઓથી પરિચિત ન થઈએ, ત્યાં લગી જિનવાણીનો મર્મ સમજમાં નહીં આવે. આ બેઉ પદ્ધતિઓના વિસ્તૃત વિવેચનનો અહીં અવકાશ નથી, એને વિસ્તારથી જાણવા માટે મોક્ષમાર્ગપ્રકાશકના સાતમા અને આઠમા અધિકારનું અધ્યયન કરવું જોઈએ. સાતમા અધિકારના ઉભયાભાસીના

---

૧ મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૩૦૩.

પ્રકરણમાં નિશ્ચય-વ્યવહાર શૈલી અને આઠમા અધિકારમાં ચારેય અનુયોગોવાળી પદ્ધતિના સંબંધમાં પ્રામાણિક, સર્વાંગ અને વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે.

શાસ્ત્રોમાં ઉલ્લેખ કરેલા વિષયોને એના પૂર્વાપર પ્રસંગ અને સંદર્ભમાં સમજવા ખૂબ આવશ્યક છે, નહીં તો એનો યથાર્થ ભાવ સમજવો સંભવ નથી. શાસ્ત્ર સ્વયં બોલતાં નથી, એનો મર્મ આપણે પોતે અથવા યોગ્ય જ્ઞાનીઓના સહયોગથી શોધી કાઢવો પડે છે.

શાસ્ત્રોના માધ્યમથી આપણે હજારો વર્ષ જૂના આચાર્યોના સીધા સંપર્કમાં આવીએ છીએ. આપણને એમના અનુભવનો લાભ મળે છે. લોકાલોકનું પ્રત્યક્ષ જ્ઞાન તો આપણે પરમાત્મા બનીએ ત્યારે જ પ્રાપ્ત થાય, પરંતુ પરોક્ષ રૂપે તે આપણને જિનવાણી દ્વારા પ્રાપ્ત થઈ જાય છે. સર્વજ્ઞ ભગવાનનો આ ક્ષેત્ર–કાળમાં અભાવ હોવાથી અને આત્મજ્ઞાનીઓની વિરલતા હોવાથી એક જિનવાણી જ શરણ છે.

ગુરુ

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વડે જે મહાન થઈ ગયા છે, એમને ગુરુ કહે છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પરમેષ્ઠી ગુરુ કહેવાય છે.[1] પંચેન્દ્રિયોના વિષયોની ઇચ્છાથી રહિત, સર્વ પ્રકારના આરંભ અને પરિગ્રહથી રહિત, જ્ઞાન, ધ્યાન અને તપમાં સદા લીન રહેવાવાળા તપસ્વી સાધુ—એ જ ગુરુ છે.[2]

નિરંતર આત્મસ્વરૂપની સાધના કરનારા સાધુઓના સ્વરૂપનું વર્ણન કરતાં આચાર્યકલ્પ પં. ટોડરમલજી લખે છે :—

"જે વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે

---

૧ ભગવતી આરાધના, પાનું ૫૧૧.

૨ विषयाशावशातीतो निरारम्भोऽपरिग्रहः ।
ज्ञानध्यानतपोरक्तस्तपस्वी स प्रशस्यते ॥ –રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક ૧૦.

પોતાને અનુભવે છે, પર દ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિક સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, પરદ્રવ્ય વા તેના સ્વભાવો જ્ઞાનમાં પ્રતિભાસે છે તેને જાણે છે તો ખરા, પરંતુ ઇષ્ટ–અનિષ્ટ માની તેમાં જે રાગ–દ્વેષ કરતા નથી, શરીરની અનેક અવસ્થા થાય છે—બાહ્ય અનેક પ્રકારનાં નિમિત્ત બને છે પરંતુ ત્યાં કાંઈ પણ સુખ–દુઃખ માનતા નથી, વળી પોતાને યોગ્ય બાહ્ય ક્રિયા જેમ બને છે તેમ બને છે પરંતુ તેને ખેંચી-તાણીને જે કરતા નથી, પોતાના ઉપયોગને જેઓ બહુ ભમાવતા નથી, પણ ઉદાસીન થઈ નિશ્ચલ વૃત્તિને ધારણ કરે છે, કદાચિત્ મંદરાગના ઉદયથી શુભોપયોગ પણ થાય છે, જે વડે તે શુદ્ધોપયોગનાં બાહ્ય સાધનો છે તેમાં અનુરાગ કરે છે, પરંતુ એ રાગભાવને પણ હેય જાણીને દૂર કરવા ઇચ્છે છે, તીવ્ર કષાયના ઉદયના અભાવથી હિંસાદિરૂપ અશુભોપયોગ પરિણતિનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી એવી અંતરંગ અવસ્થા થતાં બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે, શરીર સંસ્કારાદિ વિક્રિયાથી જેઓ રહિત થયા છે, વનખંડાદિ વિષે જેઓ વસે છે, અઠ્ઠાવીસ મૂલગુણોનું જેઓ અખંડિત પાલન કરે છે, બાવીસ પરિષહને જેઓ સહન કરે છે, બાર પ્રકારના તપને જેઓ આદરે છે, કદાચિત્ ધ્યાનમુદ્રાધારી પ્રતિમાવત નિશ્ચલ થાય છે, કદાચિત્ અધ્યયનાદિક બાહ્ય ધર્મક્રિયામાં પ્રવર્તે છે, કોઈ વેળા મુનિધર્મને સહકારી શરીરની સ્થિતિ અર્થે યોગ્ય આહાર–વિહારાદિ ક્રિયામાં સાવધાન થાય છે. એ પ્રમાણે જેઓ જૈન મુનિ છે તે સર્વની એવી જ અવસ્થા હોય છે.[૧]"

એમ તો અધ્યાપક, માતા–પિતા વગેરેને પણ ગુરુ કહેવામાં આવે છે પરંતુ અહીં મોક્ષના માર્ગનું પ્રકરણ છે, તેથી અહીં જે ગુરુઓને લેવામાં આવ્યા છે—તેઓ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પરમેષ્ઠી જ છે. તેઓ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન સહિત સમ્યક્ચારિત્ર

---

૧ મોક્ષમાર્ગપ્રકાશક, પાનું ૩.

ધારણ કરનાર ભાવલિંગી નગ્ન દિગંબર સંત જ હોય છે. તેમની દશા અત્યંત શાંત હોય છે.

એમનો સમતાભાવ અને એનાથી પ્રાપ્ત થતા અતીન્દ્રિય આનંદનું ચિત્રણ પંડિત દોલતરામજીએ આ પ્રમાણે કર્યું છે:-

અરિ મિત્ર મહલ મસાન કંચન, કાંચ નિંદન થુતિ કરન;
અર્ઘાવતારન અસિ-પ્રહારન મેં સદા સમતા ધરન ॥
યોં ચિન્ત્ય નિજમેં થિર ભયે, તિન અકથ જો આનંદ લહ્યો;
સો ઇન્દ્ર નાગ નરેન્દ્ર વા અહમિન્દ્ર કૈં નાહીં કહ્યો[1] ॥

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે દેવ અને શાસ્ત્રની સમાન ગુરુનું સ્વરૂપ સમજવું એ પણ અત્યંત આવશ્યક છે. ગુરુના સ્વરૂપને સમજવામાં અત્યંત સાવધાનીની આવશ્યકતા છે, કેમકે ગુરુ તો મુક્તિના સાક્ષાત્ માર્ગદર્શક હોય છે. જો એમના સ્વરૂપને યથાર્થપણે ન સમજી લીધું તો ખોટા ગુરુના સંયોગથી ભટકવાની સંભાવના અધિક પ્રમાણમાં રહે છે.

કુંદકુંદાચાર્યે અષ્ટપાહુડમાં ગુરુના સ્વરૂપ વિશે વિસ્તારથી પ્રકાશ નાખ્યો છે. જ્યાં એક તરફ એમણે વસ્ત્રાદિ બાહ્ય પરિગ્રહના ધારક તથાકથિત ગુરુઓને મોક્ષમાર્ગથી ભ્રષ્ટ માન્યા છે, ત્યાં જ બાહ્યમાં નગ્ન-દિગંબર હોય તોપણ અંતરમાં મોહ-રાગ-દ્વેષથી સહિત હોય, તો એમનામાં પણ ગુરુપણાનો નિષેધ કરતાં સાવધાન કર્યા છે. તેઓ લખે છે:-

जे पंचचेलसत्ता गंथग्गाहीय जायणासीला ।
आधाकम्मम्मि रया ते चत्ता मोक्खमग्गम्मि ॥[2]

જે પાંચ પ્રકારનાં વસ્ત્રોમાં આસક્ત છે, એમાંથી કોઈ પ્રકારનું

---

1 છહઢાળા, છઠ્ઠી ઢાળ, છન્દ ૬, ૧૧.

2 અષ્ટપાહુડ (મોક્ષપાહુડ), ગાથા ૭૯.

વસ્ત્ર ગ્રહણ કરે છે, યાચના કરે છે, અધઃકર્મ આદિ પાપ કર્મોમાં રત છે, સદોષ આહાર લે છે–તે મોક્ષમાર્ગથી ભ્રષ્ટ છે.

જો કે સાધુ નગ્ન જ હોય છે, તોપણ નગ્ન થઈ જવા માત્રથી કોઈ સાધુ નથી બની જતો. એમના જ શબ્દોમાં :–

दव्वेण सयल णग्गा णारयतिरिया य सयलसंघाया ।
परिणामेण असुद्धा ण भावसवणत्तणं पत्ता ॥
णग्गो पावइ दुक्खं णग्गो संसारसायरे भमई ।
णग्गो न लहइ बोहिं जिणभावणवज्जिओ सुइरं ॥
भावेण होइ णग्गो मिच्छत्ताई य दोस चइऊणं ।
पच्छा दव्वेण मुणी पयडदि लिंगं जिणाणाए[1] ॥

દ્રવ્યથી બાહ્યમાં તો બધાં જ પ્રાણીઓ નગ્ન હોય છે. નારકી જીવ અને તિર્યંચ જીવ તો નિરંતર વસ્ત્રાદિથી રહિત નગ્ન જ રહે છે. મનુષ્યાદિ પણ કારણ મળતાં નગ્ન થતા દેખવામાં આવે છે, તોપણ તે બધા પરિણામોથી અશુદ્ધ છે, તેથી તેમને ભાવશ્રમણપણું પ્રાપ્ત હોતું નથી.

જિન–ભાવનાથી રહિત અર્થાત્ સમ્યગ્દર્શનથી રહિત નગ્ન-શ્રમણ હમેશાં દુઃખ પામે છે, સંસાર-સાગરમાં ભ્રમણ કરે છે, અને તે બોધિ અર્થાત્ રત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ ચિરકાળ સુધી પામતો નથી.

પહેલાં મિથ્યાત્વ આદિ દોષોને છોડીને ભાવથી અંતરંગ નગ્ન થાય અર્થાત્ એકરૂપ શુદ્ધ આત્માનું શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ કરી પછી બાહ્યમાં દ્રવ્યલિંગ પ્રગટ કરે એ માર્ગ છે, અર્થાત્ જિન-આજ્ઞા છે.

જો દેવ સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે તો ગુરુ સાક્ષાત્ મોક્ષમાર્ગ (સંવર, નિર્જરા) છે. તેઓ એક પ્રકારે હાલતા-ચાલતા સદેહ સિદ્ધ

---

1 અષ્ટપાહુડ (ભાવપાહુડ) ગાથા ૬૭, ૬૮, ૭૩.

છે. તેઓ દેવ અને શાસ્ત્રની સમાન જ અષ્ટદ્રવ્ય વડે પૂજનીય છે. તેઓ આપણા પરમ પૂજ્ય પંચપરમેષ્ઠીમાં સમ્મિલિત છે, જેમને આપણે પ્રતિદિન ણમોકાર મંત્રના રૂપે સવાર-સાંજ ૧૦૮ વાર સ્મરીએ છીએ અને નમસ્કાર કરીએ છીએ.

તે રત્નત્રયના સ્વામી પરમ વીતરાગી નગ્ન-દિગંબર ભાવલિંગી સંતોના પ્રતિ જો આપણા હૃદયમાં રંચમાત્ર પણ અવજ્ઞાનો ભાવ રહે તો આપણે મોક્ષમાર્ગથી બહુ દૂર હોઈશું. વળી તે સાથે જ જિનાગમમાં કહેલા ગુરુના સ્વરૂપને અનુરૂપ જે શ્રદ્ધાન, જ્ઞાન અને ચારિત્રના ધારક નથી, તેમને જો આપણે ભય, આશા, સ્નેહ અને લોભાદિકના કારણે ગુરૂ સમાન પૂજીએ, પૂજ્ય માનીએ તોપણ આપણે મોક્ષમાર્ગની નિકટ નહીં આવી શકીએ.[1] તે જ કહ્યું છે :-

जे वि पडंति च तेसिं जाणंता लज्जागारवभयेण ।
तेसिं पि णत्थि बोहि पावं अणुमोयमाणाणं[2] ॥

જે વ્યક્તિ તે સમ્યગ્દર્શન રહિત સાધુઓને જાણવા છતાં પણ લજ્જા, ગૌરવ અને ભયના કારણે નમસ્કારાદિ કરે છે, તેમને પૂજે છે; તે પાપની અનુમોદના કરનારા હોવાથી સમ્યગ્દષ્ટિ નથી.

અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન સ્વરૂપ ક્રોધાદિ કષાયોથી રહિત, સમ્યગ્જ્ઞાની, નિત્ય નિજાત્મામાં વિહાર કરવાવાળા, શત્રુ મિત્રોમાં સમતાભાવ ધારણ કરવાવાળા વીતરાગી મુનિવરોને વારંવાર નમસ્કાર કરતા થકા આપણે પણ મહાકવિ ભૂધરદાસજીના સ્વરમાં સ્વર મિલાવીને ભાવના ભાવીએ છીએ કે :-

---

१ भयाशास्नेहलोभाच्च कुदेवागमलिंगिनाम् ।
प्रणामं विनयं चैव न कुर्युः शुद्धदृष्टयः ॥
—रत्नकरंड श्रावकाचार, श्लोक ३०

२ [illegible], गाथा [illegible]

યે મુનિવર કબ મિલિ હૈં ઉપગારી ॥ ટેક ॥
સાધુ દિગંબર નગ્ન નિરંબર, સંવર ભૂષણધારી ॥ યે૦ ॥ ૧ ॥
કંચન કાંચ બરાબર જિનકૈં, જ્યૌં રિપુ ત્યૌં હિતકારી ।
મહલ મસાન મરણ અરુ જીવન, સમ ગરિમા અરુ ગારી ॥ યે૦ ॥ ૨ ॥
સમ્યગ્જ્ઞાન પ્રધાન પવન બલ, તપ પાવક પરજારી ।
શોધત જીવ સુવર્ણ સદા જે, કાય-કારિમા ટારી ॥ યે૦ ॥ ૩ ॥
જોરિ જુગલ કર 'ભૂધર' વિનવૈ, તિન પદ ઢોક હમારી ।
ભાગ ઉદય દરસન જબ પાઊં, તા દિનકી બલિહારી[1] ॥ યે૦ ॥ ૪ ॥

ભેદ-વિજ્ઞાન

સમ્યગ્દર્શનની પ્રાપ્તિમાં સાત તત્ત્વાર્થ અને દેવ-શાસ્ત્ર-ગુરુના શ્રદ્ધાન પછી ત્રીજું મુખ્ય સ્થાન છે ભેદ-વિજ્ઞાન. જિનાગમમાં ભેદ-વિજ્ઞાનના મહિમાને અચિન્ત્ય માનવામાં આવ્યો છે. એમ કહેવામાં આવ્યું છે કે જેટલા પણ જીવ આજ સુધી સિદ્ધ (મુક્ત) થયા છે, તે બધા ભેદ-વિજ્ઞાન વડે જ થયા છે અને જેટલા પણ જીવ સંસારમાં કર્મોથી બંધાઈ રહ્યા છે તે બધા ભેદ-વિજ્ઞાન નહીં થવાથી જ બંધાઈ રહ્યા છે.[2] શુદ્ધાત્મતત્ત્વની પ્રાપ્તિ વડે સાક્ષાત્ સંવર થાય છે અને શુદ્ધાત્મતત્ત્વની પ્રાપ્તિ ભેદ-વિજ્ઞાનથી થાય છે, તેથી ભેદ-વિજ્ઞાન જ અત્યંત ભાવવા યોગ્ય છે.[3] આ ભેદ-વિજ્ઞાન નિરંતર ત્યાં સુધી ભાવવું જોઈએ કે જ્યાંસુધી પરભાવોથી છૂટીને જ્ઞાન, જ્ઞાન (આત્મા)માં પ્રતિષ્ઠિત ન થઈ જાય.[4]

---

૧ ભક્તિ-પાઠ-સંગ્રહ, પાનું ૩૫.

૨ भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन ।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन ॥
—સમયસાર, કલશ ૧૩૧.

૩ સમયસાર, કલશ ૧૨૯.

૪ સમયસાર, કલશ ૧૩૦.

મહાકવિ બનારસીદાસે નિજગુણરૂપી વસ્ત્રોને ધોવા માટે ભેદ-વિજ્ઞાનને સાબુ સમાન બતાવ્યું છે. તેઓશ્રી લખે છે :–

ભેદગ્યાન સાબૂ ભયૌ, સમરસ નિરમળ નીર ।
ધોબી અન્તર આતમા, ધોવૈ નિજગુન ચીર[1] ॥

ચેતન અને જડ તથા સ્વભાવ અને વિભાવની ભિન્નતા દર્શાવ માટે ભેદ-વિજ્ઞાન અત્યંત તીક્ષ્ણ ધારવાળી કરવત છે. જેના હૃદયા ભેદ-વિજ્ઞાનની ઉત્પત્તિ થઈ જાય છે એને પરસંગ ભલો લાગતો નથ તે આત્માનો અનુભવ કરીને હુમેશાં પ્રસન્ન રહે છે અને પરમાત્મા સ્વરૂપને સારી પેઠે ઓળખે છે.[2]

પરથી ભિન્ન નિજ આત્માને જાણવો એ જ ભેદ-વિજ્ઞાન છે ભેદ-વિજ્ઞાન 'સ્વ' અને 'પર'ની વચ્ચે કરવામાં આવે છે, તે એને સ્વપર–ભેદ-વિજ્ઞાન પણ કહેવામાં આવે છે. પરમાર્થે એ આત્મ વિજ્ઞાન જ છે, કેમકે એમાં પરથી ભિન્ન નિજ આત્માને જાણવ એ જ મૂળ પ્રયોજન છે.

ભેદ-વિજ્ઞાનમાં મૂળ વાત બેઉને માત્ર જાણવું અથવા એક સરખા જાણવું એ નથી, ભિન્ન–ભિન્ન જાણવું એ છે. ભિન્ન–ભિન્ન જાણવું એ પણ નહીં, પરથી ભિન્ન પોતાને જાણવું એ છે. પર છોડવા માટે જાણવું છે અને સ્વને ગ્રહણ કરવા માટે. પરને મા જાણવું છે અને સ્વને જાણીને એમાં જામી જવું છે, રમવું છે

1 નાટક સમયસાર, સંવર દ્વાર છન્દ ૯.

2 [illegible] અભેદ [illegible], ભેદ-વિજ્ઞાન સુતીક્ષ્ણ આરા ।
[illegible] સુભાવ વિભાઉ, કરૈ જડ-ચેતનરૂપ દુફારા ॥
[illegible] કૈ ઉપજી, ન રુચૈ તિન્હકૌ પરસંગ-સહારા ।
[illegible] કૈ, [illegible] પરમાતમ [illegible] ॥

—નાટક સમયસાર, સંવર દ્વાર [illegible]

સ્વ અને પરને જાણવાનો આશય એમના ભેદ-પ્રભેદોની વિકલ્પ-જાળમાં, ફસાઈ રહેવું એ નથી, પરંતુ સઘળા ભેદો જેમાં સમાઈ ગયા છે-એવા અભેદ, અખંડ આત્માને અખંડપણે અનુભવવો એ છે.

દૃષ્ટિની અપેક્ષાએ ત્રિકાળી જ્ઞાનાનંદ-સ્વભાવી ધ્રુવ ચૈતન્ય નિજ-તત્ત્વ જ સ્વ છે. બધા પુદ્‌ગલાદિ અચેતન પદાર્થ, એમના ગુણ, એમની પર્યાયો તો 'પર' છે જ, સાથે સાથે આત્મામાં ઉત્પન્ન થવાવાળા મોહ-રાગ-દ્વેષ આદિ વિકારી ભાવરૂપ આસ્રવ, બંધ, પુણ્ય-પાપ તત્ત્વ પણ 'પર' છે. ત્યાંસુધી કે સંવર, નિર્જરા અને મોક્ષ-રૂપ અવિકારી પર્યાયો પણ 'પર'ની જ કોટિમાં આવે છે, કેમકે એમને જીવ તત્ત્વમાં સામેલ માની લેતાં સંવરાદિ તત્ત્વ જુદાં બને નહીં.

સઘળા પર-જીવદ્રવ્ય, અજીવદ્રવ્ય, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, અને મોક્ષ પર્યાય તત્ત્વોથી દૃષ્ટિ હઠાવીને એમનાથી ભિન્ન નિજાત્મ ધ્રુવ તત્ત્વમાં દૃષ્ટિ અને જ્ઞાનને કેન્દ્રિત કરવું એ જ સ્વપર-ભેદ-વિજ્ઞાન છે.

આત્માર્થી પરને પણ જાણે છે, પરંતુ એમાંથી કાંઈ મેળવવા માટે નહીં, અપનાવવા માટે પણ નહીં; 'પર'થી ભિન્ન 'સ્વ'ની ઓળખાણ માટે જ તે પરને જાણે છે.

એમનું પરને જાણવું એ પણ સ્વની ઓળખ છે, કેમકે એમને પરથી ભિન્ન આત્માને અનુભવવો છે; પરને ન જાણે તો તેમાં આત્મ-બુદ્ધિ થઈ જવાનો સંભવ છે. જેનાથી ભિન્ન અનુભવવો છે તેને પણ જાણવું જોઈએ, પણ એને જાણવા માટે નહીં; આત્માને જાણવામાં ભૂલ ન થઈ જાય, માત્ર એટલા માટે જ એને જાણવાનું છે.

'પર'ને જાણવું છે, પણ હેય-બુદ્ધિએ જાણવું છે. જેમ જેની માતા ખોવાઈ ગઈ હોય એવું બાળક પોતાની માતાને ખોળવાના પ્રયત્નમાં અનેક મહિલાઓને દેખે છે, પરંતુ તેમના પર એની દૃષ્ટિ જામતી નથી. આ મારી માતા નથી એમ જાણતાંની સાથે જ તરત એની દૃષ્ટિ એમના પરથી ખસી જાય છે; પરંતુ જ્યારે એની માતા

પ્રકારની હોય છે; એણે તો આ સાંભળ્યું જ આજે છે, એ શું બતાવે કે એની બા કેવી છે? ઘણાએ એની બાને આ રૂપે જોઈ હોય, ભાળી હોય, ઓળખી હોય એમ બની શકે, પરંતુ એણે તો આવી આવશ્યકતા જ કદી જોઈ નથી.

પોલીસવાળા કહી શકે કે આ તો પોતાની બાને ઓળખતો જ નથી. એ પણ જાણતો નથી કે તે કેવી છે, નામ પણ જાણતો નથી. અમે શું કરીએ, એની બાને કેવી રીતે શોધી કાઢીએ? પરંતુ શું એ સત્ય છે કે તે પોતાની બાને નથી જાણતો, નથી ઓળખતો?

શું બાને ઓળખવા માટે એનું નામ જાણવું જરૂરી છે; એનાં રંગ-રૂપ જાણવા જરૂરી છે? શું બાને 'બા'ના રૂપે ન જાણી શકાય? શું તેને કાળી-ગોરીના રૂપે જાણવી આવશ્યક છે? શું બાનું નામ 'મમ્મી' એ પૂરતું નથી? જે નામથી એ રોજ બોલાવે છે અને બા મળી જાય છે, શું તે બાને જાણવા માટે કમલા–વિમલા આદિ નામોને જાણવાં આવશ્યક છે? પોલીસવાળા કહી રહ્યા છે તેમ ખરેખર શું તે બાને નથી ઓળખતો? જો એની બા સામે મળી જાય તો શું તે એને નહીં ઓળખી કાઢે? જરૂર જ તે ઓળખી કાઢશે.

ભલે તે બાની ઓળખ ભાષામાં ન આપી શકતો હોય, પરંતુ તે બાને ઓળખતો જ નથી એમ કહેવું તે ભૂલ છે, તદ્દન ભૂલ છે. ઓળખવું એ જુદી વાત છે અને ઓળખને ભાષા આપવી એ જુદી વાત છે. સંભવ છે કે એની બાનાં ગામ, યોગ્યતા, રૂપ-રંગ, કદ વગેરેને જાણવાવાળો એની બાને યથાર્થ રૂપે ઓળખતો જ ન હોય. ઓછામાં ઓછું એની બાના માતૃત્વને જેટલું સારી પેઠે એ જાણે છે, એટલું સારી પેઠે અન્ય કોઈ જાણી શકતું નથી.

એના માટે એની બા 'બા' છે, બીજું કાંઈ નહીં. તે બાના માતૃત્વને ઓળખે છે, બીજું કાંઈ નહીં, અને બીજું કાંઈ ઓળખવાની

એને જરૂર જ નથી. એના માટે તેનું માતૃત્વ જ પૂરતું છે. જો કે તે એના પિતાની પત્ની પણ છે, પરંતુ તેમાં એને શું? એને તેના પત્નીત્વથી કાંઈ પ્રયોજન જ નથી, એને તો તેનું માતૃત્વ પૂરતું છે.

એ જ પ્રમાણે આત્માનુભવી પુરુષને કોઈ પૂછે કે આત્મા કેવો હોય છે? તો તે આ જ ઉત્તર આપે કે 'આત્મા આત્મા જેવો છે' અને બીજું કહે પણ શું? તે રાગી દ્વેષી-મોહી, ક્રોધી, સમ્યગ્દષ્ટિ, મિથ્યાદૃષ્ટિ વગેરે કેવો છે? સંભવ છે કે આનો તે કાંઈ પણ ઉત્તર ન આપી શકે, કેમકે તેણે અનુભવમાં આત્માને આ રૂપે જોયો જ નથી; તેણે તો શુદ્ધ-બુદ્ધ જ જોયો છે, જાણ્યો છે, અનુભવ કર્યો છે, રાગ-દ્વેષ-મોહાદિથી ભિન્ન જ અનુભવ્યો છે.

સંભવ છે કે અજ્ઞાનીએ તેને આ રૂપે દેખ્યો-જાણ્યો હોય, તે એની દૃષ્ટિના વિકારનું પરિણામ છે, એના જેવી વિકારી દૃષ્ટિ જ્ઞાનીની પાસે છે જ નહીં, તેણે આત્માને આ રૂપે દેખ્યો-જાણ્યો જ નથી. રાગ-દ્વેષની ભાષામાં તે આત્માને કેવી રીતે કહે, કેવી રીતે સમજાવે?

પર્યાય-દૃષ્ટિથી જોતાં આત્મામાં રાગ-દ્વેષ જણાય છે, પરંતુ દ્રવ્યદૃષ્ટિવંતને પર્યાય-દૃષ્ટિ, ખાસ કરીને અનુભૂતિના કાળમાં, એટલી ગૌણ થઈ ગઈ છે કે તેમાં વિકાર દૃષ્ટિગોચર થતો જ નથી. તેને વિકારથી શું પ્રયોજન? હોય તો હોય.

લોકો કહી શકે કે જ્યારે આ આત્મામાં રાગ-દ્વેષનો જ સ્વીકાર નથી કરતો તો એ આત્માને જાણતો જ નથી. પરંતુ શું આત્માને જાણવા માટે આત્મામાં રાગ-દ્વેષની અનુભૂતિ આવશ્યક છે? જો કે તે સાચું છે કે પર્યાયમાં એમનું પણ અસ્તિત્વ છે. છે તો રહ્યા કરે, એને શું? જ્ઞાનીએ તો રાગ-દ્વેષના માધ્યમથી આત્માને જાણ્યો જ નથી. તે હોય તો હોય. એમનાથી એને શું પ્રયોજન છે? તે વિચારે છે કે 'હું તો જ્ઞાનદર્શનસ્વભાવી ધ્રુવ તત્ત્વ છું, મારામાં તો એમનો પ્રવેશ જ નથી.'

જાનવા જોગ છે કે આત્માનુભાવી જીવ 'આત્મા શું છે?' એ ભાષામાં વ્યક્ત ન કરી શકે, પરંતુ આત્માનુભવ માટે શું ભાષાની જરૂરિયાત છે? આત્માનુભવ જુદી વસ્તુ છે અને તેને ભાષામાં વ્યક્ત કરવું એ બિલકુલ જુદી વસ્તુ છે.

જો બાળકને પોલીસની સહાયથી બા મળી જાય તો તે બાને દેખીને બીજી મહિલાઓની સમાન એના તરફથી દૃષ્ટિ નહિ ફેરવી લે, જમાયેલી જ રાખે, એના ગળે બાઝી પડે, એની સાથે એકમેક થઈ જાય. બા બેટા-મય અને બેટા બા-મય બની જાય. તેઓ બધું જ ભૂલી જશે. પોલીસવાળાઓને પણ તેઓ ધન્યવાદ ત્યારે આપશે કે જ્યારે થોડા વખત પછી તેઓ સહજ બની જશે. તે સમયે તો તેમને કોઈ 'પર'ની કાંઈ સુધ-બુધ જ ન રહે.

તે જ પ્રમાણે કોઈ આત્મ-ઇચ્છુકને જ્યારે આત્મોપલબ્ધિ થાય છે, તે સમયે તે એનાં નિમિત્ત દેવ-શાસ્ત્ર-ગુરુને પણ ભૂલી જાય છે. તે તો આત્મામાં તન્મય બની જાય છે. પર્યાય દ્રવ્યમાં અભેદ થઈ જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ સુદ્ધાંનો વિકલ્પ તૂટી જાય છે. જ્યારે થોડા સમય પછી તે શુભોપયોગમાં આવે ત્યારે વ્યવહારમાં જાગૃત થાય.

ભેદ-વિજ્ઞાનીનો માર્ગ સ્વ અને પરને જાણવું માત્ર નથી, સ્વથી ભિન્ન પરને જાણવું માત્ર પણ નથી; બલ્કે પરથી ભિન્ન સ્વને જાણવો, શ્રદ્ધવો અને અનુભવવો એ છે. અહીં 'સ્વ' મુખ્ય છે, 'પર' ગૌણ. 'પર' ગૌણ છે, સંપૂર્ણપણે ગૌણ છે, કેમકે એની મુખ્યતા કરતાં 'સ્વ' ગૌણ થઈ જાય છે; કે જે જ્ઞાનીને કદી પણ ઇષ્ટ નથી.

આવા ભેદ-વિજ્ઞાની આત્માર્થી જીવ મુક્તિ-માર્ગના પથિક જિનેશ્વરના લઘુનંદન છે. મહાકવિ પંડિત બનારસીદાસજીએ એમની વંદના આ પ્રમાણે કરી છે:—

ભેદવિજ્ઞાન જગ્યૌ જિન્હકે ઘટ,
શીતળ ચિત્ત ભયૌ જિમ ચંદન ।

કેલિ કરૈં શિવમારગ મૈં,
જગમાહિં જિનેશ્વર કે લઘુનંદન ॥
સત્ય સરૂપ સદા જિન્હકૈ,
પ્રગટ્યૌ અવદાત મિથ્યાત-નિકંદન ।
શાન્ત દશા તિન્હકી પહિચાની,
કરૈ કર જોરિ બનારસિ વંદન.[1] ॥

આત્માનુભૂતિ

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે આત્માનુભૂતિ એ અનિવાર્ય શરત છે. આત્માનુભૂતિ વિના સઘળા પ્રયત્નો વૃથા છે. સ્વાનુભૂતિથી જ બીજું બધું સનાથ છે.[2] આત્માનુભૂતિને સ્વાનુભૂતિ પણ કહે છે, કેમકે અનુભૂતિ પોતાના આત્માની જ હોય છે, બીજા આત્માની નહીં. સ્વાનુભવ, અનુભવ આદિ નામોથી એને અભિહિત કરવામાં આવે છે. જ્ઞાની જીવોએ એનાં ગીત મુક્ત કંઠે ગાયાં છે:-

અનુભવ ચિન્તામનિ રતન, અનુભવ હૈ રસકૂપ ।
અનુભવ મારગ મોખ કૌ, અનુભવ મોખ સરૂપ[3] ॥

અનુભૌ કે રસ કૌં રસાયન કહત જગ,
અનુભૌ અભ્યાસ યહુ તીરથ કી ઠૌર હૈ ।
અનુભૌ કી જો રસા કહાવૈ સોઈ પોરસા સુ,
અનુભૌ અધોદસા સૌં ઊરધ કી દૌર હૈ ॥
અનુભૌ કી કેલિ યહૈ કામધેનુ ચિત્રાવેલિ,
અનુભૌ કૌ સ્વાદ પંચ અમૃત કૌ કૌર હૈ ।
અનુભૌ કરમ તોરૈ પરમ સૌં પ્રીતિ જોરૈ,
અનુભૌ સમાન ન ધરમ કોઊ ઔર હૈ[4] ॥ ૧૯ ॥

---

1 નાટક સમયસાર, ઉત્થાનિકા, છન્દ ૬.
2 પંચાધ્યાયી અ. ૨, શ્લોક ૪૧૫
3 નાટક સમયસાર, ઉત્થાનિકા, છન્દ ૧૮.
4 નાટક સમયસાર, ઉત્થાનિકા, છન્દ ૧૯.

णियतच्चुवलद्धि विणा सम्मत्तुवलद्धि णत्थि णियमेण ।
सम्मत्तुवलद्धि विणा णिव्वाणं णत्थि जिणुद्दिट्ठं[1] ॥

નિજતત્ત્વોપલબ્ધિ (આત્માનુભૂતિ) વિના સમ્યગ્દર્શનની ઉપલબ્ધિ થતી નથી અને સમ્યક્ત્વની ઉપલબ્ધિ વિના નિર્વાણ (મોક્ષ) થતો નથી.

अलमलमतिजल्पैर्दुर्विकल्पैरनल्पै-
रयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः ।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा-
न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति[2] ॥

બહુ કહેવાથી અને ઘણા દુર્વિકલ્પોથી શો લાભ? છેવટે અહીં એટલું જ કહેવાનું છે કે એકમાત્ર પરમાર્થસ્વરૂપ આ આત્માનો જ અનુભવ કરો. કારણ કે નિજરસના ફેલાવથી પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપી શુદ્ધાત્માથી ઊંચું વિશ્વમાં બીજું કાંઈ નથી. એકમાત્ર નિજ શુદ્ધાત્માનો જ અનુભવ કરવો એ જ સાર છે. તેથી—

એક દેખિયે જાનિયે, રમિ રહિયે ઇક ઠૌર ।
સમલ વિમલ ન વિચારિયે, યહૈ સિદ્ધિ નહિં ઔર[3] ॥

અધિક શું—

एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि ।
एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं[4] ॥

હે ભવ્ય જીવો! એકમાત્ર નિજ આત્મામાં જ લીન થાઓ, હંમેશાં એમાં જ સંતુષ્ટ રહો, એનાથી જ તૃપ્ત થઈ જાઓ. તમોને

1 રયણસાર, ગાથા ૯૦.
2 સમયસાર, કલશ ૨૪૪.
3 નાટક સમયસાર, જીવ દ્વાર, છન્દ ૨૦.
4 સમયસાર, ગાથા ૨૦૬.

ઉત્તમ સુખની પ્રાપ્તિ અવશ્ય થશે. કારણ કે—

> अचिन्त्यशक्तिः स्वयमेव देवश्चिन्मात्रचिन्तामणिरेष यस्मात् ।
> सर्वार्थसिद्धात्मतया विधत्ते ज्ञानी किमन्यस्य परिग्रहेण[1] ॥

આ આત્મા પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે, ચૈતન્યરૂપ ચિંતામણિરત્ન છે. તેથી જેના સર્વ અર્થ સિદ્ધ છે એવા જ્ઞાની જીવોને અન્યના પરિગ્રહથી શું પ્રયોજન છે? જ્ઞાની કોઈ પરની ચિંતા કેમ કરે?

આત્માનુભૂતિ સર્વ ધર્મોનો સાર છે. એનાથી ધર્મનો આરંભ થાય છે અને ધર્મની પૂર્ણતા પણ એની પૂર્ણતામાં રહેલી છે અર્થાત અનંત આત્મ-લીનતાની દશા જ ધર્મની પૂર્ણતા છે. એનાથી ભિન્ન ધર્મની કલ્પના પણ કરી શકાય નહીં. આત્માનુભૂતિ જ આત્મધર્મ છે.

અન્તરોન્મુખવૃત્તિ વડે આત્મ-સાક્ષાત્કારની અવસ્થાનું નામ જ આત્માનુભૂતિ છે. વર્તમાન પ્રગટ જ્ઞાનને પર-લક્ષ્યથી હઠાવી સ્વ-તત્ત્વમાં લગાવી દેવું એ જ આત્મ-સાક્ષાત્કારની અવસ્થા છે. સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવાની પ્રક્રિયા નિરંતર તત્ત્વ-મંથનની પ્રક્રિયા છે, પરંતુ તત્ત્વ-મંથન-રૂપ વિકલ્પોથી પણ આત્માનુભૂતિ પ્રાપ્ત ન થાય, કારણ કે કોઈપણ વિકલ્પ એવો નથી જે આત્માનુભૂતિ પ્રાપ્ત કરાવી દે.

આત્માનુભૂતિ પ્રાપ્ત કરવા માટે સમસ્ત વિશ્વ પરથી દૃષ્ટિ હઠાવવી પડશે. સમસ્ત વિશ્વથી એટલે કે આત્માથી ભિન્ન શરીર, કર્મ આદિ જડ (અચેતન) દ્રવ્ય તો 'પર' છે જ, પોતાના આત્મા સિવાય અન્ય ચેતન પદાર્થ પણ 'પર' છે તથા આત્મામાં પ્રતિ સમય ઉત્પન્ન થતી વિકારી-અવિકારી પર્યાયો (દશા) પણ દૃષ્ટિનો વિષય થઈ શકતી નથી. એનાથી પણ ભિન્ન અખંડ ત્રિકાળી ચૈતન્ય ધ્રુવ આત્મતત્ત્વ છે, તે એક જ દૃષ્ટિનો વિષય છે, તેનો આશ્રય કરતાં આત્માનુભૂતિ પ્રગટ થાય છે કે જેને ધર્મ કહેવામાં આવે છે.

---

૧ સમયસાર, કલશ ૧૪૪.

આત્માનુભૂતિના સંબંધમાં વિસ્તારપૂર્વક જાણકારી માટે લેખકની અન્ય કૃતિ "અપનેકો પહ્ચાનિએ" (-પોતાને ઓળખો) નું અધ્યયન કરવું જોઈએ.

જે સમ્યગ્દર્શનના સ્વરૂપનો નિર્ણય કરવા માટે સાત તત્ત્વ, દેવ-શાસ્ત્ર-ગુરુ, ભેદ-વિજ્ઞાન તથા આત્માનુભૂતિની ચર્ચા અહીં વિસ્તારથી કરી છે, તે સમ્યગ્દર્શનનાં આઠ અંગ કહ્યાં છે:—

૧. નિઃશંકિત, ૨. નિઃકાંક્ષિત, ૩. નિર્વિચિકિત્સા, ૪. અમૂઢ-દૃષ્ટિ, ૫. ઉપગૂહન, ૬. સ્થિતિકરણ, ૭. વાત્સલ્ય અને ૮. પ્રભાવના.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાંની સાથે જ જ્ઞાની આત્માને આ સહજ જ પ્રગટ થઈ જાય છે. પરિણામસ્વરૂપ એના જીવનમાં સામાન્ય માનવીની અપેક્ષાએ અનેક વિશેષતાઓ પ્રગટ થઈ જાય છે.

અસીમ નિઃશંકતા, ભોગો પ્રતિ અનાસક્તિ, સર્વ પદાર્થોની વિકારી-અવિકારી દશાઓમાં સમતાભાવ, વસ્તુસ્વરૂપની સૂક્ષ્મ પકડ, બીજાના દોષો પ્રતિ ઉપેક્ષાભાવ, આત્મશુદ્ધિની વધતી જતી દશા, શ્રદ્ધાનમાં દૃઢતા, પરિણામોમાં સ્થિરતા, ગુણ અને ગુણવાનો પ્રત્યે પ્રેમ, આત્મલીનતા વડે પોતાની અને ઉપદેશાદિ વડે વસ્તુતત્ત્વની પ્રભાવના—એ એની પોતાની વિશેષતાઓ છે.

મોક્ષાભિલાષીએ જે રીતે બને તે રીતે મરીને પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. સમ્યગ્દર્શનની પ્રતિજ્ઞા છે કે:—

"મને ગ્રહણ કરવાથી, ગ્રહણ કરવાવાળાની ઇચ્છા ન હોય તોપણ, મારે એને ફરજિયાત મોક્ષ લઈ જવો પડે છે. તેથી મને ગ્રહણ કરતાં જો એ વિચાર કરે કે મોક્ષ જવાની ઇચ્છા બદલી દઈશું તોપણ એનું કાંઈ ચાલશે નહીં. મને ગ્રહણ કર્યા પછી મારે એને મોક્ષ પહોંચાડવો જ પડે.

કદાચિત મને ગ્રહણ કરનાર શિથિલ થઈ જાય તોપણ બની શકે તો એ જ ભવમાં, નહીં તો વધારેમાં વધારે પંદર ભવમાં મારે એને મોક્ષ પહોંચાડી દેવો જોઈએ.

કદાચિત્ તે મને છોડી દઈને મારાથી વિરુદ્ધ આચરણ કરે અથવા પ્રબળથી પ્રબળ મોહને ધારણ કરે તોપણ અર્દ્ધ-પુદ્ગલ-પરાવર્તનની અંદર મારે એને મોક્ષ પહોંચાડી દેવો જોઈએ, એવી મારી પ્રતિજ્ઞા છે.[૧]"

સમ્યગ્જ્ઞાન

જ્ઞાન આત્માનો ગુણ છે. જાણવું એ એની પર્યાય અર્થાત કાર્ય છે. સમ્યગ્દર્શન સહિત જ્ઞાનને સમ્યગ્જ્ઞાન અને મિથ્યાદર્શન સહિત જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહે છે. જ્ઞાનના સમ્યક્પણા અને મિથ્યાપણાનો નિર્ણય લૌકિક વિષયોની સામાન્ય જાણકારીની સચ્ચાઈ પર આધારિત ન હોતાં સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનની ઉપસ્થિતિના આધાર પર થાય છે.

મોક્ષના માર્ગમાં—અપ્રયોજનભૂત લૌકિક જાણકારી સત્ય વા અસત્ય ગમે તેવી કેમ ન હોય–આત્માનુભૂતિથી સહિત વ્યક્તિનું સઘળું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. અને અપ્રયોજનભૂત લૌકિક જાણકારી ભલે સત્ય જ હોય, પણ જો એને આત્માનુભૂતિ પ્રગટ ન થઈ હોય તો એનું સઘળું જ્ઞાન મિથ્યાજ્ઞાન જ કહેવાય. સમ્યગ્જ્ઞાનમાં રહેલું 'સમ્યક્' પદ સમ્યગ્દર્શનની ઉપસ્થિતિનું સૂચક છે અને 'મિથ્યા' પદ મિથ્યાદર્શનની ઉપસ્થિતિનું સૂચક છે.[૨]

જ્ઞાન પાંચ પ્રકારનું છે–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન. સમ્યગ્દૃષ્ટિનાં મતિ, શ્રુત અને અવધિજ્ઞાન ક્રમશઃ સુમતિ, સુશ્રુત અને સુઅવધિ કહેવાય છે તથા મિથ્યાદૃષ્ટિનાં કુમતિ, કુશ્રુત અને કુઅવધિ. મનઃપર્યય અને કેવળજ્ઞાન સમ્યગ્દૃષ્ટિને જ હોય છે, તેથી તેમનાં આ પ્રકારના ભેદ હોતા નથી. આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિને પાંચ અને મિથ્યાદૃષ્ટિને ત્રણ–એમ કુલ જ્ઞાન આઠ પ્રકારનાં હોય

૧ [illegible], ગાથા ૯–૧૦)
૨ [illegible]

છે.[1] એમાંથી સમ્યગ્દૃષ્ટિને ઊપજતું પાંચ પ્રકારનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે અને મિથ્યાદૃષ્ટિને થતું ત્રણ પ્રકારનું જ્ઞાન મિથ્યાજ્ઞાન કહેવાય છે. આ બાબતનું વિસ્તૃત વિવેચન જિનશાસ્ત્રોમાં ઉપલબ્ધ છે.

સમ્યગ્જ્ઞાનની પરિભાષાઓ આગમમાં અનેક પ્રકારે ઉપલબ્ધ છે :—

(૧) જે જે પ્રકારે જીવાદિ પદાર્થ અવસ્થિત છે, તે તે પ્રકારે તેમને જાણવા તે સમ્યગ્જ્ઞાન છે.[2]

(૨) જે જ્ઞાન વસ્તુના સ્વરૂપને ન્યૂનતા રહિત, અધિકતારહિત, વિપરીતતારહિત, જેવું છે તેવું સંદેહ રહિત જાણે છે તેને સમ્યગ્જ્ઞાન કહે છે.[3]

(૩) આત્મા અને અનાત્માનું સંશય, વિપર્યય અને અનધ્યવસાયથી રહિત જે જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન છે.[4]

(૪) આત્મસ્વરૂપનું જાણવું એ જ સમ્યગ્જ્ઞાન છે.[5]

સમ્યગ્જ્ઞાનની જેટલી પરિભાષાઓ આપી છે તે બધીમાં કોઈ ફરક નથી. તે માત્ર જુદા-જુદા પ્રકરણોમાં જુદા-જુદા દૃષ્ટિકોણથી આપવામાં આવી છે. બધીમાંથી એક જ વાત ફલિત થાય છે કે

---

૧ (ક) णाणं अट्ठवियप्पं मदिसुदओही अणाणणाणाणि ।
मणपज्जय केवलमवि पच्चक्खपरोक्खभेयं च ॥
—દ્રવ્યસંગ્રહ, ગાથા ૫.

(ખ) ગોમ્મટસાર જીવકાંડ, ગાથા ૩૦૦–૩૦૧.

૨ સર્વાર્થસિદ્ધિ, અ ૧, સૂત્ર ૧.

૩ अन्यूनमनतिरिक्तं याथातथ्यं विना च विपरीतात् ।
निःसन्देहं वेद यदाहुस्तज्ज्ञानमागमिनः ॥
—રત્નકરંડશ્રાવકાચાર, શ્લોક ૪૨.

૪ संसयविमोहविब्भमविवज्जियं अप्पपरसरूवस्स ।
गहणं सम्मं णाणं सायारमणेयभेयं तु ॥ —દ્રવ્યસંગ્રહ, ગાથા ૪૨.

૫ આપરૂપ કો જાનપનો, સો સમ્યગ્જ્ઞાન કલા હૈ ।
—છહઢાલા, ચોથીઢાલ, છંદ ૨.

મોક્ષમાર્ગમાં પ્રયોજનભૂત જીવાદિ પદાર્થોનું અને વિશેષ કરીને આત્મતત્ત્વનું સંશય, વિપર્યય અને અનધ્યવસાય-રહિત જ્ઞાન જ સમ્યગ્જ્ઞાન છે. લૌકિક પદાર્થોના જ્ઞાનથી એને કાંઈ પ્રયોજન નથી.

સમ્યગ્જ્ઞાન એક પ્રકારનું સાચું તત્ત્વજ્ઞાન વા આત્મજ્ઞાન જ છે. સમ્યગ્જ્ઞાનમાં પરદ્રવ્યોનું જાણવું એટલું મહત્ત્વપૂર્ણ નથી, જેટલું કે નિજ આત્મતત્ત્વનું.

બૃહદ્ નયચક્રમાં કહ્યું છે—"જિનેન્દ્ર ભગવાને નિજદ્રવ્યને જાણવા માટે જ અન્ય છ દ્રવ્યોનું કથન કર્યું છે, તેથી માત્ર એ પર-રૂપ એવાં છ દ્રવ્યોનું જાણવું સમ્યગ્જ્ઞાન નથી.[1]

જિનાગમમાં સમ્યગ્જ્ઞાનના મહિમાનું કથન ઘણું ઉપલબ્ધ છે. જેમકે :-

જ્ઞાન સમાન ન આન જગત મેં સુખ કૌ કારન,
ઇહિ પરમામૃત જન્મજરામૃતુ-રોગ-નિવારન ॥ ૪ ॥
કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન બિન કર્મ ઝરૈં જે;
જ્ઞાની કે છિન મેં ત્રિગુપ્તિ તૈં સહજ ટરૈં તે ॥ ૫ ॥
ધન સમાજ ગજ બાજ, રાજ તૌ કાજ ન આવૈ;
જ્ઞાન આપકો રૂપ ભયે, ફિર અચલ રહાવૈ ।
તાસ જ્ઞાનકો કારન, સ્વ-પર વિવેક બખાનૌ;
કોટિ ઉપાય બનાય ભવ્ય, તાકો ઉર આનૌ ॥ ૭ ॥
જે પૂરબ શિવ ગયે, જાહિં, અરુ આગે જૈહૈં;
સો સબ મહિમા જ્ઞાન-તની, મુનિનાથ કહૈં હૈં ।
વિષય-ચાહ દવ-દાહ, જગત-જન અરનિ દઝાવૈ;
તાસ ઉપાય ન આન, જ્ઞાન ઘનઘાન બુઝાવૈ[2] ॥ ૮ ॥

[1] [illegible] तिर्गादि दव्वाणं ।
[illegible] मणणाणं ॥
[2] [illegible]

મહિમા સમ્યગ્જ્ઞાન કી, અરુ વિરાગબલ જોય ।
ક્રિયા કરત ફલ ભુંજતૈં, કરમબંધ નહિં હોય[1] ॥

બહુવિધિ ક્રિયા કલેશ સૌં, શિવપદ લહૈ ન કોય ।
જ્ઞાનકલા પરકાશ સૌં, સહજ મોખ પદ હોય[2] ॥

જ્યાં એક બાજુ સમ્યગ્જ્ઞાનનાં ભરપૂર ગીત ગાયાં છે; ત્યાં જ બીજી બાજુ આત્મજ્ઞાન રહિત આગમજ્ઞાન, લૌકિકજ્ઞાન અને સંયમની નિરર્થકતા પણ દિલ ખોલીને સ્પષ્ટ કરી છે. જેમકે :—

जो णवि जाणदि अप्पं, णाणसरूवं सरीरदो भिण्णं ।
सो णवि जाणदि सत्थं, आगमपाढं कुणंतो वि[3] ॥

જે જ્ઞાનસ્વભાવી આત્માને શરીરથી ભિન્ન જાણતો નથી તે બહુ આગમ-પાઠ કરવા છતાં પણ શાસ્ત્રને જાણતો નથી.

जदि पढदि बहुसुदाणि य जदि काहिदि बहुविहं य चारित्तं ।
तं बालसुदं चरणं हवेइ अप्पस्स विवरीदं[4] ॥ १०० ॥

આત્મસ્વભાવથી વિપરીત બહુ પ્રકારનાં શાસ્ત્રોનું પઠન અને બહુ પ્રકારનાં ચારિત્રનું પાલન પણ બાળશ્રુત અને બાળચારિત્ર છે.

आत्मध्यान रतिर्ज्ञेयं विद्वत्तायाः परं फलम् ।
अशेषशास्त्रशास्तृत्वं संसारोऽभापि धीधनैः[5] ॥

આત્મધ્યાનમાં રતિ થવી એ વિદ્વતાનું ઉત્કૃષ્ટ ફળ છે અને આત્મા પ્રત્યેના પ્રેમ વિના અનેક શાસ્ત્રોનું પઠન પણ સંસાર છે.

विदिताशेषशास्त्रोऽपि न जाग्रदपि मुच्यते ।
देहात्मदृष्टिर्ज्ञातात्मा सुप्तोन्मत्तोऽपि मुच्यते[6] ॥

---

૧ નાટક સમયસાર, નિર્જરા દ્વાર છંદ ૩.
૨ નાટક સમયસાર, નિર્જરા દ્વાર છંદ ૨૧.
૩ કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૪૬૪
૪ અષ્ટપાહુડ (મોક્ષપાહુડ), ગાથા ૧૦૦
૫ યોગસાર, ૭/૪૩.
૬ સમાધિશતક, શ્લોક ૯૪.

શરીરમાં આત્મબુદ્ધિ રાખનાર બહિરાત્મા સર્વ શાસ્ત્રોને જા છતાં પણ મુક્ત થતો નથી અને દેહથી ભિન્ન આત્માનો અનુ કરવાવાળો અંતરાત્મા સૂવે અને ઉન્મત્ત થાય તોપણ મુક્ત જાય છે.

મુનિવ્રત ધાર અનન્તબાર ગ્રીવક ઉપજાયો ।
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો ॥
આત્મજ્ઞાન હી જ્ઞાન હૈ, શેષ સભી અજ્ઞાન ।
વિશ્વશાંતિ કા મૂલ , વીતરાગ વિજ્ઞાન ॥

સ્વીકારવાની વાત છે. વળી તર્કની કસોટી પર સાચું માલૂમ પડે પછી પણ જ્યાં લગી એનો અનુભવ કરવામાં ન આવે ત્યાં લગી એ નિજવૈભવ બની શકતો નથી. એને નિજવૈભવ બનવા માટે આગમ, ઉપદેશ, તર્ક અને અનુભવના માર્ગથી પસાર થવું પડે.

આગમ અને ઉપદેશ સંબંધી ચર્ચા 'શાસ્ત્ર અને ગુરુ' ના પ્રકરણોમાં આવી ગઈ છે, અનુભવની વાત પણ ઘણી સારી ભેદ-વિજ્ઞાન અને આત્માનુભૂતિના પ્રકરણોમાં આવી ગઈ છે. અહીં અનેકાંત અને સ્યાદ્વાદને સ્પષ્ટ કરવું જરૂરી અને પ્રસંગ-પ્રાપ્ત છે. યુક્તિનું અવલંબન અર્થાત્ તર્કની તુલાનો નિર્ણય કરવા માટે પ્રમાણ અને નયોની સંક્ષિપ્ત ચર્ચા પણ અપેક્ષિત છે, કેમકે નિર્ણય ન્યાય વડે જ સંભવિત છે અને ન્યાય નય-પ્રમાણાત્મક હોય છે.

અનેકાન્ત અને સ્યાદ્વાદ

વસ્તુનું સ્વરૂપ અનેકાન્તાત્મક છે. દરેક વસ્તુ અનેક ગુણો-ધર્મોથી યુક્ત છે. અનંત ધર્માત્મક વસ્તુ જ અનેકાન્ત છે અને વસ્તુના અનેકાન્ત સ્વરૂપને સમજાવનારી સાપેક્ષ કથન-પદ્ધતિને સ્યાદ્વાદ કહે છે.[1] અનેકાન્ત અને સ્યાદ્વાદ વચ્ચે દ્યોત્ય-દ્યોતક સંબંધ છે.

સમયસારની આત્મખ્યાતિ ટીકાના પરિશિષ્ટમાં આ સંબંધમાં આચાર્ય અમૃતચંદ્ર લખે છે :—

"સ્યાદ્વાદ સર્વ વસ્તુઓના સ્વરૂપને સિદ્ધ કરનારું અર્હંત સર્વજ્ઞનું અસ્ખલિત (નિર્બાધ) શાસન છે. તે (સ્યાદ્વાદ) એમ કહે છે કે અનેકાન્ત સ્વભાવવાળી હોવાથી સર્વ વસ્તુઓ અનેકાન્તાત્મક છે....જે વસ્તુ તત્ છે તે જ અતત્ છે, જે એક છે તે જ અનેક છે, જે સત છે તે જ અસત્ છે, જે નિત્ય છે તે જ અનિત્ય છે—આ પ્રમાણે એક વસ્તુમાં વસ્તુત્વની નિપજાવનારી પરસ્પર વિરુદ્ધ

---

1 अनेकान्तात्मकार्थ कथनं स्याद्वादः ।
—લઘીયસ્ત્રય ટીકા (અનેકાન્ત અને સ્યાદ્વાદ, પાનું ૨૨)

એ શક્તિઓનું પ્રકાશવું એ અનેકાન્ત છે.[1]

અનેકાન્ત શબ્દ ‘અનેક’ અને ‘અન્ત’ એ શબ્દોનો મળીને બન્યો છે. અનેકનો અર્થ થાય છે એકથી અધિક. એકથી અધિક બે પણ હોઈ શકે છે અને અનંત પણ. બે અને અનંતની વચ્ચેમાં એમ અનેક અર્થ સંભવિત છે. વળી અન્તનો અર્થ છે ધર્મ અથવા ગુણ. દરેક વસ્તુમાં અનંત ગુણ વિદ્યમાન છે. તેથી જ્યાં અનેકનો અર્થ અનંત થાય ત્યાં અંતનો અર્થ ગુણ લેવો. આ વ્યાખ્યાને અનુસરીને આ અર્થ થાય–અનંતગુણાત્મક વસ્તુ જ અનેકાન્ત છે. પરંતુ જ્યાં અનેકનો અર્થ બે લેવામાં આવે ત્યાં અન્તનો અર્થ ધર્મ થાય. ત્યારે આ અર્થ થાય–પરસ્પર વિરુદ્ધ પ્રતીત થનારા બે ધર્મોનું [illegible]

વિરોધાભાસ રહિત છે, નિરપેક્ષ છે, તેમને ગુણ કહે છે. જેમકે— આત્માના જ્ઞાન, દર્શન, સુખ, આદિ; પુદ્ગલમાં રૂપ, રસ, ગંધ, આદિ.

જે ગુણોમાં પરસ્પર કોઈ વિરોધ નથી, એમની એક વસ્તુમાં એકીસાથે સત્તા (હોવાપણું) તો બધા જ વાદી–પ્રતિવાદી સહજ સ્વીકાર કરી લે છે; પરંતુ જેમાં વિરોધ જેવું પ્રતિભાસિત થાય છે, એને સ્યાદ્વાદી જ સ્વીકાર કરે છે. બીજા લોકો એમાંથી કોઈ એક પક્ષને ગ્રહણ કરી પક્ષપાતી બની જાય છે. તેથી અનેકાન્તની પરિભાષામાં પરસ્પર વિરુદ્ધ શક્તિઓના પ્રકાશન પર વિશેષ જોર આપવામાં આવ્યું છે.

દરેક વસ્તુમાં પરસ્પર વિરોધી પ્રતીત હોવાવાળાં અનેક યુગલ (જોડાં) મળી આવે છે, તેથી વસ્તુ કેવળ અનેક ધર્મો (ગુણો)નો જ પિંડ છે એમ નથી—પરંતુ પરસ્પર વિરોધી જણાતાં અનેક ધર્મ-યુગલોનો પણ પિંડ છે, તે પરસ્પર વિરુદ્ધ પ્રતીત થવાવાળા ધર્મોને સ્યાદ્વાદ પોતાની સાપેક્ષ શૈલી વડે પ્રતિપાદન કરે છે.

દરેક વસ્તુમાં અનંત ધર્મ છે. એ બધાનું કથન એકીસાથે તો સંભવિત નથી—કેમકે શબ્દોની શક્તિ મર્યાદિત છે, તે એક સમયમાં એક જ ધર્મને કહી શકે છે. તેથી અનંત ધર્મોમાં એક વિવક્ષિત ધર્મ મુખ્ય હોય છે જેનું પ્રતિપાદન કરવામાં આવ્યું હોય છે, બાકીના બધા ધર્મો ગૌણ હોય છે, કેમકે તેમના સંબંધમાં હાલ કાંઈ પણ કહેવામાં આવેલ નથી. આ મુખ્યતા અને ગૌણતા વસ્તુમાં વિદ્યમાન ધર્મોની અપેક્ષાએ નથી હોતી પણ વક્તાની ઇચ્છાનુસાર હોય છે. વિવક્ષા–અવિવક્ષા કથનના ભેદ છે, વસ્તુના ભેદ નથી. વસ્તુમાં તો બધા જ ધર્મો પ્રતિ સમય પોતાની પૂરી હેસિયતથી વિદ્યમાન રહે છે, એમાં મુખ્ય–ગૌણનો કોઈ પ્રશ્ન જ નથી, કારણ કે વસ્તુમાં તો તે પરસ્પર વિરોધી ધર્મોને પોતાનામાં ધારણ કરી રાખવાની શક્તિ છે. તે તો એ વસ્તુમાં અનાદિકાળથી વિદ્યમાન છે અને અનંત-કાળ સુધી રહેશે. એમને એકી સાથે કહેવાનું સામર્થ્ય વાણીમાં

નહીં હોવાથી વાણીમાં વિવક્ષા-અવિવક્ષા અને મુખ્ય-ગૌણના ભેદ હોય છે.

વસ્તુ તો પરથી નિરપેક્ષ જ છે. એને પોતાના ગુણ-ધર્મો ધારણ કરી રાખવામાં કોઈ પરની અપેક્ષા રંચમાત્ર પણ નથી. એમાં નિત્યતા-અનિત્યતા, એકતા-અનેકતા વગેરે બધા ધર્મો એકી સાથે વિદ્યમાન રહે છે. દ્રવ્યદૃષ્ટિથી વસ્તુ જે સમયે નિત્ય છે, પર્યાય-દૃષ્ટિથી એ જ સમયે અનિત્ય પણ છે, વાણી વડે જ્યારે નિત્યતાનું કથન કરવામાં આવે ત્યારે અનિત્યતાનું કથન સંભવિત નથી. તેથી જ્યારે આપણે વસ્તુની નિત્યતાનું પ્રતિપાદન કરીએ ત્યારે શ્રોતા એ સમજી શકે છે કે વસ્તુ નિત્ય જ છે, અનિત્ય નથી. તેથી આપણે 'કોઈ અપેક્ષાએ નિત્ય પણ છે' એમ કહીએ છીએ. એમ કહેતાં શ્રોતા જ્ઞાનમાં એ વાત સહજપણે આવી જાય કે કોઈ અપેક્ષાએ [illegible] પણ છે અહીં વાણીના અસામર્થ્યને લીધે આ વાત કહેવામાં [illegible] તેથી વાણીમાં સ્યાત્ પદનો પ્રયોગ આવશ્યક છે, [illegible] અવિવક્ષિત ધર્મોને ગૌણ કરે છે, પરંતુ અભાવ નહીં. [illegible] ભ્રમ ઉત્પન્ન થઈ શકે છે.

[illegible] માં સ્યાદ્વાદનો અર્થ આ પ્રમાણે

કેટલાક વિચારકો કહે છે કે સ્યાદ્વાદ શૈલીમાં 'પણ' (ભી) નો પ્રયોગ છે, 'જ' નો નથી. તેમને 'પણ' માં સમન્વયની સુગંધ અને 'જ' માં હઠની દુર્ગંધ આવે છે, પણ આ તેમનો બૌદ્ધિક ભ્રમ જ છે. સ્યાદ્વાદ શૈલીમાં જેટલી આવશ્યકતા 'પણ' ના પ્રયોગની છે, એનાથી જરાય ઓછી આવશ્યકતા 'જ' ના પ્રયોગની નથી. 'પણ' અને 'જ' નું સમાન મહત્ત્વ છે.

'પણ' સમન્વયનું સૂચક ન હોતાં 'અનુક્ત' ની સત્તાનું સૂચક છે અને 'જ' આગ્રહનું સૂચક ન હોતાં 'દૃઢતા' નું સૂચક છે. એમના પ્રયોગની એક રીત છે અને તે આ છે–જ્યાં અપેક્ષા ન બતાવતાં માત્ર એમ કહેવામાં આવે કે 'કોઈ અપેક્ષા'[1] ત્યાં 'પણ' જોડવું જરૂરી છે અને જ્યાં અપેક્ષા સ્પષ્ટ બતાવવામાં આવે ત્યાં 'જ' જોડવું અનિવાર્ય છે. જેમકે–દરેક વસ્તુ કથંચિત્ નિત્ય પણ છે અને કથંચિત અનિત્ય પણ છે. જો આને આપણે અપેક્ષા સહિત કહીએ તો આ પ્રમાણે કહેવું પડે કે દરેક વસ્તુ દ્રવ્યની અપેક્ષાએ નિત્ય જ છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય જ.

'પણ' એમ બતાવે છે કે આપણે જે કહીએ છીએ તે વસ્તુ માત્ર એટલી જ નથી, અન્ય પણ છે; પરંતુ 'જ' એમ બતાવે છે કે અન્ય દૃષ્ટિકોણોથી દેખતાં વસ્તુ બીજી ઘણી બધી છે, પરંતુ જે દૃષ્ટિકોણથી આ વાત બતાવવામાં આવી છે તે બરાબર તેમ જ છે, એમાં કોઈ શંકાને સ્થાન નથી. તેથી 'જ' અને 'પણ' એક બીજાનાં પૂરક છે, વિરોધી નથી. 'જ' પોતાના વિષયની બાબતમાં સઘળી શંકાઓનો અભાવ કરીને દૃઢતા પ્રગટ કરે છે અને 'પણ' અન્ય પક્ષોની બાબતમાં મૌન રહીને પણ એમની સંભાવનાનું નહીં, નિશ્ચિત સત્તાનું સૂચક છે.

'પણ' નો અર્થ એમ કરવામાં આવે કે જે કાંઈ કહેવામાં

---

૧ 'કોઈ અપેક્ષા' ના ભાવને સ્યાત્ અથવા કથંચિત્ શબ્દ પ્રગટ કરે છે.

આવી રહ્યું છે તેની વિરુદ્ધ પણ સંભાવના છે તો તે અર્થ ખોટો છે. સંભાવના અજ્ઞાનની સૂચક છે અર્થાત્ એમ પ્રગટ કરે છે કે હું નથી જાણતો, બીજું કાંઈ પણ હશે. જ્યારે સ્યાદ્વાદ એ સંભાવના-વાદ નથી; નિશ્ચયાત્મક જ્ઞાન હોવાથી પ્રમાણ છે. 'પણ'માંથી એવો અર્થ નથી નીકળતો કે એના સિવાય શું છે તે હું નથી જાણતો; પરંતુ એવો અર્થ નીકળે છે કે આ સમયે એ કહી શકાતો નથી વા એને કહેવાની આવશ્યકતા નથી. અપૂર્ણને પૂર્ણ સમજી લેવામાં ન આવે તે માટે 'પણ'નો પ્રયોગ છે. બીજા શબ્દોમાં જે વાત અંશના સંબંધમાં કહેવામાં આવી રહી છે એને પૂર્ણના સંબંધમાં જાણી લેવામાં ન આવે એટલા માટે 'પણ'નો પ્રયોગ છે, અનેક મિથ્યા એકાંતોના જોડ-તોડ માટે નહીં.

આ જ પ્રમાણે 'જ'નો પ્રયોગ 'આગ્રહી'નો પ્રયોગ નહીં હોતાં એ વાતને સ્પષ્ટ કરવા માટે છે કે અંશના સંબંધમાં જે કહેવામાં આવ્યું છે, તે સંપૂર્ણપણે સત્ય છે. તે દૃષ્ટિએ વસ્તુ તેવી જ છે, અન્યરૂપ નથી.

સમંતભદ્રાદિ આચાર્યોએ પદે-પદે 'જ'નો પ્રયોગ કર્યો છે.[1] 'જ'ના પ્રયોગનું સમર્થન શ્લોકવાર્તિકમાં આ પ્રમાણે કર્યું છે:—

> वाक्येऽवधारणं तावदनिष्टार्थ निवृत्तये ।
> कर्त्तव्यमन्यथानुक्तसमत्वात्तस्य कुत्रचित् ॥

વાક્યોમાં 'જ'નો પ્રયોગ અનિષ્ટ અર્થની નિવૃત્તિ અને દૃઢતા માટે કરવો જ જોઈએ, નહીંતર કોઈ—કોઈ વાર તે વાક્ય ન કહેવાયા સરખું સમજવામાં આવે છે.[2] યુક્ત્યનુશાસન શ્લોક ૪૧-૪૨ માં આચાર્ય સમંતભદ્રે પણ આ પ્રકારનો ભાવ વ્યક્ત કર્યો છે.

---

૧ सदेव सर्वं को नेच्छेत स्वरूपादि चतुष्टयात ।
असदेव विपर्यासान्न चेन्न व्यवतिष्ठते ॥
—આપ્તમીમાંસા, શ્લોક ૧૫.

૨ શ્લોકવાર્તિક, અ. ૧, સૂત્ર ૬, શ્લોક ૫૩.

આ સંદર્ભમાં સિદ્ધાંતાચાર્ય પંડિત કૈલાશચંદ્રજી લખે છે :—

“ આ જ પ્રમાણે વાક્યમાં જકાર (જ)નો પ્રયોગ ન કરવાથી સર્વથા એકાંતને માનવું પડે; કારણકે તે સ્થિતિમાં અનેકાન્તનું નિરાકરણ અવશ્યંભાવી છે. જેમકે—‘ ઉપયોગ લક્ષણ જીવનું જ છે ’— આ વાક્યમાં જકાર (જ) હોવાથી એ સિદ્ધ થાય છે કે ઉપયોગ લક્ષણ અન્ય કોઈનું ન હોતાં જીવનું જ છે. તેથી જો એમાંથી ‘ જ ’ કાઢી નાખવામાં આવે તો ઉપયોગ અજીવનું પણ લક્ષણ હોઈ શકે છે.[1] ”

પ્રમાણ વાક્યમાં માત્ર સ્યાત્ પદનો પ્રયોગ થાય છે, પરંતુ નય વાક્યમાં સ્યાત્ પદની સાથે સાથે ‘ જ ’નો પ્રયોગ પણ આવશ્યક છે.[2] ‘ જ ’ સમ્યક્ એકાંતનું સૂચક છે અને ‘ પણ ’ સમ્યક્ અનેકાન્તનું સૂચક છે.

એટલે જૈન દર્શન અનેકાન્તવાદી દર્શન કહેવામાં આવે છે, તોપણ જો એને સર્વથા અનેકાન્તવાદી માનવામાં આવે તો એ પણ એકાન્ત થઈ જાય. તેથી જૈન દર્શનમાં અનેકાન્તમાં પણ અનેકાન્તનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જૈન દર્શન સર્વથા ન એકાન્તવાદી છે, ન સર્વથા અનેકાન્તવાદી. તે કથંચિત એકાન્તવાદી અને કથંચિત્ અનેકાન્તવાદી છે. એનું જ નામ અનેકાન્તમાં અનેકાન્ત છે. કહ્યું પણ છે :—

अनेकान्तोऽप्यनेकान्तः प्रमाणनयसाधनः ।
अनेकान्तः प्रमाणात्ते तदेकान्तोऽर्पितान्नयात्[3] ॥

પ્રમાણ અને નય જેનાં સાધન છે એવું અનેકાન્ત પણ અનેકાન્ત-સ્વરૂપ છે; કેમકે સર્વાંશગ્રાહી પ્રમાણની અપેક્ષાએ વસ્તુ અનેકાન્ત-સ્વરૂપ અને અંશગ્રાહી નયની અપેક્ષાએ વસ્તુ એકાંતસ્વરૂપ સિદ્ધ છે.

૧ જૈન ન્યાય, પાનું ૩૦૦.

૨ નયચક્ર, પાનું ૧૨૯.

૩ સ્વયંભૂસ્તોત્ર, શ્લોક ૧૦૩ (અરનાથ સ્તુતિ, શ્લોક ૧૮).

પ્રમાણે ભિન્ન-ભિન્ન નયોને સ્યાદ્વાદરૂપી સૂત્રમાં પરોવી દેવાથી સંપૂર્ણ નય શ્રુતપ્રમાણ કહેવામાં આવે છે.[1]

પરમાગમના બીજસ્વરૂપ અનેકાન્તમાં સંપૂર્ણ નયો (સમ્યક્ એકાન્તો)નો વિલાસ છે, એમાં એકાન્તોના વિરોધને સમાપ્ત કરવાનું સામર્થ્ય છે[2]; કેમકે વિરોધ વસ્તુમાં નથી, અજ્ઞાનમાં છે. જેમકે—એક હાથીને અનેક જન્માંધ વ્યક્તિઓ સ્પર્શીને જાણવાનો પ્રયત્ન કરે. ત્યાં જેના હાથમાં હાથીનો પગ આવે તે હાથીને થાંભલા જેવો, પેટ પર હાથ ફેરવવાવાળો દીવાલ જેવો, કાન પકડવાવાળો સૂપડા જેવો, અને સૂંઢ પકડનાર કેળના સ્તંભ જેવો કહે તો તે સંપૂર્ણ હાથીના સંબંધમાં સત્યાર્થ નથી. કેમકે જોયો છે અંશ અને કહેવામાં આવ્યો સર્વાંશને.

જો અંશને જોઈને અંશનું જ કથન કરે તો ખોટું નથી. જેમકે જો એમ કહેવામાં આવે કે હાથીનો પગ થાંભલા જેવો છે, કાન સૂપડા જેવો છે, પેટ દીવાલ જેવું છે તો કાંઈ અસત્ય નથી, કેમકે આ કથન સાપેક્ષ છે અને સાપેક્ષ નય સત્ય હોય છે; એકલો પગ હાથી નથી, એકલું પેટ પણ હાથી નથી, એ જ પ્રમાણે કોઈ પણ એકલું અંગ અંગીને વ્યક્ત કરી શકતું નથી.

'સ્યાત્' પદના પ્રયોગથી એ સ્પષ્ટ થઈ જાય છે કે અહીં જે કથન કરવામાં આવી રહ્યું છે, તે અંશના સંબંધમાં છે, પૂર્ણ વસ્તુના સંબંધમાં નહીં. હાથી અને હાથીનાં અંગોના કથનમાં 'જ' અને 'પણ'નો પ્રયોગ આ પ્રમાણે થાય :—

હાથી કોઈ અપેક્ષાએ દીવાલ જેવો પણ છે, કોઈ અપેક્ષાએ થાંભલા જેવો પણ છે, અને કોઈ અપેક્ષાએ સૂપડા જેવો પણ છે. અહીં અપેક્ષા દર્શાવવામાં આવી નથી, માત્ર એટલું જ કહ્યું છે કે 'કોઈ અપેક્ષાએ', તેથી 'પણ' જોડવું આવશ્યક થઈ પડયું. જો

---

૧ સ્યાદ્વાદમંજરી, શ્લોક ૩૦ની ટીકા

૨ પુરુષાર્થસિદ્ધ્યુપાય, શ્લોક ૨

[illegible] 'જ' [illegible] અનિવાર્ય થઈ જાય, અન્યથા [illegible] ન બને, [illegible] ન આવે; જેમકે [illegible] સાથીનો [illegible] જેવો જ છે, [illegible] જેવો જ છે અને પેટ [illegible] જેવું જ છે.

ઉપરોક્ત કથન [illegible] સંબંધમાં પૂર્ણ સત્ય છે, તેથી 'જ' લગાડવો આવશ્યક છે. તથા પૂર્ણના સંબંધમાં આંશિક સત્ય છે, તેથી 'પણ' લગાડવો જરૂરી છે.

જ્યાં 'સ્યાત્' પદનો પ્રયોગ ન પણ હોય તોપણ વિવેકી જનોએ સમજવું જોઈએ કે તે અનુક્ત (સાઇલેન્ટ) છે. કષાય પાહુડમાં આ સંબંધમાં સ્પષ્ટ લખ્યું છે:—

"સ્યાત્ શબ્દના પ્રયોગનો અભિપ્રાય રાખવાવાળો વક્તા સ્યાત્ શબ્દનો પ્રયોગ ન પણ કરે તોપણ તેના અર્થનું જ્ઞાન થઈ જાય છે. તેથી સ્યાત્ શબ્દનો પ્રયોગ ન કરવામાં આવે તોપણ કાંઈ દોષ નથી. કહ્યું પણ છે—સ્યાત્ શબ્દના પ્રયોગની પ્રતિજ્ઞાનો અભિપ્રાય રાખવાથી 'સ્યાત્' શબ્દનો અપ્રયોગ દેખવામાં આવે છે.[1]"

જોકે દરેક વસ્તુ અનેક પરસ્પર વિરોધી ધર્મ-યુગલોનો પિંડ છે તોપણ વસ્તુમાં સંભાવ્યમાન પરસ્પર વિરોધી ધર્મો જ હોય છે, અસંભાવ્ય નહીં. અન્યથા આત્મામાં નિત્યત્વ-અનિત્યત્વાદિની જેમ ચેતનત્વ-અચેતનત્વ ધર્મોની સંભાવનાનો પ્રસંગ આવશે. આ વાતને 'ધવલા'માં આ પ્રમાણે સ્પષ્ટ કરી છે:—

"પ્રશ્ન:—જે ધર્મોને એક આત્મામાં એકી સાથે રહેવાનો વિરોધ નથી, તે રહે, પરંતુ સંપૂર્ણ ધર્મો તો એક આત્મામાં એકી સાથે રહી શકે નહીં?

ઉત્તર:—કોણ એમ કહે છે કે પરસ્પર વિરોધી અને અવિરોધી સર્વ ધર્મોનું એકીસાથે એક આત્મામાં રહેવું સંભવિત છે? જો

---

૧ જૈનેન્દ્ર સિદ્ધાંત કોષ, ભાગ ૪, પાનું ૫૦૧.

સંપૂર્ણ ધર્મોનું એકીસાથે રહેવું માની લેવામાં આવે તો પરસ્પર વિરુદ્ધ ચૈતન્ય-અચૈતન્ય, ભવ્યત્વ-અભવ્યત્વ આદિ ધર્મોને એકીસાથે આત્મામાં રહેવાનો પ્રસંગ આવશે. તેથી સંપૂર્ણ પરસ્પર વિરોધી ધર્મો એક આત્મામાં રહે છે, અનેકાન્તનો આવો અર્થ નહીં સમજવો જોઈએ; પરંતુ જે ધર્મોનો જે આત્મામાં અત્યંત અભાવ નથી, તે ધર્મો તે આત્મામાં કોઈ કાળ અને કોઈ ક્ષેત્રની અપેક્ષાએ એકીસાથે પણ હોઈ શકે છે, એમ અમે માનીએ છીએ.[1] "

અનેકાન્ત અને સ્યાદ્વાદનો પ્રયોગ કરતી વખતે એ સાવધાની રાખવી ખૂબ આવશ્યક છે કે આપણે જે પરસ્પર વિરોધી ધર્મોની સત્તા વસ્તુમાં પ્રતિપાદિત કરીએ છીએ, તે ધર્મોની સત્તા વસ્તુમાં સંભવિત છે કે નથી; અન્યથા કોઈવાર આપણે એમ પણ કહેવા લાગીએ કે કથંચિત્ જીવ ચેતન છે અને કથંચિત્ અચેતન પણ છે. અચેતનત્વની જીવમાં સંભાવના નથી, તેથી અહીં અનેકાન્ત બતાવતી વેળા અસ્તિ-નાસ્તિના રૂપમાં ઘટાવવું જોઈએ. જેમકે-જીવ ચેતન (જ્ઞાનદર્શનસ્વરૂપ) જ છે, અચેતન નહીં.

વસ્તુતઃ ચેતન અને અચેતન તો પરસ્પર વિરોધી ધર્મ છે અને નિત્યત્વ-અનિત્યત્વ પરસ્પર વિરોધી નહીં, વિરોધી પ્રતીત થતા ધર્મો છે, તે પરસ્પર વિરોધી પ્રતીત થાય છે, છે નહીં. એમની સત્તા એક દ્રવ્યમાં એકીસાથે હોય છે. અનેકાન્ત પરસ્પર વિરોધી પ્રતીત થતા ધર્મોનું પ્રકાશન કરે છે.

જિનેન્દ્ર ભગવાનનું સ્યાદ્વાદરૂપી નયચક્ર અતિશય તીક્ષ્ણ ધારવાળું છે. એને અત્યંત સાવધાનીથી ચલાવવું જોઈએ, અન્યથા ધારણ કરનારનું જ મસ્તક છેદાઈ જાય છે.[2] એને ચલાવતાં પહેલાં

1 ધવલા પુ. ૧, ખંડ ૧, ભાગ ૧, સૂત્ર ૧૧, પાનું ૧૬૭.

2 अत्यन्तनिशितधारं, दुरासदं जिनवरस्य नयचक्रम् ।
खंडयति धार्यमाणं मूर्धानं झटिति दुर्विदग्धानाम् ॥
—પુરુષાર્થસિદ્ધ્યુપાય, શ્લોક ૫૯.

નયચક્ર ચલાવવામાં ચતુર એવા ગુરુઓનું શરણ લેવું જોઈએ.[1] એમના માર્ગદર્શનમાં જિનવાણીનો મર્મ સમજવો જોઈએ.

અનેકાન્ત અને સ્યાદ્વાદ સિદ્ધાંત એટલો ગૂઢ અને ગંભીર છે કે એને ઊંડાણથી અને સૂક્ષ્મતાથી સમજ્યા વિના એના તળ સુધી પહોંચવું અસંભવિત છે, કેમકે ઉપર ઉપરથી જોતાં એ એકદમ ગલત જેવો પ્રતીત થાય છે. આ સંબંધમાં હિન્દુ વિશ્વવિદ્યાલય, કાશીના દર્શન-શાસ્ત્રના ભૂતપૂર્વ પ્રધાનાધ્યાપક શ્રી ફણિભૂષણ અધિકારીએ લખ્યું છે:—

"જૈન ધર્મના સ્યાદ્વાદ સિદ્ધાંતને જેટલો ગલત સમજવામાં આવ્યો છે, એટલો કોઈ અન્ય સિદ્ધાંતને નહીં. ત્યાં સુધી કે શંકરાચાર્ય પણ આ દોષથી મુક્ત નથી, એમણે પણ આ સિદ્ધાંત પ્રતિ અન્યાય કર્યો છે. આ વાત અલ્પજ્ઞ પુરુષો માટે ક્ષમ્ય થઈ શકતી હતી, પરંતુ જો મને કહેવાનો અધિકાર હોય તો હું ભારતના આ મહાન વિદ્વાન માટે તો અક્ષમ્ય જ કહું, જોકે હું આ મહર્ષિને ખૂબ આદરની દૃષ્ટિથી જોઉં છું. એવું માલૂમ પડે છે કે એમણે આ ધર્મના દર્શન-શાસ્ત્રના મૂળગ્રંથોનું અધ્યયન કરવાની પરવા કરી નથી.[2]"

હિન્દીના પ્રસિદ્ધ સમાલોચક આચાર્ય મહાવીરપ્રસાદ દ્વિવેદી લખે છે:—

"પ્રાચીન ઢરનાના હિંદુ ધર્માવલંબી મોટા-મોટા શાસ્ત્રી સુદ્ધાં હજુ પણ નથી જાણતા કે જૈનોનો સ્યાદ્વાદ કયા પંખીનું નામ છે.[3]"

શ્રી મહામંડળાધ્યાય સત્ય સમ્પ્રદાયાચાર્ય પં. સ્વામી રામમિશ્રજી

1 गुरवो भवन्ति शरणं प्रबुद्धनयचक्रसंचाराः ।
—પુરુષાર્થસિદ્ધ્યુપાય, શ્લોક ૫૮.

2 [illegible]

શાસ્ત્રી, પ્રોફેસર સંસ્કૃત કૉલેજ, વારાણસી લખે છે:—

"હું ક્યાં સુધી કહું, મોટા-મોટા પ્રખ્યાત આચાર્યોએ પોતાના ગ્રંથોમાં જે જૈનમતનું ખંડન કર્યું છે એ એવું કર્યું છે કે જેને સાંભળી-દેખીને હસવું આવે છે, સ્યાદ્વાદ એ જૈનધર્મનો અભેદ્ય કિલ્લો છે, જેની અંદર વાદી-પ્રતિવાદીઓના માયામયી ગોળા પ્રવેશ કરી શકતા નથી.

જૈન ધર્મના સિદ્ધાંત પ્રાચીન ભારતીય તત્ત્વજ્ઞાન અને ધાર્મિક પદ્ધતિના અભ્યાસીઓ માટે ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આ સ્યાદ્વાદ વડે સર્વ સત્ય વિચારોનું દ્વાર ખૂલી જાય છે."[1]

સંસ્કૃતના ઉદ્ભટ વિદ્વાન ડૉ. ગંગાનાથ ઝાના વિચારો પણ દ્રષ્ટવ્ય છે:—

"જ્યારથી મેં શંકરાચાર્ય દ્વારા જૈન સિદ્ધાંતનું ખંડન વાંચ્યું છે ત્યારથી મને વિશ્વાસ થયો કે આ સિદ્ધાંતમાં ઘણુંબધું છે જે વેદાન્તના આચાર્ય સમજ્યા નથી અને જે કાંઈ આજ લગી જૈન ધર્મને જાણી શક્યો છું એનાથી મારો દૃઢ વિશ્વાસ થયો છે કે જો તેમણે જૈનધર્મને એના મૂળ ગ્રંથો દ્વારા જોવાનું કષ્ટ ઉઠાવ્યું હોત તો તેમને જૈનધર્મનો વિરોધ કરવાની કોઈ વાત મળત નહીં.[2]"

'સ્યાત્' પદનો બરાબર અર્થ સમજવો ખૂબ આવશ્યક છે. એના સંબંધમાં બહુ ભ્રમ પ્રચલિત છે–કોઈ સ્યાત્નો અર્થ સંશય કરે છે, કોઈ કદાચ, તો કોઈ સંભાવના. આ પ્રમાણે સ્યાદ્વાદને શાયદવાદ, સંશયવાદ વા સંભાવનાવાદ બનાવી દે છે. 'સ્યાત્' શબ્દ તિઙન્ત ન હોતાં 'નિપાત' છે. તે સંદેહનો વાચક ન હોતાં એક નિશ્ચિત અપેક્ષાનો વાચક છે. 'સ્યાત્' શબ્દને સ્પષ્ટ કરતાં તાર્કિક ચૂડામણિ આચાર્ય સમંતભદ્ર લખે છે:—

---

1. તીર્થંકર વર્ધમાન, પાનું ૯૨.
2. તીર્થંકર વર્ધમાન, પાનું ૯૪.

वाक्येष्वनेकान्तद्योती गम्यं प्रति विशेषणं ।
स्यान्निपातोऽर्थयोगित्वात् तव केवलिनामपि[1] ॥ १०३ ॥

'સ્યાત્' શબ્દ નિપાત છે. વાક્યોમાં પ્રયુક્ત આ શબ્દ અનેકાંતનો દ્યોતક વસ્તુસ્વરૂપનું વિશેષણ છે.

કલ્પના, સંશય, અને સંભાવનામાં એક અનિશ્ચય છે; અનિશ્ચય અજ્ઞાનનું સૂચક છે. સ્યાદ્વાદમાં ક્યાંય પણ અજ્ઞાનની ઝલક નથી. તે જે કાંઈ કહે છે, તે દૃઢતાની સાથે કહે છે; તે કલ્પના કરતો નથી, સંભાવનાઓ વ્યક્ત કરતો નથી.

શ્રી પ્રો. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ લખે છે:—

"મહાવીરના સિદ્ધાંતમાં બતાવવામાં આવેલ સ્યાદ્વાદને કેટલાક લોકો સંશયવાદ કહે છે, એને હું નથી માનતો. સ્યાદ્વાદ સંશયવાદ નથી, પરંતુ તે એક દૃષ્ટિબિંદુ આપણને ઉપલબ્ધ કરાવી દે છે. વિશ્વનું કઈ રીતે અવલોકન કરવું જોઈએ તે આપણને શીખવે છે. એ નિશ્ચય છે કે વિવિધ દૃષ્ટિબિંદુઓ દ્વારા નિરીક્ષણ કર્યા વિના કોઈપણ વસ્તુ સંપૂર્ણ સ્વરૂપમાં આવી શકતી નથી. સ્યાદ્વાદ (જૈન-ધર્મ) પર આક્ષેપ કરવો એ અનુચિત છે.[2]"

આચાર્ય સમન્તભદ્રે સ્યાદ્વાદને કેવલજ્ઞાનની જેમ સર્વ તત્ત્વ-પ્રકાશક માન્યો છે. ભેદ માત્ર પ્રત્યક્ષ અને પરોક્ષનો છે.[3]

અનેકાન્ત અને સ્યાદ્વાદનો સિદ્ધાંત વસ્તુસ્વરૂપના સત્યાર્થ રૂપનું દિગ્દર્શન કરાવનાર હોવાથી આત્મ-શાન્તિની સાથે-સાથે વિશ્વ-શાંતિનો પણ પ્રતિષ્ઠાપક સિદ્ધાંત છે. આ સંબંધમાં સુપ્રસિદ્ધ

---

૧ આપ્તમીમાંસા, શ્લોક ૧૦૩

૨ તીર્થંકર વર્ધમાન, પાનું ૯૪.

૩ स्याद्वाद केवलज्ञाने सर्वतत्त्व प्रकाशने ।
भेदः साक्षादसाक्षाच्च, ह्यवस्त्वन्यतमं भवेत् ॥
—આપ્તમીમાંસા, શ્લોક ૧૦૫.

ઐતિહાસિક વિદ્વાન અને રાષ્ટ્રકવિ રામધારીસિંહ 'દિનકર' લખે છેઃ—

"એમાં કોઈ સંદેહ નથી કે અનેકાન્તનું અનુસંધાન ભારતની અહિંસા સાધનાનો ચરમ ઉત્કર્ષ છે અને આખુંય વિશ્વ એને જેટલી શીઘ્રતાથી અપનાવશે, વિશ્વમાં શાન્તિ પણ એટલી જ શીઘ્રતાથી સ્થાપિત થશે.[1]"

પ્રમાણ અને નય

અનેકાન્ત અને સ્યાદ્વાદના સ્પષ્ટીકરણમાં 'પ્રમાણ' અને 'નય' શબ્દોનો પ્રયોગ કેટલીય વાર થયો છે. એનું મૂળ કારણ એ છે કે પ્રમાણ અને નયો વડે જ વસ્તુનું સ્વરૂપ જાણવામાં આવે છે,[2] તેથી એમનું સ્પષ્ટીકરણ પ્રસંગ-પ્રાપ્ત છે.

જેના વડે વસ્તુ-તત્ત્વનો નિર્ણય કરવામાં આવે છે, એને સમ્યક્ રૂપે જાણવામાં આવે છે, એને પ્રમાણ કહે છે; તેથી સમ્યગ્જ્ઞાન જ પ્રમાણ છે.[3] સમ્યગ્જ્ઞાનને આ પહેલાં સ્પષ્ટ કરવામાં આવેલ છે. એ પણ બતાવવામાં આવેલ છે કે તે પાંચ પ્રકારનું હોય છે. એમાં મતિ-જ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષપ્રમાણ છે, તથા અવધિજ્ઞાન અને મનઃ-પર્યયજ્ઞાન દેશ-પ્રત્યક્ષ છે, કેવલજ્ઞાન પૂર્ણ-પ્રત્યક્ષ છે.[4] સ્મૃતિ, પ્રત્યભિ-

---

૧ સંસ્કૃતિના ચાર અધ્યાય, પાનું ૧૩૭.

૨ प्रमाणनयैरधिगमः । —તત્ત્વાર્થ સૂત્ર, અ. ૧ સૂત્ર ૬.

૩ सम्यग्ज्ञानं प्रमाणं । ન્યાય દીપિકા

૪ (क) आद्ये परोक्षम् । प्रत्यक्षमन्यत् ।

—તત્ત્વાર્થસૂત્ર, અ. ૧, સૂત્ર ૧૧, ૧૨.

(ख) મતિશ્રુત દોય પરોક્ષ, અક્ષ મનતૈં ઉપજાહીં ।
અવધિજ્ઞાન મનપર્જય દો હૈં દેશ-પ્રતચ્છા ॥
સકલ દ્રવ્ય કે ગુન અનંત, પરજાય અનંતા ।
જાનૈ એકૈ કાલ, પ્રગટ કેવલિ ભગવન્તા ॥

—છહઢાળા, ચોથી ઢાળ, છંદ ૩, ૪.

જ્ઞાન, તર્ક અને અનુમાન મતિજ્ઞાનપ્રમાણનાં જ રૂપ છે. આ બધાનું વિસ્તૃત વર્ણન જૈન ન્યાયશાસ્ત્રોમાં ઉપલબ્ધ છે.

સ્યાદ્વાદ પદથી મુદ્રિત પરમાગમરૂપ શ્રુતજ્ઞાનના ભેદો નય છે. જોકે શ્રુતજ્ઞાન પણ એક પ્રમાણ છે, તથાપિ તેના ભેદો નય છે. પ્રમાણ સર્વગ્રાહી હોય છે અને નય અંશગ્રાહી. જોકે નય પ્રમાણના જ ભેદો છે, તેમ છતાં તેમને પ્રમાણથી ભિન્ન માનવામાં આવ્યા છે કેમકે નય પ્રમાણ વડે ગૃહીત વસ્તુના એકદેશને ગ્રહણ કરે છે.

અનંત ધર્માત્મક હોવાને લીધે વસ્તુ બહુ જ જટિલ છે. એને જાણી શકાય, પરંતુ કહેવી કઠણ છે. તેથી તેના એક-એક ધર્મનું ક્રમપૂર્વક નિરૂપણ કરવામાં આવે છે. કયો ધર્મ પહેલો અને કયો ધર્મ પછીથી કહેવાય, એનો કોઈ નિયમ નથી. જ્ઞાની વક્તા પોતાના અભિપ્રાય અનુસાર જ્યારે એક ધર્મનું કથન કરે છે તે સમયે અન્ય ધર્મો કથનમાં ગૌણ રહે છે; નિષિદ્ધ નહીં. આથી જ્ઞાતાના અભિપ્રાયને નય કહે છે.[1] તિલોયપણ્ણત્તિમાં કહ્યું છે:—

"णाणं होदि पमाणं णओ वि णादुस्स हिदयभावत्थो ॥"

સમ્યગ્જ્ઞાનને પ્રમાણ અને જ્ઞાતાના હૃદયના અભિપ્રાયને નય કહેવામાં આવે છે.[2] કોઈ કોઈ જગ્યાએ વક્તાના અભિપ્રાયને નય કહેવામાં આવે છે.[3]

નય ત્રણ પ્રકારના કહેવામાં આવેલા છે—જ્ઞાન નય, શબ્દ નય અને અર્થ નય.[4] જ્ઞાન નયની મુખ્યતાથી જ્ઞાતાના અભિપ્રાયને અને શબ્દનયની મુખ્યતાથી વક્તાના અભિપ્રાયને નય કહ્યો છે.

નય અનન્ત હોઈ શકે છે. જેટલા વચન-વિકલ્પો છે, એટલા

---

1 જ્ઞાતુરભિપ્રાયો નયઃ । —આલાપપદ્ધતિ, શ્લોક ૯ની ટીકા.
2 તિલોયપણ્ણત્તિ, અ. ૧, ગાથા ૮૩.
3 સ્યાદ્વાદ મંજરી, શ્લોક ૨૮ની ટીકા, પાનું ૨૪૩.
4 કાર્તિકેયાનુપ્રેક્ષા, ગાથા ૨૬૫.

જ નય પણ સંભવિત છે.[1] કારણ કે પ્રત્યેક વસ્તુની શક્તિઓ અનંત છે, તેથી પ્રત્યેક શક્તિની અપેક્ષા એ ભેદને પ્રાપ્ત થતાં નય અનન્ત વિકલ્પરૂપ થઈ જાય છે.[2] મુખ્ય-ગૌણ વિવક્ષાને કારણે વક્તાના અભિપ્રાય પણ અનેક પ્રકારના હોય છે, એ કારણે પણ નય અનેક પ્રકારના હોય છે.

નયચક્ર પણ એટલું જ જટિલ છે જેટલી એની વિષયભૂત અનંત-ધર્માત્મક વસ્તુ. વિસ્તાર તો ઘણો છે, પરંતુ આલાપપદ્ધતિ અને બૃહન્નયચક્રમાં મૂળ નયોના સંબંધમાં આ પ્રમાણે લખ્યું છે:—

णिच्छयववहारणया मूलिम भेयाणयाण सव्वाणं ।
णिच्छयसाहणहेऊ दव्वयपज्जत्थिया मुणह[3] ॥

સર્વનયોમાં મૂળ—નિશ્ચય અને વ્યવહાર એમ બે નય છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક, એ બેઉ નિશ્ચય નયનાં સાધન વા હેતુ છે.

ઉપરોક્ત છંદનો અર્થ આ પ્રમાણે પણ કરવામાં આવે છે:—

નયોના મૂળભૂત નિશ્ચય અને વ્યવહાર બે ભેદ માનવામાં આવ્યા છે, તેમાં નિશ્ચયનય તો દ્રવ્યાશ્રિત અને વ્યવહારનય પર્યાયાશ્રિત છે, એમ સમજવું જોઈએ.[4]

પંચાધ્યાયીકારે વ્યવહાર અને પર્યાયાર્થિક નયને કથંચિત એક બતાવતાં કહ્યું છે—પર્યાયાર્થિક કહો વા વ્યવહારનય—એ બેઉનો એક જ અર્થ છે; કેમકે આ નયના વિષયમાં જેટલો પણ વ્યવહાર

---

૧ जावदिया वयणवहा तावदिया चेव होंति णयवादा ।
—ગોમ્મટસાર કર્મકાણ્ડ ગાથા ૮૯૪.

૨ સર્વાર્થસિદ્ધિ, અ. ૧, સૂત્ર ૩૩ ની ટીકા, પાનું ૧૦૨.

૩ (ક) આલાપપદ્ધતિ, ગાથા ૩.
(ખ) નયચક્ર, ગાથા ૧૮૩.

૪ આચાર્ય શિવસાગર સ્મૃતિગ્રન્થ, પાનું ૫૬૧.

છે, તે ઉપચાર-માત્ર છે.'[1]

ઉક્ત કથનમાં જ્યાં એક બાજુ નિશ્ચય અને વ્યવહાર નયને મૂળ નય કહેવામાં આવ્યા છે, ત્યાં બીજી બાજુ:—

दो चेव य मूलनया, भणिया दव्वत्थ पज्जयत्थगया।
अण्णे असंख संखा ते तब्भेया मुणेयव्वा[2] ॥

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બે જ મૂળ નય કહેલા છે. અન્ય અસંખ્યાત સંખ્યાવાળા એમના જ ભેદ જાણવા.

ઉક્ત બેઉ દૃષ્ટિને ધ્યાનમાં રાખીને વિચાર કરતાં મુખ્ય નય ચાર રહે છે.

(૧) નિશ્ચય (૨) વ્યવહાર (૩) દ્રવ્યાર્થિક (૪) પર્યાયાર્થિક.

જોકે નયોના પ્રભેદોમાં ઊતરવાનું અહીં સંભવિત નથી, તથાપિ મૂળ નયોનું સંક્ષિપ્ત વિવેચન આવશ્યક છે; કેમકે તેમને જાણ્યા વિના જિનવાણીનો મર્મ સમજી શકાતો નથી. નયચક્રમાં કહ્યું છે:—

"જે નયદૃષ્ટિથી રહિત છે એને વસ્તુના સ્વરૂપનું જ્ઞાન થઈ શકતું નથી અને વસ્તુના સ્વરૂપને જાણ્યા વિના સમ્યગ્દર્શન કેવી રીતે થઈ શકે?[3]"

પ્રમાણની વિષયભૂત વસ્તુ સામાન્ય-વિશેષાત્મક છે.[4] એના સામાન્ય અંશને ગ્રહણ કરનાર દ્રવ્યાર્થિકનય છે અને વિશેષ અંશને ગ્રહણ કરનાર પર્યાયાર્થિક નય છે. એની પરિભાષા નયચક્રમાં આ

---

૧ पर्यायार्थिक नय इति यदि वा व्यवहार एव नामेति ।
एकार्थो यस्मादिह सर्वोऽप्युपचारमात्रः स्यात् ॥
—પંચાધ્યાયી, અ. ૧, શ્લોક ૫૨૧.

૨ નયચક્ર, ગાથા ૧૮૩.

૩ નયચક્ર, ગાથા ૧૮૧.

૪ सामान्यविशेषात्मा तदर्थो विषयः । —પરીક્ષામુખ, અ. ૪, સૂત્ર ૧.

પ્રમાણે આપેલી છે:—

पज्जय गउणं किच्चा दव्वंपि य जो हु गिहइ लोए।
सो दव्वत्थिय भणिओ विवरीओ पज्जयत्थिणओ[1] ॥

પર્યાયને ગૌણ કરીને જે દ્રવ્યને ગ્રહણ કરે છે એને દ્રવ્યાર્થિક નય કહે છે અને દ્રવ્યને ગૌણ કરીને જે પર્યાયને ગ્રહણ કરે છે એને પર્યાયાર્થિક નય કહે છે.

જે અભેદ અને અનુપચાર વડે વસ્તુનો નિશ્ચય કરે છે તે નિશ્ચય નય છે. અને ભેદ તથા ઉપચાર વડે વસ્તુનો વ્યવહાર કરવો તે વ્યવહાર નય છે.[2] નિશ્ચય અને વ્યવહાર નયની બીજી પણ અનેક પરિભાષાઓ પ્રાપ્ત છે.

સ્વાશ્રિત કથનને નિશ્ચય અને પરાશ્રિત કથનને વ્યવહાર,[3] અભેદને નિશ્ચય અને ભેદને વ્યવહાર[4], ભૂતાર્થને નિશ્ચય અને અભૂતાર્થને વ્યવવહાર[5], મુખ્યને નિશ્ચય અને ગૌણને વ્યવહાર[6] કહે છે.

અનેક શાસ્ત્રોનો આધાર લઈ ને પંડિતપ્રવર ટોડરમલજીએ નિશ્ચય-વ્યવહારનું સાંગોપાંગ વિવેચન કર્યું છે,[7] જેનો સાર આ પ્રમાણે છે:—

૧ સાચા નિરૂપણને નિશ્ચય અને ઉપચરિત નિરૂપણને વ્યવહાર કહે છે.[8]

---

૧ નયચક્ર, ગાથા ૧૮૯

૨ આલાપપદ્ધતિ (નયચક્ર, પાનું ૨૨૭)

૩ आत्माश्रितो निश्चयनयः, पराश्रितो व्यवहारनयः ।
—સમયસાર ગાથા ૨૭૨ ની 'આત્મખ્યાતિ' ટીકા.

૪ (क) तत्र निश्चयो अभेदविषयः —નયચક્ર, દેવસેન, પાનું ૨૫.
(ख) નયચક્ર, માઇલ્લ ધવલ, પાનું ૧૩૨.

૫ (क) સમયસાર, ગાથા ૧૧. (ख) પુરુષાર્થસિદ્ધ્યુપાય, શ્લોક ૫.

૬ પુરુષાર્થસિદ્ધ્યુપાય, શ્લોક ૪.

૭ મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૨૪૮–૨૫૭.

૮ મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૨૪૯.

૨ એક જ દ્રવ્યના ભાવને તે રૂપે જ કહેવો એ નિશ્ચય નય છે અને ઉપચારથી ઉક્ત દ્રવ્યના ભાવને અન્ય દ્રવ્યના ભાવસ્વરૂપે કહેવો એ વ્યવહાર નય છે. જેમકે—માટીના ઘડાને માટીનો કહેવો તે નિશ્ચય નયનું કથન છે અને ઘીનો સંયોગ દેખીને ઘીનો ઘડો કહેવો તે વ્યવહાર નયનું કથન છે.[1]

૩ જે દ્રવ્યની જે પરિણુતિ હોય તેને તેની જ કહેવી એ નિશ્ચય નય છે અને એને જ અન્ય દ્રવ્યની કહેવાવાળો તે વ્યવહાર નય છે.[2]

૪ વ્યવહારનય સ્વદ્રવ્ય–પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે તથા નિશ્ચય નય તેને જ યથાવત નિરૂપણ કરે છે, કોઈને કોઈમાં મેળવતો નથી.[3]

તેથી નિશ્ચયનય સત્યાર્થ છે અને વ્યવહારનય અસત્યાર્થ છે.

સમયસાર ગાથા ૧૧ અને એની ટીકામાં તથા પુરુષાર્થસિદ્ધયુપાય શ્લોક ૫ માં સ્પષ્ટપણે કહ્યું છે:—

નિશ્ચય નય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; કારણકે તે વસ્તુના સત્ય (શુદ્ધ) સ્વરૂપનું ઉદ્‌ઘાટન કરે છે. વ્યવહાર નય અભૂતાર્થ છે, અસત્યાર્થ છે; કારણકે તે વસ્તુના અસત્ય (સંયોગી, અશુદ્ધ) સ્વરૂપનું કથન કરે છે. જેમકે—જીવ અને દેહ એક છે, આ કથન વ્યવહાર નયનું છે અને જીવ અને દેહ એક નથી, ભિન્ન ભિન્ન છે, આ કથન નિશ્ચય નયનું છે.[4] અહીં જીવ અને શરીરનો સંયોગ દેખીને એને એક કહેવામાં આવેલ છે, તેથી આ કથન વ્યવહાર

---

1 મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૨૪૯

2 મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૨૫૦

3 મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૨૫૧

4 ववहारणयो भासदि जीवो देहो य हवदि खलु इक्को ।
ण दु णिच्छयस्स जीवो देहो य कदावि एक्कट्ठो ॥
—समयसार, गाथा २७.

જીવોને પરમાર્થ સમજાવવા માટે કરવામાં આવ્યું છે.[1]

જે પ્રમાણે મ્લેચ્છને મ્લેચ્છ ભાષા વિના સમજાવવો સંભવિત નથી, તે જ પ્રમાણે વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ સંભવિત નથી, તેથી જિનવાણીમાં વ્યવહારનું કથન આવ્યું છે. મ્લેચ્છને સમજાવવા માટે ભલે મ્લેચ્છ ભાષાનો આશ્રય લેવો પડે પરંતુ મ્લેચ્છ થઈ જવું એ તો ઠીક નથી, તે જ પ્રમાણે નિશ્ચયનો પ્રતિપાદક હોવાથી ભલે વ્યવહારથી કથન કરવામાં આવે, પરંતુ તેનું અનુકરણ કરવું એ તો ઠીક નથી.[2]

આશ્રય લેવો આવશ્યક છે. તેથી વ્યવહારનય તો માત્ર જાણવા (સમજવા) માટે પ્રયોજનવાન છે.

વ્યવહારનય માત્ર બીજાઓને જ સમજાવવા માટે ઉપયોગી છે એમ નથી, પરંતુ જ્યાં લગી પોતે નિશ્ચયનય વડે કહેલી વસ્તુને ઓળખી ન શકે ત્યાં લગી વ્યવહાર વડે વસ્તુને સમજવામાં પોતાને પણ ઉપયોગી છે. વ્યવહારને ઉપચાર-માત્ર માનીને એના દ્વારા મૂળભૂત વસ્તુનો નિર્ણય કરવો તે ઉપયોગી છે. વ્યવહારને નિશ્ચયની સમાન સત્ય સમજી લેવો યોગ્ય નથી.[1]

ઉપરોક્ત નયવાદ શુદ્ધાત્મતત્ત્વની સમજ વા પ્રતિપાદનના કાળમાં જ ઉપયોગી છે, અનુભૂતિના કાળમાં નહીં. કહ્યું પણ છે:—

तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्ति मग्गेण ।
णो आहारण समये पच्चक्खो अणुहवो जम्हा[2] ॥

તત્ત્વના અન્વેષણ કાળે જ આત્મા યુક્તિમાર્ગ વડે અર્થાત્ નિશ્ચય-વ્યવહાર નયો વડે જાણવામાં આવે, પરંતુ આત્માના આરાધન સમયે તે વિકલ્પો હોતા નથી; કારણ કે તે સમયે તો આત્મા સ્વયં પ્રત્યક્ષ જ છે.

સર્વ નયપક્ષ હેય જ છે, કારણ કે વસ્તુસ્વરૂપ પક્ષાતિક્રાન્ત છે. સમયસારમાં કહ્યું છે:—

कम्मं बद्धमबद्धं जीवे एवं तु जाण णयपक्खं ।
पक्खातिक्कंतो पुण भण्णदि जो सो समयसारो[3] ॥

વ્યવહાર નય કહે છે કે જીવ કર્મોથી બંધાયેલો છે, પરંતુ નિશ્ચય નય કહે છે કે બંધાયેલો નથી. આ બંને નયોનો પક્ષ છે અને જે પક્ષાતિક્રાન્ત છે તે સમયસાર છે.

---

૧ મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૨૫૩.

૨ નયચક્ર, ગાથા ૨૬૮.

૩ સમયસાર, ગાથા ૧૪૨.

આની ટીકામાં લખ્યું છે કે સર્વ નયપક્ષને છોડનાર જ વિકલ્પોને છોડે છે અને તે જ સમયસારનો અનુભવ કરે છે.

અહીં આ વાત બહુ સાવધાનીપૂર્વક સમજવા જેવી છે કે અહીં નયોનો પક્ષ છોડાવ્યો છે, નિશ્ચયનયનો વિષયભૂત અર્થ નહીં. વ્યવહાર નયનો માત્ર પક્ષ જ નહીં, વિષયભૂત અર્થ પણ છોડવા યોગ્ય છે; પરંતુ નિશ્ચયનયનો માત્ર પક્ષ છોડવાનો છે, એના વિષયભૂત અર્થને તો ગ્રહણ કરવાનો છે.

સમયસાર કલશ ૧૨૨ દ્વારા પણ એની પુષ્ટિ થાય છે:—

इदमेवात्र तात्पर्यं हेयः शुद्धनयो न हि ।
नास्ति बंधस्तदत्यागात्तत्त्यागाद् बंध एव हि ॥

અહીં આ તાત્પર્ય છે કે શુદ્ધનય ત્યાગવા યોગ્ય નથી, કારણ કે એના અત્યાગથી બંધ થતો નથી અને એના ત્યાગથી બંધ થાય છે.

નયચક્રમાં નિશ્ચયનયને પૂજ્યતમ સિદ્ધ કરતાં લખ્યું છે:—

નિશ્ચયનય એકત્વને પ્રાપ્ત કરાવી જ્ઞાનરૂપી ચૈતન્યમાં સ્થાપિત કરે છે. પરમાનંદ ઉત્પન્ન કરીને વીતરાગ બનાવે છે. આટલું કામ કરીને તે પોતે નિવૃત્ત થઈ જાય છે. આ પ્રમાણે તે જીવને નયપક્ષથી અતીત કરી દે છે. આ કારણે તે પૂજ્યતમ છે.[૧]

વસ્તુસ્વરૂપના સત્યાર્થજ્ઞાન માટે એ આવશ્યક છે કે આપણે નિશ્ચયનયના કથનને સત્યાર્થ જાણી એનું શ્રદ્ધાન કરવું અને વ્યવહારનય દ્વારા કરવામાં આવેલ કથનને પ્રયોજનવશ કરેલું ઉપચરિત કથન જાણીને તેનું શ્રદ્ધાન છોડવું.[૨]

જો કોઈ એમ કહે કે તો જૈનશાસ્ત્રોમાં બેઉ નયોના ગ્રહણની વાત કેમ કહી છે? આ પ્રશ્નનો ઉત્તર દેતાં પંડિતપ્રવર ટોડરમલજીએ મોક્ષમાર્ગ-પ્રકાશકમાં લખ્યું છે:—

---

૧ નયચક્ર, [illegible], પાનું ૩૨.
૨ [illegible], પાનું [illegible].

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ માટે એકમાત્ર આત્માને જાણવો-અનુભવવો આવશ્યક છે, બાકી તો બધું જ્ઞાનનું સહજ જ્ઞેય થઈ જાય છે.

આથી આત્માર્થીએ સૌ પ્રથમ આ બધાનું સ્વરૂપ સમજીને એના વડે આત્મતત્ત્વનો વિકલ્પમાં નિર્ણય કરવો. તે પછી તે આત્મતત્ત્વમાં જ સમાઈ જવું, એ જ આને જાણવાનો સાર છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની સાર્થકતા આત્મસ્વરૂપમાં સમાઈ જવામાં છે. આત્મસ્વરૂપમાં સમાઈ જવું એ જ સમ્યક્ચારિત્ર છે.

સમ્યક્ચારિત્ર

સમ્યક્ચારિત્રનું મોક્ષમાર્ગમાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જેને ધારણ કર્યા વિના તીર્થંકર પણ સિદ્ધ થઈ શકતા નથી અને જેના અભાવે સર્વ રાગી જીવો સંસારમાં ભટકી રહ્યા છે તથા જન્મ-મરણનાં દુઃખ ઉઠાવી રહ્યા છે,[1] તે ચારિત્ર જ સાક્ષાત્ ધર્મ છે. મોહ-રાગ-દ્વેષ આદિ વિકારી પરિણામોથી રહિત આત્માના પરિણામ જ સામ્યભાવ છે અને તે જ ચારિત્ર છે.[2]

ઉક્ત ચારિત્રની પ્રાપ્તિ આત્મ-સ્વરૂપમાં લીનતા, સ્થિરતા અને રમણતા વડે થાય છે.[3] વસ્તુતઃ આત્મ-સ્વરૂપમાં રમવું એ જ ચારિત્ર છે. વસ્તુનો સ્વભાવ હોવાથી તે જ ધર્મ છે.[4] સમતા, મધ્યસ્થતા,

---

૧ જિસ બિના નહિં જિનરાજ સીઝે, તૂ રુલ્યો જગ કીચમેં
—દશલક્ષણ પૂજન (સંયમનો છંદ)

૨ चारित्तं खलु धम्मो धम्मो जो सो समो त्ति णिदिट्ठो ।
मोहक्खोह विहीणो परिणामो अप्पणो हु समो ॥
—પ્રવચનસાર, ગાથા ૭.

૩ આપ રૂપમેં લીન રહે થિર; સમ્યક્ચારિત સોઈ.
—છહઢાલા, ત્રીજી ઢાલ, છંદ ૨.

૪ स्वरूपे चरणं चारित्रं......तदेव वस्तुस्वभावत्वाद्धर्मः ।
—પ્રવચનસાર, ગાથા ૭ ની ટીકા.

શુદ્ધોપયોગ, વીતરાગતા, ચારિત્ર, ધર્મ અને સ્વભાવની આરાધના —એ બધા એકાર્થવાચી છે.[1]

ચારિત્રની આગળ સમ્યક્‌પદનો પ્રયોગ અજ્ઞાનપૂર્વક આચરણની નિવૃત્તિ માટે છે.[2] કારણ કે—

न हि सम्यग्व्यपदेशं चरित्रमज्ञानपूर्वकं लभते ।
ज्ञानानन्तरमुक्तं चारित्राराधनं तस्मात्[3] ॥

અજ્ઞાનપૂર્વક ધારણ કરેલું ચારિત્ર સમ્યગ્ચારિત્ર કહેવાતું નથી. તેથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પછી જ ચારિત્રની આરાધના કરવી એમ કહેવામાં આવ્યું છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર કાંઈપણ કાર્યકારી હોતું નથી; બલ્કે જે પ્રમાણે આંધળા પુરુષનું દોડવું એના પતનનું કારણ થાય છે તે જ પ્રમાણે અજ્ઞાનપૂર્વક આચરેલું ચારિત્ર એના પતનનું કારણ થાય છે.[4] એટલે જ કહ્યું છેઃ—

સમ્યક્‌જ્ઞાની હોય, બહુરિ દૃઢ ચારિત લીજે[5] ।

तत्रादौ सम्यक्त्वं समुपाश्रयणीयमखिल यत्नेन ।
तस्मिन् सत्येव यतो भवति ज्ञानं चरित्रं च[6] ॥

સર્વ પ્રથમ સંપૂર્ણ પ્રયત્નપૂર્વક સમ્યક્‌ત્વની ઉપાસના કરવી જોઈએ, કારણકે તે હોતાં જ જ્ઞાન અને ચારિત્ર સમ્યક્ થાય છે.

---

૧ (ક) નયચક્ર, ગાથા ૩૫૭ (ખ) જૈનધર્મ-સાર, પાનું ૫૨.

૨ अज्ञानपूर्वकाचरणनिर्वृत्त्यर्थं सम्यग्विशेषणम् ।
—સર્વાર્થસિદ્ધિ, અ. ૧, સૂત્ર ૧.

૩ પુરુષાર્થસિદ્ધયુપાય, શ્લોક ૩૮.

૪ चारित्रं दर्शनज्ञानविकलं नार्थकृन्मतम् ।
प्रपातायैव तद्धि स्यात् अन्धस्येव विवल्गितम् ॥
—મહાપુરાણ, સર્ગ ૨૪, શ્લોક ૧૨૨.

૫ છઢાલા, ચોથી ઢાલ, છંદ ૧૦.

૬ પુરુષાર્થસિદ્ધયુપાય, શ્લોક ૨૧.

બધાં અસત્ય, ચોરી વગેરે હિંસા જ છે–ભેદ કરીને તો માત્ર શિષ્યોને સમજાવ્યું છે.

જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહમાં હિંસાની પરિભાષા ઘટિત થાય છે; કારણ કે પ્રમાદ (કષાય)ના યોગ વિના અસત્ય વચન, ચોરી વગેરે કાર્ય સંભવિત નથી અને એનાથી પ્રાણોનું પીડન પણ થાય જ છે.

અંતરંગ અને બહિરંગના ભેદથી પરિગ્રહ બે પ્રકારનો છે. અંતરંગ પરિગ્રહ ચૌદ અને બહિરંગ દશ પ્રકારનો માનવામાં આવેલ છે. આ પ્રમાણે કુલ પરિગ્રહ ચોવીસ પ્રકારનો છે.

અંતરંગ પરિગ્રહના ચૌદ ભેદ છે—મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ તથા હાસ્ય આદિ નવ નોકષાય. આ પ્રમાણે અંતરંગ પરિગ્રહ કષાય અર્થાત્ મોહ–રાગ–દ્વેષરૂપ હોવાથી હિંસારૂપ જ છે, કારણ કે રાગ–દ્વેષ–મોહની ઉત્પત્તિનું નામ જ હિંસા છે, એ સિદ્ધ કરવામાં આવ્યું છે.

ધન–ધાન્યાદિ દશ પ્રકારના બાહ્ય પરિગ્રહનો સંગ્રહ પણ રાગાદિ વિના સંભવિત નથી, તથા પ્રાણીઓના પ્રાણોના પીડન વિના પણ અસંભવિત હોવાથી હિંસા જ છે.

તેથી જેમાં બધી પાપ-પ્રણાલીઓ ગર્ભિત છે એવી હિંસા જ સૌથી મોટો અધર્મ છે અને જેમાં સર્વ ધર્મ ગર્ભિત છે એવી અહિંસા જ પરમ ધર્મ છે. આ જ કારણે જૈનાચારના મૂળમાં સર્વત્ર અહિંસા વિદ્યમાન છે. જેમાં હિંસા ન હોય અથવા અશક્ય અનુષ્ઠાન હોવાથી ભૂમિકા અનુસાર ઓછામાં ઓછી હિંસા હોય એ આધાર પર જૈનાચરણ નિશ્ચિત થયેલું છે.

રાત્રિભોજનનો ત્યાગ, પાણી ગાળીને કામમાં લેવું, મદ્ય, માંસ, મધ અને પાંચ ઉદમ્બર ફળોના સેવનનો નિષેધ, અભક્ષ્ય ભક્ષણનો પરિહાર, ત્યાં લગી કે ગુપ્તિ, સમિતિ વગેરે બધામાં અહિંસા તલમાં તેલની જેમ વ્યાપ્ત છે.

શુદ્ધોપયોગ-પરિણતિને ધારણ કરે છે—ટકાવી રાખે છે ત્યારે, જે વિરોધી શક્તિ વિનાનું હોવાને લીધે પોતાનું કાર્ય કરવાને સમર્થ છે એવા ચારિત્રવાળો હોવાથી, સાક્ષાત્ મોક્ષને પામે છે; અને જ્યારે તે ધર્મપરિણત સ્વભાવવાળો હોવા છતાં પણ શુભોપયોગ પરિણતિ સાથે જોડાય છે ત્યારે, જે વિરોધી શક્તિ સહિત હોવાને લીધે સ્વકાર્ય કરવામાં અસમર્થ છે અને કથંચિત્ વિરુદ્ધ કાર્ય કરનારું છે એવા ચારિત્રવાળો હોવાથી, જેમ અગ્નિથી ગરમ થયેલું ઘી કોઈ પુરુષ ઉપર છાંટવામાં આવે તો તે પુરુષ દાહદુઃખને પામે છે તેમ તે સ્વર્ગસુખના બંધને જ પામે છે; આથી શુદ્ધોપયોગ ઉપાદેય છે અને શુભોપયોગ હેય છે."[1]

આ સંદર્ભમાં પંચાધ્યાયીકારનું નીચેનું મંતવ્ય દ્રષ્ટવ્ય છે:—

> रूढेः शुभोपयोगोऽपि ख्यातश्चारित्रसंज्ञया ।
> स्वार्थक्रियामकुर्वाणः सार्थनामा न निश्चयात् ॥ ७५९ ॥
>
> किन्तु बन्धस्य हेतुः स्यादर्थात्तत्प्रत्यनीकवत् ।
> नासौ वरं वरं यः स नापकारोपकारकृत् ॥ ७६० ॥
>
> विरुद्धकार्यकारित्वं नास्यासिद्धं विचारसात् ।
> बन्धस्यैकान्ततो हेतोः शुद्धादन्यत्र सम्भवात् ॥ ७६१ ॥
>
> नोह्यं प्रज्ञापराधत्वान्निर्जराहेतुरञ्जसा ।
> अस्ति नाबन्धहेतुर्वा शुभो नाप्यशुभावहः ॥ ७६२ ॥
>
> कर्मादानक्रियारोधः स्वरूपाचरणं च यत् ।
> धर्मः शुद्धोपयोगः स्यात् सैष चारित्रसंज्ञकः[2] ॥ ७६३ ॥

જોકે રૂઢિ વડે શુભોપયોગ પણ ચારિત્ર નામથી પ્રસિદ્ધ છે, પરંતુ તે પોતાની અર્થક્રિયા કરવામાં અસમર્થ છે તેથી તે નિશ્ચયથી સાર્થક નામવાળું નથી.

---

૧ પ્રવચનસાર, ગાથા ૧૧ ની ટીકા.

૨ પંચાધ્યાયી, શ્લોક ૭૫૯–૭૬૩.

પરંતુ તે અશુભોપયોગની જેમ વાસ્તવમાં બંધનું કારણ છે, તેથી તે શ્રેષ્ઠ નથી. શ્રેષ્ઠ તો તે છે જે ન તો અપકાર કરે છે અને ન ઉપકાર કરે છે.

શુભોપયોગ વિરુદ્ધ કાર્યકારી છે, આ વાત વિચાર કરતાં અસિદ્ધ પણ પ્રતીત નથી થતી; કારણકે શુભોપયોગ એકાંતે બંધનું કારણ હોવાથી તે શુદ્ધોપયોગના અભાવમાં જ હોય છે.

બુદ્ધિના દોષથી એવી તર્કણા પણ નહીં કરવી જોઈએ કે શુભોપયોગ એકદેશ નિર્જરાનું કારણ છે, કારણકે ન તો શુભોપયોગ જ બંધના અભાવનું કારણ છે અને ન અશુભોપયોગ જ.

કર્મોને ગ્રહણ કરવાની ક્રિયાનું રોકાઈ જવું એ જ સ્વરૂપાચરણ છે, તે જ ધર્મ છે, તે જ શુદ્ધોપયોગ છે અને તે જ ચારિત્ર છે.

અણુવ્રત અને મહાવ્રત શુભભાવરૂપ છે, એથી એને વ્યવહારથી ચારિત્ર કહેવાય છે. વાસ્તવિક ચારિત્ર તો વીતરાગભાવરૂપ જ છે. આ સંદર્ભમાં પંડિત ટોડરમલજીએ લખ્યું છે :—

"વળી હિંસાદિક સાવદ્યયોગના ત્યાગને ચારિત્ર માને છે, ત્યાં મહાવ્રતાદિરૂપ શુભોપયોગને ઉપાદેયપણાથી ગ્રાહ્ય માને છે, પરંતુ તત્ત્વાર્થ-સૂત્રમાં આસ્રવ પદાર્થનું નિરૂપણ કરતાં મહાવ્રત-અણુવ્રતને પણ આસ્રવરૂપ કહ્યાં છે તો તે ઉપાદેય કેવી રીતે હોય? તથા આસ્રવ તો બંધનો સાધક છે અને ચારિત્ર મોક્ષનું સાધક છે, તેથી એ મહાવ્રતાદિરૂપ આસ્રવભાવોને ચારિત્રપણું સંભવતું નથી; પરંતુ સર્વ કષાયરહિત ઉદાસીનભાવ છે તેનું જ નામ ચારિત્ર છે. ચારિત્રમોહના દેશઘાતી સ્પર્ધકોના ઉદયથી જે મહામંદ પ્રશસ્ત રાગ થાય છે તે ચારિત્રનો મળ છે. એને નહીં છૂટતો જાણીને તેનો ત્યાગ કરતા નથી, સાવદ્યયોગનો જ ત્યાગ કરે છે પરંતુ જેમ કોઈ પુરુષ કંદમૂળાદિ બહુ દોષવાળી હરિતકાયનો ત્યાગ કરે છે તથા કોઈ હરિતકાયને આહાર કરે છે, પણ તેને ધર્મ માનતો નથી; તેમ મુનિ

હિંસાદિ તીવ્રકષાયરૂપ ભાવોનો ત્યાગ કરે છે તથા કોઈ મંદકષાયરૂપ મહાવ્રતાદિને પાળે છે પરંતુ તેને મોક્ષમાર્ગ માનતા નથી.

પ્રશ્ન :—જો એ પ્રમાણે છે તો ચારિત્રના તેર ભેદોમાં એ મહાવ્રતાદિને કેમ કહ્યાં છે?

સમાધાન :—ત્યાં તેને વ્યવહારચારિત્ર કહ્યું છે, અને વ્યવહાર નામ ઉપચારનું છે. એ મહાવ્રતાદિક હોતાં જ વીતરાગચારિત્ર થાય છે—એવો સંબંધ જાણી મહાવ્રતાદિકમાં ચારિત્રનો ઉપચાર કર્યો છે, પણ નિશ્ચયથી તો નિઃકષાયભાવ છે તે જ સાચું ચારિત્ર છે.[1] ”

મૂલાચારમાં લખ્યું છે :—

अकसायं तु चरित्तं कसायवसिओ असंजवो होदि ।
उवसमदि जम्हि काले तक्काले संजवो होदि [2] ॥

અકષાયભાવને ચારિત્ર કહે છે. કષાયને વશ થનારો ભાવ અસંયત છે. જ્યારે કષાયનો અભાવ થાય ત્યારે સંયત થાય છે.

આચાર્ય પૂજ્યપાદે તો સમાધિશતકમાં ત્યાં લગી લખ્યું છે :—

अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयोर्व्ययः ।
अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत् ॥ ८३ ॥

હિંસાદિ પાંચ અવ્રતોથી પાપનો અને અહિંસાદિ પાંચ વ્રતોથી પુણ્યનો બંધ થાય છે. પુણ્ય અને પાપ—એ બેઉ કર્મોનો વિનાશ એ મોક્ષ છે, એથી મોક્ષાર્થીએ અવ્રતોની જેમ વ્રતોને પણ છોડી દેવાં જોઈએ.

વ્રતોને અવ્રતોની જેમ છોડવાના ઉપદેશમાં ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે અવ્રત અને વ્રત બેઉ છોડવા યોગ્ય છે અને સમાનરૂપથી છોડવા યોગ્ય છે. અહીં બેઉ બાજુ સીમા નિશ્ચિત કરી છે. પ્રથમ એ છે કે કોઈ એમ ન માને કે અવ્રત કાંઈ અધિક હેય છે

---

૧ મોક્ષમાર્ગ પ્રકાશક, પાનું ૨૨૯–૩૦.
૨ મૂલાચાર, ગાથા ૯૮૨.

અને વ્રત કાંઈ થોડાં હેય છે. હેયપણાની દૃષ્ટિએ બેઉ સમાન છે. બીજી એ છે કે વ્રત છોડીને અવ્રતમાં જવાનું નથી, પરંતુ વ્રત-અવ્રતથી ભિન્ન જે વીતરાગ ભાવ છે, એમાં જવાનું છે; કેમકે ઉપદેશ તો ઊંચે ચઢવા માટે આપવામાં આવે છે, નીચે પડવા માટે નહીં. વ્રતોને છોડી અવ્રતોમાં જાય તો એથીય વધારે ભૂરું થાય.

આથી જેઓને સંસારનાં દુઃખોથી મુક્ત થવું હોય, વા જેઓને પોતાનો સર્વ પ્રકારે ઉદય કરવો હોય અર્થાત્ સંપૂર્ણ સુખી થવું હોય, તેમણે જેમ બને તેમ, મરી-કરીને પણ સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત કરીને વીતરાગ ચારિત્ર ધારણ કરવું જોઈએ. સંસાર-દુઃખોથી છૂટવાનો એકમાત્ર આ જ ઉપાય છે, એમાં જ સૌનો ઉદય છે; તેથી એ જ સર્વોદય તીર્થ છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ત્રણેની એકતારૂપ મોક્ષમાર્ગના સારને આચાર્યકલ્પ પંડિતપ્રવર ટોડરમલજીના નીચે લખેલા શબ્દોમાં સમેટતાં વિરામ લઈએ :—

"તેથી ઘણું શું કહીએ! જેમ રાગાદિક મટાડવાનું શ્રદ્ધાન થાય તે જ શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે, જેમ રાગાદિક મટાડવાનું જાણવું થાય તે જ જાણવું સમ્યગ્જ્ઞાન છે તથા જેમ રાગાદિક મટે તે જ આચરણ સમ્યક્ચારિત્ર છે. આવો જ મોક્ષમાર્ગ માનવો યોગ્ય છે.[1]"

આ કહેલા મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થવાથી જ સર્વનો ઉદય અથવા સર્વોદય સંભવિત છે.



ઉપસંહાર

જોકે ભગવાન મહાવીરની વાણીમાં શાશ્વત સત્યનું જ ઉદ્દ્ઘાટન
યું છે, તેમ છતાં એમની વાણીમાં જે તત્ત્વો પ્રગટ થયાં છે, તેમાં
ાજની સમસ્યાઓનું સમાધાન પણ વિદ્યમાન છે. વસ્તુતઃ સમસ્યા
માત્ર એક જ છે અને તે એ છે કે આપણે સૌ સુખી કેવી
તે થઈએ ? સુખ મેળવવું અને દુઃખ દૂર કરવું–એ જ એકમાત્ર
ર્ય છે. આ સમસ્યા માત્ર વર્તમાન કાળની જ નથી, પરંતુ સર્વકાળ
ને સર્વક્ષેત્રની છે.

આથી ત્રૈકાલિક સમસ્યાઓ અને વર્તમાનકાલીન સમસ્યાઓમાં
ઈ વિશેષ ફરક નથી; તેથી એમના સમાધાનમાં પણ કોઈ મૂળભૂત
ક હોઈ શકતો નથી.

સંપૂર્ણ વિશ્વમાં સુખ અને શાન્તિ કેવી રીતે થાય ? એ જ
આજની મુખ્ય સમસ્યા છે.

હવા, પાણી અને ભોજન વગેરેનું જે મહત્ત્વ આપણા જીવનમાં
એનાથી જરાય ઓછું મહત્ત્વ ધર્મ, ધાર્મિક આસ્થા અને ધાર્મિક
દર્શોનું નથી; પણ આપણે હવા, પાણી અને ભોજન વગેરેની
ટલી આવશ્યકતા અને ઉપયોગિતાનો અનુભવ કરીએ છીએ તેટલી
ર્મ અને ધાર્મિક આદર્શોની નહીં.

સર્વ પ્રાણીઓ સુખ ઇચ્છે છે અને દુઃખથી ડરે છે. તે માટે
ંતર પ્રયત્ન પણ કરે છે; પરંતુ વાસ્તવિક સુખ શું છે ? અને
ી થવાનો સાચો માર્ગ કયો છે ? એ નહીં જાણવાને લીધે એમના
ત્નો સફળ થતા નથી.

હવા, પાણી અને ભોજન આદિ ભૌતિક જરૂરિયાતોની પૂર્તિ
ી શકે છે; પણ દુઃખનાં કારણ ભૌતિક જગતમાં નહીં પણ
નસિક જગતમાં વિદ્યમાન છે. જ્યાં લગી અંતરમાં મોહ–રાગ–
ની જ્વાળા જલતી રહે ત્યાં લગી સંપૂર્ણ સુખી થવું સંભવિત

નથી. મોહ–રાગ–દ્વેષની જ્વાળા શાન્ત થાય એ માટે ધર્મ, ધાર્મિક આસ્થા અને ધાર્મિક આદર્શોનો અનુપ્રેરિત જ્ઞાન હોવું અત્યંત આવશ્યક છે.

ધાર્મિક આદર્શો પણ એવા હોવા જોઈએ જેનો સંબંધ જીવનની વાસ્તવિકતાઓ સાથે હોય. જે આદર્શ વ્યાવહારિક જીવનમાં સફળતાપૂર્વક ન ઊતરી શકે, જેનો સફળ પ્રયોગ દૈનિક જીવનમાં સંભવિત ન હોય, એ આદર્શ કલ્પના-લોકનાં સુંદર સ્વપ્ન તો બની શકે છે, પરંતુ જીવનમાં તેમની ઉપયોગિતા અને ઉપાદેયતા સંદિગ્ધ જ રહે.

વ્યાવહારિક જીવનની કસોટી પર જ્યારે આપણે તીર્થંકર ભગવાન મહાવીરના આદર્શોને કસીએ છીએ તો તે સંપૂર્ણપણે સાચા પડે છે. આપણે એ સ્પષ્ટ અનુભવ કરીએ છીએ કે એમના આદર્શ કલ્પના-લોકની ઊંચી ઉડાન નથી, તે સંપૂર્ણ ધરાતલ પર પ્રયોગ-સિદ્ધ સિદ્ધાન્ત છે અને એનું પાલન વ્યાવહારિક જીવનમાં માત્ર સંભવિત છે એટલું જ નહીં, તે જીવનને સુખી, શાન્ત અને સમૃદ્ધ બનાવવા માટે પૂર્ણ સફળ અને સહજ સાધન છે.

ભગવાન મહાવીરે પ્રતિપાદન કરેલ વસ્તુ–સ્વરૂપનો દાર્શનિક અને સૈદ્ધાંતિક પક્ષ તથા આંતરિક આચરણનું વિશ્લેષણ બીજા ખંડમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. અહીં બાહ્ય વ્યાવહારિક પક્ષ પર સંક્ષેપમાં વિચાર કરવો અસંગત નહિ ગણાય.

જીવનને પવિત્ર, સચ્ચારિત્રવાન અને સુખી બનાવવા માટે તીર્થંકર મહાવીરે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ–એ પાંચ મહાન આદર્શ લોકની સામે રાખ્યા.

વ્યાવહારિક જીવનમાં એના સફળ પ્રયોગ માટે એમણે સાધુ અને સામાન્યજનો (શ્રાવકો) ને લક્ષ્યમાં રાખી એ આદર્શો મહાવ્રત અને અણુવ્રતના સ્વરૂપમાં પ્રસ્તુત કર્યા.

આ આદર્શોને સંપૂર્ણપણે જીવનમાં ઉતારનાર સાધુ અને શક્તિ અને યોગ્યતા અનુસાર યથાશક્ય ઉતારનાર શ્રાવક કહેવાય છે. શક્તિ અને યોગ્યતાની વિવિધતાને લક્ષમાં રાખીને શ્રાવકોની અગિયાર કક્ષા નક્કી કરેલી છે જેને અગિયાર પ્રતિમાઓ કહેવામાં આવે છે.

જૈનાચારના આધ્યાત્મિક પક્ષને સૈદ્ધાંતિક રૂપમાં ચરણાનુયોગના શાસ્ત્રોથી અને પ્રયોગાત્મક રૂપમાં જૈન પુરાણોના અનુશીલનથી સારી રીતે જાણી શકાય છે.

આખું વિશ્વ બે ધારાઓમાં વહેંચાયેલું છે, એક ભૌતિક અને બીજી આધ્યાત્મિક. ભૌતિક ધારાપ્રવાહ પૂર્ણ સ્વચ્છંદતા તરફ અગ્રેસર છે, જેની ચરમ પરિણતિ વડે સમગ્ર વિશ્વ ત્રાસિત છે. આધ્યાત્મિક જ્યોતિ પણ પોતાની ક્ષીણતમ અવસ્થામાં ટમટમી રહી છે.

બેઉની સ્થિતિ શું છે એના બદલે બેઉની પરિણતિ કેવી છે —એનો નિર્ણય અધિક મહત્ત્વ રાખે છે. કયી ધારા તેજ છે અને કયી મંદ—એ પ્રશ્ન મહત્ત્વનો નથી. પ્રશ્ન તો એ છે કે બેઉની પ્રકૃતિ શું છે?

ભૌતિક ધારા ભોગમય ધારા છે. અસીમ અને અનંત ભોગ એ જ એનું લક્ષ્ય છે. આધ્યાત્મિક ધારા ત્યાગમય છે, અને સર્વ 'પર'નો ત્યાગ અને આત્મનિષ્ઠતા એ જ એનું સર્વસ્વ છે; એથી બેઉ એકદમ પરસ્પર વિરુદ્ધ માર્ગાનુગામિની છે.

એક કહે છે કે ભોગ અને આનંદમાં સીમા કેવી! સીમાની બાધામાં રહેતાં તૃપ્તિ ક્યાં, તથા તૃપ્તિ વિના આનંદ કેવો! બીજી કહે છે કે ભોગમાં આનંદ કેવો! આનંદ તો આત્માની વસ્તુ છે; તેથી આનંદ પ્રાપ્ત કરવાના માર્ગમાં ભોગનું કાંઈ સ્થાન નથી.

તાત્પર્ય એ છે કે ભૌતિક ધારાને ભોગમાં જરા પણ મર્યાદાનો સ્વીકાર નથી તથા આધ્યાત્મિક ધારાને ભોગની રંચમાત્ર પણ ઉપસ્થિતિ સ્વીકાર્ય નથી. એક નિરંકુશ ભોગ ઇચ્છે છે, બીજી અણુ-

માત્ર પણ ભોગ સ્વીકારતી નથી. એકનો સ્વામી ઉન્મુક્ત ભોગી અને બીજાનો સ્વામી પૂર્ણ વિરાગી યોગી છે.

પરસ્પર વિરુદ્ધ માર્ગાનુગામિની આ બંને ધારાઓનું અદ્ભુત સંમેલન એનું નામ જ શ્રાવક-ધર્મની સ્થિતિ છે. શ્રાવક ભોગોનો પૂર્ણ ત્યાગી નહીં હોવા છતાં એમની મર્યાદા અવશ્ય સ્થાપિત કરે છે. શ્રાવક-ધર્મ યોગપક્ષ અને ભોગપક્ષની અસ્થાયી સમજૂતી જેવો છે, જેની ધારામાં પાંચ અણુવ્રત અને સાત શીલવ્રત છે.

ભોગ પક્ષ કહે છે—પોતાની સુખ (ભોગ) સામગ્રીની પ્રાપ્તિ માટે ગમે તેટલી હિંસા કરવી પડે તો કરવી જોઈએ. ત્યારે યોગ (અધ્યાત્મ) પક્ષ કહે છે—હિંસા વડે પ્રાપ્ત થતો ભોગ અમારે જોઈએ જ નહીં, અથવા ભોગ સ્વયં હિંસા છે તેથી અમારે તેની આવશ્યકતા જ નથી. સુખ અમારી અંદર છે, એને બહાર શોધવાની આવશ્યકતા નથી.

ત્યારે એક સમજૂતી થાય છે કે ભાઈ, એ સાચું છે કે આપણે ભોગોની આવશ્યકતા નથી, પરંતુ વર્તમાન કમજોરીને કારણે જે ભૌતિક અનિવાર્ય ભોજન-પાનાદિની આવશ્યકતા છે, તે પૂરી કરવા માટે કાંઈક સામગ્રી તો જોઈએ જ. આ પ્રકારે ભોગોની અનંત ઇચ્છાઓ તો કદીય પૂર્ણ થઈ શકતી નથી, અને અમર્યાદિત ભોગોને ભોગવવા માટે હિંસાની અનુમતિ તો આપી શકાય નહીં. તેથી ગૃહસ્થ-જીવન માટે અનિવાર્ય આવશ્યક આરંભી, ઉદ્યોગી અને વિરોધી હિંસા અને હિંસાભાવ સિવાય બાકી હિંસા અને હિંસાભાવનો સંપૂર્ણપણે ત્યાગ કરવો જોઈએ. આનું નામ અહિંસાણુવ્રત છે.

હિંસા ચાર પ્રકારની કહી છે :—

(૧) [illegible] હિંસા, (૨) ઉદ્યોગી હિંસા,

(૩) [illegible] હિંસા, (૪) વિરોધી હિંસા.

[illegible]

પૂર્વક કરવામાં આવેલ પ્રાણઘાત સંકલ્પી હિંસા છે. વેપાર વગેરે કાર્યોમાં તથા ગૃહસ્થનાં આરંભાદિ કાર્યોમાં સાવધાનીથી પ્રવર્તવા છતાં જે હિંસા થઈ જાય છે તે ઉદ્યોગી અને આરંભી હિંસા છે. પોતે તથા પોતાનો પરિવાર, ધર્માયતન, સમાજ, દેશ, આદિ પર કરવામાં આવેલ આક્રમણથી બચવા માટે અનિચ્છાપૂર્વક કરવામાં આવેલ હિંસા વિરોધી હિંસા છે.

ઉપરોક્ત ચાર પ્રકારની હિંસાઓમાંથી એક સંકલ્પી હિંસાનો તો શ્રાવક સર્વથા ત્યાગી હોય છે, પરંતુ બાકીની ત્રણ પ્રકારની હિંસા એના જીવનમાં વિદ્યમાન રહે છે.

જોકે તે એનાથી પણ બચવા પૂરેપૂરો પ્રયત્ન કરે છે, આરંભ અને ઉદ્યોગમાં પણ પૂરેપૂરી સાવધાની રાખે છે; તેમ છતાં તે આરંભી, ઉદ્યોગી અને વિરોધી હિંસાથી સંપૂર્ણપણે બચી રહે એ સંભવિત નથી. જોકે આ હિંસા તેના જીવનમાં વિદ્યમાન રહે છે, પરંતુ તે તેને ઉપાદેય માનતો નથી, વિધેય પણ માનતો નથી.

આ જ પ્રમાણે સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહના સંબંધમાં પણ જાણવું. ગાર્હસ્થ્યને ન્યાયપૂર્વક ચલાવવા માટે જો કોઈ અનિવાર્ય સૂક્ષ્મ અસત્ય વચનનો આશ્રય લેવો પડે તો જુદી વાત છે, અન્યથા સ્થૂળ રૂપથી સઘળું અસત્ય વચન બોલવાનો અને બોલવાનો ભાવ—એનો ત્યાગ હોવો એ જ સત્યાણુવ્રત છે.

જેનો કોઈ સ્વામી ન હોય એવાં માટી અને પાણી સિવાય અન્ય કોઈ પણ પદાર્થ એના લૌકિક માલિકની અનુમતિ વિના ગ્રહણ ન કરવો વા ગ્રહણ કરવાનો ભાવ ન થવો—એ અચૌર્યાણુવ્રત છે.

ધર્માનુકૂળ વિવાહિત સ્વપત્ની અથવા સ્વપતિ સિવાય અન્યમાં રતિભાવ વા વિષય-સેવનનો ભાવ ન થવો—એ જ બ્રહ્મચર્યાણુવ્રત છે.

આ પ્રમાણે વર્તમાનમાં અતિ આવશ્યક એવી સામગ્રીને મર્યાદાપૂર્વક રાખીને અન્ય સમસ્ત પરિગ્રહ રાખવાનો અને રાખવાના ભાવનો ત્યાગ કરવો એ જ પરિગ્રહ-પરિમાણ અણુવ્રત છે.

અહિંસા

'અહિંસક સમાજ તરફ' [illegible] અહિંસાનો [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કે અહિંસા પાળવા માગે છે. પણ સવાલ એ છે કે અહિંસા શું છે? સાધારણ ભાષામાં અહિંસા શબ્દનો અર્થ થાય છે હિંસા ન કરવી તે. પરંતુ જ્યારે પણ હિંસા અહિંસાની વાતો આવે છે ત્યારે આપણું ધ્યાન ઘણું ખરું જીવ જંતુઓને બચાવ, નાનામોટા પ્રાણીઓની રક્ષા કરવી વગેરે તરફ જ જાય છે. હિંસા-અહિંસાનો સંબંધ ઘણું ખરું જીવજંતુ સાથે જ જોડવામાં આવે છે. જીવજંતુઓની હિંસા ન કરવી, બસ એ જ અહિંસા છે, એવો જ સામાજિક વિશ્વાસ છે; પરંતુ આ એકાંગી દૃષ્ટિકોણ છે.

અહીં સ્વાભાવિક પ્રશ્ન એ ઊઠે છે કે તો પછી શું જીવોનું મરવું, મારવું–એ હિંસા નથી અને એમની રક્ષા કરવી તે અહિંસા નથી? આ પ્રશ્નનો ઉત્તર આપતાં પહેલાં આપણે જીવન અને મરણના સ્વરૂપ પર વિચાર કરીએ.

'मरणं प्रकृतिर्शरीरिणाम्'—આ સૂત્ર અનુસાર એ એક સ્થાપિત સત્ય છે કે જે જન્મ લે છે તે કોઈ ને કોઈ દિવસે અવશ્ય મરે છે, શરીરધારી અમર નથી, સમય આવ્યે બીજા પ્રાણી વડે કાં તો તેને મારી નાખવામાં આવે છે વા સ્વયં મરી જાય છે.

જો મૃત્યુને હિંસા માનીએ તો કદી ય હિંસાની સમાપ્તિ નહીં થાય, અને જીવનનું નામ અહિંસા માનવું પડે. લોકમાં પણ યથાસમય બાહ્ય કારણ વિના થવાવાળા મૃત્યુને હિંસા કહેવામાં આવતી નથી અને સહજ જીવનને અહિંસા પણ કહેવામાં આવતી નથી. આ પ્રમાણે રેલ, ભૂકંપ વગેરે કુદરતી કારણોથી પણ હજારો પ્રાણીઓ મરી જાય છે, પરંતુ તેને પણ હિંસાની અંદર ગણવામાં આવતું નથી; તેથી મરવું તે હિંસા અને જીવન એ અહિંસા એમ તો નથી.

જ્યાં લગી મારવાની અને બચાવવાની વાત છે, એના સંબંધમાં સમયસારમાં સમાગત આચાર્ય કુંદકુંદનાં નિમ્નલિખિત કથનો પર ધ્યાન આપવું જોઈએ.

जो मण्णदि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं ।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ॥२४७॥
आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं ।
आउं ण हरेसि तुमं कह ते मरणं कयं तेसिं ॥२४८॥
आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं ।
आउं ण हरंति तुहं कह ते मरणं कयं तेहिं ॥२४९॥
जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं ।
सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ॥२५०॥

કહ્યું છે તું પર જીવોનું આયુકર્મ તો હરતો નથી, તો પછી
તેમનું મરણ કેવી રીતે કર્યું ?

જીવોનું મરણ આયુકર્મના ક્ષયથી થાય છે એમ જિનેન્દ્રદેવે
કહ્યું છે. પર જીવો તારા આયુકર્મને તો હરતા નથી, તો તેમ
તારું મરણ કેવી રીતે કર્યું ?

જે જીવ એમ માને છે કે હું પર જીવોને જીવાડું છું (ર
કરું છું) અને પર જીવ મને જીવાડે (રક્ષા કરે) છે; તે મૂઢ
અજ્ઞાની છે, અને એથી વિપરીત માનનાર જ્ઞાની છે.

જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવે કહ્યું
તું પર જીવોને આયુકર્મ તો દેતો નથી, તો તેં તેમનું જી
(રક્ષા) કેવી રીતે કર્યું ?

જીવ આયુકર્મના ઉદયથી જીવે છે એમ સર્વજ્ઞદેવે કહ્યું
પર જીવો તને આયુકર્મ તો દેતા નથી, તો તેમણે તારું જી
(રક્ષા) કેવી રીતે કર્યું ?

આ કથનનો સારાંશ આપતાં તેઓ અંતમાં લખે છે:—

जो मरइ जो य दुहिदो जायदि कम्मोदयेण सो सव्वो ।
तम्हा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा ॥२५७॥
जो ण मरदि ण य दुहिदो सो वि य कम्मोदयेण चेव खलु ।

જે મરે છે અને જે દુઃખી થાય છે તે બધું કર્મોદય વડે થાય
થી 'મેં માર્યો, મેં દુઃખી કર્યો' એવો તારો અભિપ્રાય શું
ર મિથ્યા નથી? અવશ્ય જ મિથ્યા છે. વળી જે નથી મરતો
નથી દુઃખી થતો તે પણ અનુક્રમે કર્મોના ઉદયથી જ થાય છે;
'મેં નથી માર્યો, મેં નથી દુઃખી કર્યો' એવો તારો અભિપ્રાય
ખરેખર મિથ્યા નથી? અવશ્ય જ મિથ્યા છે.

આ સંપૂર્ણ કથનને આચાર્ય અમૃતચંદ્રે બે કળશોમાં નીચે
ે અભિવ્યક્ત કર્યું છે :—

> सर्वं सदैव नियतं भवति स्वकीय-
> कर्मोदयान्मरणजीवितदुःखसौख्यम् ।
> अज्ञानमेतदिह यत्तु परः परस्य
> कुर्यात्पुमान्मरणजीवितदुःखसौख्यम् ॥
>
> अज्ञानमेतदधिगम्य परात्परस्य
> पश्यन्ति ये मरणजीवितदुःखसौख्यम् ।
> कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते
> मिथ्यादृशो नियतमात्महनो भवन्ति[1] ॥

આ જગતમાં જીવોને જીવન-મરણ, સુખ-દુઃખ—બધુંય
ર નિયમથી પોતાના કર્મોના ઉદયથી થાય છે. 'બીજો પુરુષ
ના જીવન-મરણ, સુખ-દુઃખ કરે છે' એમ માનવું તે તો
ાન છે.

આ અજ્ઞાનને પામીને જે પુરુષો પરનાં જીવન-મરણ, સુખ-
ના કર્તા પરને માને છે, તે પુરુષો—કે જેઓ એ રીતે અહંકાર-
થી કર્મો કરવાના ઇચ્છુક છે તેઓ—નિયમથી મિથ્યાદૃષ્ટિ છે અને
તાના આત્માનો ઘાત કરનારા છે.

આ કથનોના આધારે એ કહી શકાય કે જૈનાચાર્યોને એ
ાપિ સ્વીકાર્ય નથી કે કોઈ વ્યક્તિ કોઈ અન્ય વ્યક્તિને મારી

---

[1] સમયસાર કલશ, ૧૬૮–૧૬૯.

[illegible]

દ્રવ્યસ્વભાવથી આત્માની અમરતા અને પર્યાયના પરિવર્તનમાં પોતાના ઉપાદાન અને કર્મના ઉદયને નિમિત્ત [illegible] એક પ્રાણી વડે બીજા પ્રાણીનો [illegible] કરવાની વાતમાં કેટલી યથાર્થતા છે એ એક વિચારણીય વાત છે. તેથી એમ કહી શકાય કે નથી મરવાનું નામ હિંસા કે નથી મારવાનું નામ હિંસા, તે જ પ્રમાણે નથી જીવવાનું નામ અહિંસા કે નથી જીવાડવાનું નામ અહિંસા.

હિંસા–અહિંસાનો સંબંધ સીધો આત્મપરિણામો સાથે છે. એ બેઉ આત્માના જ વિકારી–અવિકારી પરિણામો છે. જડમાં એની ઉત્પત્તિ નથી હોતી. જો કોઈ પત્થર કોઈ પ્રાણી પર પડે અને તેથી એનું મરણ નીપજે તો પત્થરને હિંસા લાગતી નથી; પરંતુ કોઈ પ્રાણી કોઈને મારવાનો વિકલ્પ કરે તો તેને અવશ્ય હિંસા થાય, ભલે તે પ્રાણી મરે કે ન મરે. હિંસા–અહિંસા જડમાં હોતી નથી, જડને લીધે પણ હોતી નથી. એનાં ઉત્પત્તિસ્થાન અને કારણ બંને ચેતનમાં જ વિદ્યમાન છે. ચિદ્‌વિકાર હોવાને લીધે જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ-સંગ્રહના ભાવ પણ હિંસાનાં જ રૂપાંતરો છે. આચાર્ય અમૃતચંદ્રના શબ્દોમાં :—

आत्मपरिणाम हिंसनहेतुत्वात्सर्वमेव हिंसैतत् ।
अनृतवचनादि केवलमुदाहृतं शिष्यबोधाय[1] ॥

આત્માના શુદ્ધ પરિણામોનો ઘાત થતો હોવાથી જૂઠ, ચોરી આદિ સર્વ હિંસા જ છે; ભેદ પાડીને તો માત્ર શિષ્યોને સમજાવવા માટે કહ્યાં છે.

---

૧ પુરુષાર્થસિદ્ધ્યુપાય, શ્લોક ૪૨.

છે. પરંતુ આપણું લક્ષ્ય ઘણે ભાગે બાહ્ય હિંસા પર જ કેન્દ્રિત રહે છે, અંતરંગમાં થતી ભાવહિંસા તરફ જતું નથી, તેથી અહીં ખાસ કરીને અંતરંગમાં જે રાગાદિ ભાવરૂપ ભાવહિંસા થાય છે તે તરફ ધ્યાન ખેંચવામાં આવ્યું છે.

અહીં એ પ્રશ્ન થાય કે તીવ્ર રાગ તો હિંસા છે, પરંતુ મંદ-રાગને હિંસા કેમ કહો છો? પરંતુ જ્યારે રાગ હિંસા છે તો મંદ રાગ અહિંસા કેવી રીતે થઈ જાય, તે પણ રાગની જ એક અવસ્થા છે. એ વાત નક્કી છે કે મંદ રાગ મંદ હિંસા છે અને તીવ્ર રાગ તીવ્ર હિંસા છે. તેથી જો આપણે હિંસાનો પૂર્ણ ત્યાગ ન કરી શકીએ તો તેને મંદ તો કરવી જોઈએ. રાગ જેટલો ઘટે એટલો ભલો છે, પરંતુ એના સદ્ભાવને ધર્મ તો ન જ કહી શકાય. ધર્મ તો રાગ-દ્વેષ-મોહનો અભાવ જ છે, અને તે જ અહિંસા છે, જેને પરમ ધર્મ કહેવામાં આવે છે.

અહીં એક મહત્ત્વપૂર્ણ પ્રશ્ન થઈ શકે કે જ્યારે મારવાનો ભાવ હિંસા છે તો બચાવવાનો ભાવ અહિંસા હશે? અને શાસ્ત્રોમાં એને મારવાના ભાવની અપેક્ષાએ મંદકષાય વા શુભભાવરૂપ હોવાને લીધે વ્યવહારથી અહિંસા કહી પણ છે; પરંતુ નિશ્ચયથી એમ નથી, તથા આ જ વાતને તો જૈન દર્શનમાં સૂક્ષ્મતાથી સમજવાની છે. જૈન દર્શનનું કહેવું છે કે મારવાનો ભાવ તો હિંસા છે જ, પરંતુ બચાવવાનો ભાવ પણ નિશ્ચયથી હિંસા જ છે; કારણકે તે પણ રાગભાવ જ છે, અને રાગ તે ગમે તે પ્રકારનો હોય તોપણ હિંસા જ છે. આ પહેલાં હિંસાની પરિભાષામાં રાગની ઉત્પત્તિ માત્રને હિંસા બતાવી છે.

જોકે રક્ષા કરવાનો રાગ મારવાના રાગની અપેક્ષાએ પ્રશસ્ત છે તેમ છતાં છે તો રાગ જ. રાગ તો આગ છે. આગ ભલે લીમડાની હોય કે ચંદનની, તે બાળે જ. તે જ પ્રમાણે સર્વ પ્રકારનો રાગ હિંસારૂપ જ છે. અહિંસા તો વીતરાગ પરિણતિનું નામ છે, શુભાશુભ રાગનું નામ નહીં.

જોકે મારવાના ભાવથી પાપનો બંધ થાય છે અને બચાવવાના ભાવથી પુણ્યનો, તોપણ થાય છે તો બંધ જ; બંધનો અભાવ નહીં. ધર્મ તો બંધનો અભાવ કરનારો છે, તેથી બંધના કારણને ધર્મ કેવી રીતે કહી શકાય? તેથી વીતરાગભાવ જ અહિંસા છે, વસ્તુનો સ્વભાવ હોવાથી તે જ ધર્મ છે, અને મુક્તિનું કારણ પણ તે જ છે.

બચાવવાના ભાવને હિંસા કહેવામાં એક બીજું રહસ્ય અંતર્ગર્ભિત છે. તે એ છે કે જ્યારે કોઈ અજ્ઞાની જીવ કોઈ અન્ય જીવને વસ્તુતઃ મારી તો શકતો નથી, પરંતુ મારવાની બુદ્ધિ કરે છે ત્યારે તેની તે બુદ્ધિ તથ્યથી વિપરીત હોવાથી મિથ્યા છે; તે જ પ્રમાણે જ્યારે કોઈ જીવ કોઈને બચાવી તો શકતો નથી, પણ બચાવવાની બુદ્ધિ કરે છે, ત્યારે તેની આ બચાવવાની બુદ્ધિ પણ એનાથી ઓછી મિથ્યા નથી. મિથ્યા હોવામાં બંનેમાં સમાનતા છે.

મિથ્યાત્વ સૌથી મોટું પાપ છે. એ બંનેમાં સમાનતા છે. જેમ જીવનાં બચાવવાનો ભાવ પુણ્યનું કારણ છે અને ભાવ પાપનું કારણ છે. આ બંને પ્રકારના ભાવ જ્ઞાનીઓમાં પણ હોય છે; કેમકે તેમની શ્રદ્ધામાં તે હેય હોવા છતાં ચારિત્રની નબળાઈને લીધે તે આવ્યા વિના પણ

આ તથ્યને આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ

ઉપરાંત આ પ્રશ્ન ઊઠવો જ ન જોઈએ; બીજું ભૂમિકાનુસાર જ્ઞાની જીવોને પણ રક્ષા વગેરેના ભાવ હેયબુદ્ધિપૂર્વક આવ્યા વિના રહેતા નથી.

જ્ઞાની ગૃહસ્થોનાં જીવનમાં અહિંસા અને હિંસાનું શું સ્વરૂપ વિદ્યમાન હોય છે, એનું વિસ્તૃત વર્ણન જૈનાચાર ગ્રંથોમાં મળે છે, તથા તેના પ્રાયોગિક રૂપનાં દર્શન જૈન પુરાણોના પરિશીલન વડે કરી શકાય છે. અહીં એની વિસ્તૃત સમીક્ષા માટે અવકાશ નથી.

ગૃહસ્થ જીવનમાં વિદ્યમાન હિંસા અને અહિંસાને સ્પષ્ટ કરતાં જૈનાચાર્યોએ હિંસાનું વર્ગીકરણ ચાર રૂપોમાં કર્યું છે:—

૧. સંકલ્પી હિંસા ૨. ઉદ્યોગી હિંસા
૩. આરંભી હિંસા ૪. વિરોધી હિંસા

કેવળ નિર્દય પરિણામ જ જેમાં હેતુ છે એવા સંકલ્પ (ઇરાદા) પૂર્વક કરવામાં આવેલ પ્રાણઘાત તે સંકલ્પી હિંસા છે. વેપાર વગેરે કાર્યોમાં તથા ગૃહસ્થનાં આરંભાદિ કાર્યોમાં સાવધાનીથી વર્તવા છતાં જે હિંસા થઈ જાય છે તે ઉદ્યોગી અને આરંભી હિંસા છે. પોતે તથા પોતાનો પરિવાર, ધર્માયતન, સમાજ, દેશ વગેરે પર કરવામાં આવેલ આક્રમણથી બચવા માટે અનિચ્છાપૂર્વક કરવામાં આવેલી હિંસા વિરોધી હિંસા છે. આ ચાર પ્રકારની હિંસાઓમાંથી એક સંકલ્પી હિંસાનો તો શ્રાવક સર્વથા ત્યાગી હોય છે, પરંતુ બાકી ત્રણ પ્રકારની હિંસા એના જીવનમાં વિદ્યમાન રહે છે. જોકે તે એનાથી પણ બચવા પૂરેપૂરો પ્રયત્ન કરે છે, આરંભ અને ઉદ્યોગમાં પણ પૂરેપૂરી સાવધાની રાખે છે; તેમ છતાં તે આરંભી, ઉદ્યોગી અને વિરોધી હિંસાથી સંપૂર્ણપણે બચવા પામે એ સંભવિત નથી.

જોકે આ હિંસા તેના જીવનમાં વિદ્યમાન રહે છે, પણ તે એને ઉપાદેય માનતો નથી, વિધેય પણ માનતો નથી. મોક્ષમાર્ગના પથિકનું વ્યક્તિત્વ એ પ્રકારનું હોય છે. તેની શ્રદ્ધા તો પૂર્ણ અહિંસક હોય છે અને જીવન ભૂમિકાનુસાર.

૧૫. છઢાલા : પંડિત દૌલતરામ.
૧૬. જૈનદર્શન : ડૉ. મહેન્દ્રકુમાર ન્યાયાચાર્ય; શ્રી ગણેશપ્રસાદ વ
જૈન ગ્રંથમાલા, ૧/૧૨૮, ડુમરાવબાગ-બસતિ, અસ્સી, વારાણસી
૧૭. જૈનધર્મ : પં. કૈલાશચંદ્ર શાસ્ત્રી; ભારતવર્ષીય દિગંબર જૈન સ
ચૌરાશી, મથુરા.
૧૮. જૈનધર્મકા મૌલિક ઇતિહાસ (તીર્થંકર ખંડ) : આચાર્ય હસ્તી
જૈન ઇતિહાસ સમિતિ, લાલ ભવન, ચૌડા રાસ્તા, જયપુર-૩.
૧૯. જૈન ન્યાય : પં. કૈલાશચંદ્ર શાસ્ત્રી; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દિ
૨૦. જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા : પં. ગોપાલદાસજી બરૈયા; શા.
સિદ્ધાન્ત પ્રકાશિની સંસ્થા, શાન્તિ-વીરનગર, શ્રી મહાવીરજી.
૨૧. જૈનેન્દ્ર સિદ્ધાન્ત કોષ, ભાગ-૧, ૨, ૩, ૪ : શ્રી જિનેન્દ્ર વ
ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દિલ્હી.
૨૨. તત્ત્વાર્થ સૂત્ર : આચાર્ય ઉમાસ્વામી
૨૩. તિલોયપણ્ણત્તિ : યતિ વૃષભાચાર્ય; જીવરાજ ગ્રંથમાલા, શોલા
૨૪. તીર્થંકર વર્ધમાન : મુનિ વિદ્યાનંદ; વીર નિર્વાણ પ્રકાશન સમિ
ઇન્દોર.
૨૫. [illegible] : કવિવર દ્યાનતરાય.
૨૬. [illegible] : આચાર્ય નેમિચન્દ્ર સિદ્ધાન્ત ચક્રવર્તી.
૨૭. [illegible] : આચાર્ય કુંદકુંદ.
૨૮. [illegible] ([illegible]) : આચાર્ય વીરસેન, જૈન સાહિત્યોદ્ધા
[illegible]
૨૯. [illegible], ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દિલ્હી
૩૦. [illegible]
૩૧. [illegible]
૩૨. [illegible]
[illegible]

૩૪. પંચાધ્યાયી : પં. રાજમલ; શ્રી ગણેશપ્રસાદ વર્ણી જૈન ગ્રંથમાલા, વારાણસી.
૩૫. પંચાસ્તિકાય સંગ્રહ : આચાર્ય કુંદકુંદ.
૩૬. પ્રવચનસાર : આચાર્ય કુંદકુંદ.
૩૭. પુરુષાર્થસિદ્ધ્યુપાય : આચાર્ય અમૃતચંદ્ર.
૩૮. બૃહત્ નયચક્ર : દેવસેનાચાર્ય; માણિકચંદ ગ્રંથમાલા, મુંબઈ.
૩૯. ભક્તિ-પાઠ સંગ્રહ : પાટની દિ. જૈન ગ્રંથમાલા, મારોઠ (રાજસ્થાન).
૪૦. ભગવતી આરાધના : આચાર્ય શિવકોટિ; રાવજી સખારામ દોશી, સોલાપુર.
૪૧. મહાપુરાણ : આચાર્ય જિનસેન; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દિલ્હી.
૪૨. મહાવીર જયન્તી સ્મારિકા ૧૯૬૪ અને ૧૯૬૮ : રાજસ્થાન જૈન સભા, ઘી વાળા રસ્તો, જયપુર-૩.
૪૩. માલતી માધવ : મહા કવિ ભવભૂતિ.
૪૪. મૂલાચાર : અનન્તકીર્તિ ગ્રંથમાલા, મુંબઈ.
૪૫. મોક્ષમાર્ગ પ્રકાશક : પં. ટોડરમલ; શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ, (સૌરાષ્ટ્ર).
૪૬. મોક્ષમાર્ગ પ્રકાશક : પં. ટોડરમલ; સસ્તી ગ્રંથમાલા, દિલ્હી.
૪૭. યુક્ત્યનુશાસન : આચાર્ય સમંતભદ્ર; વીર સેવા મંદિર, દરિયાગંજ, દિલ્હી.
૪૮. યોગસાર : આચાર્ય અમિતગતિ; જૈન સિદ્ધાંત પ્રકાશિની સંસ્થા, કલકત્તા.
૪૯. યોગસાર : આચાર્ય યોગીન્દુદેવ; શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ.
૫૦. રત્નકરંડ શ્રાવકાચાર : આચાર્ય સમન્તભદ્ર.
૫૧. રયણસાર : આચાર્ય કુંદકુંદ.
૫૨. રાજવાર્તિક : આચાર્ય અકલંકદેવ; ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશન, દિલ્હી.
૫૩. રામચરિત માનસ : મહાકવિ ગોસ્વામી તુલસીદાસજી.

૫૪. લઘીયસ્ત્રય ટીકા : આચાર્ય અકલંકદેવ.
૫૫. વીતરાગ-વિજ્ઞાન પ્રશિક્ષણ નિર્દેશિકા : ડૉ. હુકમચંદ ભારિલ્લ; પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ, એ-૪, બાપૂનગર, જયપુર-૪.
૫૬. શ્લોકવાર્તિક : આચાર્ય વિદ્યાનન્દિ; આ. કુંથુસાગર ગ્રંથમાલા, સોલાપુર.
૫૭. શ્રીમદ્ ભાગવત :
૫૮. સમયસાર : આચાર્ય કુંદકુંદ.
૫૯. સમયસાર કલશ : આચાર્ય અમૃતચંદ.
૬૦. સમ્યગ્દર્શન : પં. [illegible] શાસ્ત્રી; શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી મહાવીર પૂજન

સ્થાપના

જો મોહ માયા માન મત્સર, મદન મર્દન વીર હૈં,
જો વિપુલ વિઘ્નોં બીચ મેં ભી, ધ્યાન ધારણ ધીર હૈં.
જો તરણ-તારણ ભવ-નિવારણ, ભવ-જલધિ કે તીર હૈં,
વે વંદનીય જિનેશ, તીર્થંકર સ્વયં મહાવીર હૈં.

ૐ હ્રીં શ્રી મહાવીર જિન! અત્ર અવતર અવતર સંવૌષટ્,
ૐ હ્રીં શ્રી મહાવીર જિન! અત્ર તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ,
ૐ હ્રીં શ્રી મહાવીર જિન! અત્ર મમ સન્નિહિતો ભવ-ભવ વષટ્.

જલ

જિનકે ગુણોં કા સ્તવન પાવન કરન અમ્લાન હૈ,
મલ હરન નિર્મલ કરન ભાગીરથી નીર સમાન હૈ.
સંતપ્ત-માનસ શાન્ત હોં જિનકે ગુણોંકે ગાન મેં,
વે વર્ધમાન મહાન જિન વિચરેં હમારે ધ્યાન મેં.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય જન્મ-જરા-મૃત્યુ વિનાશનાય જલં નિર્વપામીતિ સ્વાહા.

ચંદન

લિપટે રહેં વિષધર તદપિ ચંદન વિટપ નિર્વિષ રહેં,
ત્યોં શાન્ત શીતલ હી રહો રિપુ વિઘન કિતને હી કરેં.
સંતપ્ત-માનસ શાન્ત હોં જિનકે ગુણોંકે ગાન મેં,
વે વર્ધમાન મહાન જિન વિચરેં હમારે ધ્યાન મેં.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય સંસારતાપવિનાશનાય ચંદન નિર્વપામીતિ સ્વાહા.

स्तवन

[illegible] जिन [illegible] से.

[illegible] से.

[illegible] से जिनके [illegible] मे.

[illegible] जिन [illegible] मे.

[illegible]

ધૂપ

જો કર્મ-ઈંધન દહન પાવક પુંજ પવન સમાન હૈ,
જો હૈ અમેય પ્રમેય પૂરણ જ્ઞેય-જ્ઞાતા-જ્ઞાન હૈ.
સંતપ્ત-માનસ શાન્ત હોં જિનકે ગુણોં કે ગાન મેં,
વે વર્ધમાન મહાન જિન વિચરેં હમારે ધ્યાન મેં.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય અષ્ટકર્મદહનાય ધૂપમ્ નિર્વપામીતિ સ્વાહા.

ફલ

સારા જગત ફલ ભોગતા નિત પુણ્ય એવં પાપ કા,
સબ ત્યાગ સમરસ નિરત જિનવર સફલ જીવન આપકા.
સંતપ્ત-માનસ શાન્ત હોં જિનકે ગુણોં કે ગાન મેં,
વે વર્ધમાન મહાન જિન વિચરેં હમારે ધ્યાન મેં.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય મોક્ષફલપ્રાપ્તયે ફલમ્ નિર્વપામીતિ સ્વાહા.

અર્ઘ

ઇસ અર્ઘ કા ક્યા મૂલ્ય હૈ અનર્ઘ પદ કે સામને,
ઉસ પરમ-પદ કો પા લિયા, હે પતિતપાવન આપને.
સંતપ્ત-માનસ શાન્ત હોં જિનકે ગુણોં કે ગાન મેં,
વે વર્ધમાન મહાન જિન વિચરેં હમારે ધ્યાન મેં.

ૐ હ્રીં શ્રી મહાવીરજિનેન્દ્રાય અનર્ઘપદપ્રાપ્તયે અર્ઘમ્ નિર્વપામીતિ સ્વાહા.

પંચકલ્યાણક અર્ઘ

સિત છટ્ઠી આસાઢ, મા ત્રિશલા કે ગર્ભ મેં,
અંતિમ ગર્ભાવાસ, યહી જાન પ્રણમૂં પ્રભો.

ૐ હ્રીં આષાઢશુક્લાષષ્ઠ્યાં ગર્ભમંગલમંડિતાય શ્રીમહાવીરજિનેન્દ્રાય અર્ઘમ્ નિ૦

षट् द्रव्य ઔર ઉનકે વિશેષ, તુમ જાનત હો પ્રભુવર અશેષ,
સર્વજ્ઞ-વીતરાગી જિનેશ, જો તુમ કો પહિચાને વિશેષ.
વે પહિચાનેં અપના સ્વભાવ, વે કરેં મોહ-રિપુકા અભાવ,
વે પ્રગટ કરેં નિજ-પર વિવેક, વે ધ્યાવેં નિજ શુદ્ધાત્મ એક.
નિજ આતમ મેં હી રહેં લીન, ચારિત્રમોહ કો કરેં ક્ષીન,
ઉનકા હો જાવે ક્ષીણ રાગ, વે ભી હો જાવેં વીતરાગ.
જો હુએ આજ તક અરીહંત, સબને અપનાયા યહી પંથ,
ઉપદેશ દિયા ઇસ હી પ્રકાર, હો સબકો મેરા નમસ્કાર.
જો તુમકો નહિં જાને જિનેશ, વે પાવેં ભવ-ભવ ભ્રમણ ક્લેશ,
વે માંગે તુમસે ધન–સમાજ, વૈભવ પુત્રાદિક રાજ-કાજ.
જિનકો તુમ ત્યાગે તુચ્છ જાન, વે ઉન્હેં માનતે હૈં મહાન,
ઉનમેં હી નિશદિન રહેં લીન, વે પુણ્ય-પાપ મેં હી પ્રવીન.
પ્રભુ પુણ્ય-પાપસે પાર આપ, બિન પહિચાને પાવેં સંતાપ,
સંતાપહરણ સુખકરણ સાર, શુદ્ધાત્મસ્વરૂપી સમયસાર.
તુમ સમયસાર હમ સમયસાર, સમ્પૂર્ણ આત્મા સમયસાર,
જો પહિચાનેં અપના સ્વરૂપ, વે હો જાવેં પરમાત્મરૂપ.
ઉનકો ના કોઈ રહે ચાહ, વે અપના લેવેં મોક્ષ રાહ,
વે કરેં આત્મા કો પ્રસિદ્ધ, વે અલ્પકાલ મેં હોય સિદ્ધ.

ૐ હ્રીં શ્રીમહાવીરજિનેન્દ્રાય અનર્ઘપદપ્રાપ્તયે જયમાલાર્ઘ્યમ્ નિર્વ-
પામીતિ સ્વાહા.

ભૂતકાલ પ્રભુ આપકા, વહ મેરા વર્તમાન,
વર્તમાન જો આપકા, વહ ભવિષ્ય મમ જાન.

પુષ્પાંજલિં ક્ષિપેત્

૪	૧૪	[illegible]	[illegible]
૧[illegible]	૧	તેનાં	તેનું
૧૫	૧૫	[illegible]	[illegible]
૨૧	[illegible]	[illegible]	[illegible]
૨૨	૧૬	[illegible]	તીર્થંકર
૩૯	૩	સંપાદની	સંપાદાની
૫૨	૧૪	વળી	રોકી
૮૭	૨૧	મૂળથી	મુખ્યરૂપે
૮૯	૧–૨	ભલી પ્રકાર	ભલે પ્રકારે
૯૪	૨૩	तंजाणइ	तं जाणइ
૧૦૩	૧૨	ચર્ચા	ચર્યા
૧૩૮	૮	मूल	मूल है
૧૪૪	૨૦	આનષ્ટ	અનિષ્ટ
૧૫૯	૧૮	तदर्थष्टि	तदर्थदृष्टि
૧૬૧	૧૨	आहारण	आराहण



—: શુદ્ધિ-પત્રક :—

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૪	૧૪	કરણે	કારણે
૧૦	૫	જોનું	તેનું
૧૫	૧૫	જોઈ એ	જોઈને
૨૧	૯	કર્યું	કર્યો
૨૨	૧૬	તર્થંકર	તીર્થંકર
૩૯	૩	સંપાદની	સંપદાની
૫૨	૧૪	વહી	રોકી
૮૭	૨૧	મૂળથી	મુખ્યરૂપે
૮૯	૧-૨	ભલી પ્રકાર	ભલે પ્રકારે
૯૪	૨૩	तंजाणइ	तं जाणइ
૧૦૩	૧૨	ચર્ચા	ચર્ચા
૧૩૮	૮	मूल	मूल है
૧૪૪	૨૦	આનષ્ટ	અનિષ્ટ
૧૫૯	૧૮	तदर्थष्टि	तदर्थदृष्टि
૧૬૧	૧૨	आहारण	आराहण

